# પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 19-07-2026 • Sunday • Samvat : 2082 • Ashadha Sud-05 • Vol : 97 • No. : 196 • Page : 08 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57


# દેશના પ્રથમ ખાનગી રોકેટ "વિક્રમ-૧" નું શ્રીહરિકોટાથી લોન્ચ

શ્રીહરિકોટા, તા.૧૮

ભારતની ખાનગી સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસે આજે એક મોટી ઉપલબ્ધિ મેળવી છે. કંપનીનું વિક્રમ-૧ રોકેટ શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી સફળતાપૂર્વક લોન્ચ થયું. આ ભારતના પ્રાઈવેટ સેક્ટરનું પહેલું ઓર્બિટલ રોકેટ લોન્ચિંગમાંથી એક છે, જેણે આખા દેશને ગર્વની અનુભૂતિ કરવાની તક આપી છે.

નિર્ધારિત સમય ૧૧.૩૦ કરતા થોડું મોડું ૧૨.૦૫ કલાકે વિક્રમ-૧ને લોન્ચ કરાયું. રોકેટે નિર્ધારિત સમય પર તમામ તબક્કા પસાર કર્યા. ઉપગ્રહને યોગ્ય ઓર્બિટમાં સ્થાપિત કર્યા. ઈસરોના વૈજ્ઞાનિકોએ આ સમગ્ર પ્રક્રિયાને મોનિટર કરી. આ મિશનનું નામ આગમન રાખવામાં આવ્યું છે.

આ લોન્ચ ફક્ત સ્કાયરૂટ માટે જ નહીં પરંતુ ભારતના આખા પ્રાઈવેટ સેક્ટર માટે એક મોટી તક છે. વર્ષ ૨૦૨૦માં સરકારે સ્પેસ સેક્ટરમાં મોટા ફેરફાર કર્યા હતા. ત્યારબાદ ખાનગી કંપનીઓને પણ રોકેટ, સેટેલાઈટ, અને લોન્ચ સર્વિસ પર કામ કરવાની મંજૂરી મળી.

સ્કાયરૂટ આ અગાઉ ૨૦૨૨માં વિક્રમ-એસ નામનું સબ ઓર્બિટલ રોકેટ પણ લોન્ચ કરી ચૂકી છે. પરંતુ તે મિશનમાં સેટેલાઈટને ઓર્બિટમાં મોકલાયો નહતો. આ વખતે લક્ષ્ય અલગ હતું. વિક્રમ-૧ અનેક ગ્રાહકોના નાના સેટેલાઈટને પૃથ્વીથી લગભગ ૪૫૦ કિમીની ઊંચાઈએ લો અર્થ ઓર્બિટમાં પહોંચાડશે. આ ત્રણ ડેવલપમેન્ટ મિશનોમાં પહેલું મિશન હશે. ત્યારબાદ રોકેટને નિયમિત કોમર્શિયલ લોન્ચ માટે તૈયાર કરાશે. સબ ઓર્બિટલ અને ઓર્બિટલ રોકેટમાં મોટો ફરક હોય છે. સબ ઓર્બિટલ રોકેટ અંતરીક્ષ સુધી જઈને પાછું ફરે છે. પરંતુ ઓર્બિટલ રોકેટ સેટેલાઈટને એટલી તેજ રફતાર આપે છે કે તે પૃથ્વીની ઓર્બિટમાં ઘૂમતું રહે છે. જો વિક્રમ-૧ સફળ રહ્યું તો પહેલીવાર કોઈ ભારતીય પ્રાઈવેટ કંપનીનું રોકેટ આ કામ કરશે.

વિક્રમ-૧ ચાર તબક્કાવાળું રોકેટ છે. પહેલાના ત્રણ તબક્કામાં ઠોસ ઈંધણનો ઉપયોગ કરાયો હતો. ચોથા તબક્કામાં લિકવિડ ફ્યૂલ એન્જિન લાગેલું છે જેને જરૂર પડ્યે ફરીથી ચાલુ કરી શકાય છે. તેનાથી




સેટેલાઈટને તેની નિર્ધારિત ઓર્બિટમાં વધુ યોગ્ય જગ્યા પર પહોંચાડવામાં મદદ મળે છે. આ રોકેટ ખાસ કરીને નાના સેટેલાઈટ લોન્ચ કરવા માટે બનાવવામાં આવ્યું છે. સ્કાયરૂટ એરોસ્પેસની શરૂઆત ૨૦૧૮માં ઈસરોના પૂર્વ એન્જિનિયર પવનકુમાર ચંદાના અને નાગા ભરત ડાકાએ કરી હતી. ૨૦૨૦માં સ્પેસ સેક્ટર ખુલ્યા બાદ કંપનીએ ઓર્બિટલ રોકેટ બનાવવા પર ઝડપથી કામ કર્યું. હવે વિક્રમ-૧ તે સફરનો મહત્વનો પડાવ છે.

મિશનની સફળતાથી ભારતના પ્રાઈવેટ સ્પેસ સેક્ટરને મોટી મજબૂતી મળશે અને ભવિષ્યમાં દેશથી મોટા કોમર્શિયલ સેટેલાઈટ લોન્ચ થઈ શકશે. આ લોન્ચ પર સમગ્ર દેશની નજર હતી. કારણ કે તે ભારતના પ્રાઈવેટ સ્પેસ સેક્ટરની અત્યાર સુધીમાં સૌથી મોટી પરીક્ષા ગણાઈ રહી હતી. સબ-ઓર્બિટલ અને ઓર્બિટલ રોકેટ વચ્ચે મોટો તફાવત હોય છે. સબ-ઓર્બિટલ રોકેટ માત્ર અવકાશની સરહદ સુધી પહોંચીને પૃથ્વી પર પાછું ફરે છે. જ્યારે ઓર્બિટલ રોકેટ ઉપગ્રહ (સેટેલાઈટ)ને એટલી પ્રચંડ ગતિ અને વેગ આપે છે કે તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈને સતત ચક્કર લગાવતો રહે છે.

વિક્રમ-૧ની આ સફળતા સાથે જ, ભારતની કોઈ ખાનગી સ્પેસ કંપનીએ ઓર્બિટલ સેટેલાઈટ લોન્ચ કરવાની સિદ્ધિ મેળવી હોય તેવો આ પ્રથમ ઐતિહાસિક કિસ્સો બન્યો છે. સ્પેસ ક્ષેત્રે આ ઐતિહાસિક સિદ્ધિ બાદ વડાપ્રધાન મોદી ખુશ-ખુશ થઈ ગયા હતા અને તેમણે આ સફળ અભિયાનમાં સામેલ ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. પીએમ મોદીએ ટીમને સામેથી ફોન કર્યો હતો.

## સોનમ વાંગચુકને જંતર-મંતરથી હટાવવા પર કોંગ્રેસની પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા.૧૮

જંતર-મંતરથી સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકને હોસ્પિટલ લઈ જવાની કાર્યવાહી બાદ કોંગ્રેસ નેતા પવન ખેડાએ કેન્દ્ર સરકાર અને ગૃહ મંત્રાલય પર તીખો હુમલો કર્યો. તેમણે કહ્યું કે આપણા બંધારણે દરેક નાગરિકને પોતાની વાત રાખવાનો અને શાંતિપૂર્ણ વિરોધ કરવાનો અધિકાર આપ્યો છે. પરંતુ એવું લાગે છે કે ગૃહ મંત્રાલય આ અધિકારને ખતમ કરવા માંગે છે. દિલ્હી પોલીસ સીધી ગૃહ મંત્રાલય હેઠળ કામ કરે છે. ગૃહ મંત્રાલયે જ એક દિવસ પહેલા જૂના કમિશનરને હટાવીને દિલ્હીના નવા પોલીસ કમિશનરની નિમણૂક કરી હતી. જો તેમની પહેલી મોટી કાર્યવાહી શાંતિપૂર્ણ પ્રદર્શન પર કડકાઈ કરવાની હોય, તો આ ચિંતાની વાત છે. આનાથી લાગે છે કે સરકાર બંધારણ કરતાં રાજકીય આદેશોને વધુ મહત્વ આપી રહી છે.

તેમણે આગળ કહ્યું, "પહેલા મહિલા કુસ્તીબાજોના પ્રદર્શનમાં કાર્યવાહી થઈ, પછી પૂર્વ સૈનિકો સાથે પણ કડકાઈ કરવામાં આવી. હવે સોનમ વાંગચુક અને પ્રદર્શનકારીઓ સામે થયેલી કાર્યવાહીથી પણ એ જ સંદેશ મળે છે કે સરકાર શાંતિપૂર્ણ વિરોધને લોકતાંત્રિક અધિકાર નહીં, પરંતુ કાયદો અને વ્યવસ્થાની સમસ્યા માની રહી છે. આ દુઃખની વાત છે કે દુનિયાના સૌથી મોટા લોકતંત્રમાં લોકતાંત્રિક અધિકારોને આ રીતે દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે."

### અમેરિકાથી પણ મળ્યું સમર્થન, સરકારની મુશ્કેલી વધી

## સોનમ વાંગચુક મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીના જંતર-મંતર પર અનિશ્ચિત મુદ્દતની ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકના સમર્થનમાં હવે અમેરિકામાં પણ અવાજ ઉઠવા લાગ્યો છે. વોશિંગ્ટન ડીસીમાં શુક્રવારે બે અમેરિકન નાગરિક સંગઠનોએ પ્રદર્શન કરીને ભારત સરકાર પાસે કથિત NEET પરીક્ષા પેપર લીક પર તાત્કાલિક કાર્યવાહી કરવા અને પ્રદર્શનકારીઓ સાથે વાતચીત શરૂ કરવાની માંગ કરી.

હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ અને ધ આઝાદી પ્રોજેક્ટના કાર્યકરો ભારતીય દૂતાવાસ નજીક મહાત્મા ગાંધીની પ્રતિમા સામે એકઠા થયા હતા. પ્રદર્શનકારીઓએ સોનમ વાંગચુકના સમર્થનમાં પોસ્ટર ઉઠાવ્યા હતા અને શિક્ષણ પ્રણાલીમાં સુધારા, જવાબદારી નક્કી કરવા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી હતી.

પ્રદર્શન પહેલા હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક ખુલ્લો પત્ર પણ લખ્યો હતો. સંગઠને જણાવ્યું કે સરકારે પ્રદર્શનકારીઓ સાથે તાત્કાલિક વાતચીત કરવી જોઈએ, પરીક્ષા પ્રણાલીમાં સામે આવેલી ખામીઓ પર નક્કર જવાબ આપવો જોઈએ અને જવાબદારી નક્કી કરવા માટે સમયસર પ્રક્રિયા શરૂ કરવી જોઈએ.

સંગઠનના કાર્યકારી નિર્દેશક સુનિતા વિશ્વનાથે જણાવ્યું કે સરકારે હવે વધુ રાહ જોવી જોઈએ નહીં. તેમણે કહ્યું કે પ્રદર્શનકારીઓની માંગણીઓ પર ગંભીરતાથી વિચાર કરીને તાત્કાલિક સંવાદ શરૂ કરવામાં આવે, જેથી કોઈના જીવ પર સંકટ ન આવે. સંગઠને સોનમ વાંગચુક અને ભૂખ હડતાળ પર બેઠેલા વિદ્યાર્થીઓને પણ અપીલ કરી કે તેઓ પોતાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપે. પ્રદર્શનકારીઓનો અવાજ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ઘણા ભાગો સુધી પહોંચી ચૂક્યો છે અને પોતાની માંગણીઓ સાબિત કરવા માટે તેમણે પોતાનો જીવ જોખમમાં મૂકવાની જરૂર ન હોવી જોઈએ.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે આ વિરોધ પ્રદર્શન ઘણા મહત્ત્વના મુદ્દાઓ સાથે જોડાયેલું છે. જેમાં દ્વઈઈ પરીક્ષામાં ગેરરીતિ, વારંવાર પેપર લીક થવા, સરકારી ભરતી અને પ્રવેશ પરીક્ષાઓમાં પારદર્શિતાનો અભાવ અને માર્કશીટ તથા શૈક્ષણિક રૅકોર્ડની સત્યતા જેવા મુદ્દાઓ સામેલ છે. અરજી અનુસાર, પેપર લીક ઉપરાંત એવા કિસ્સાઓ પણ સામે આવ્યા છે જ્યાં એક વ્યક્તિ પરીક્ષા આપે છે જ્યારે અન્ય કોઈની ઉત્તરવહી તપાસવામાં આવે છે. આ મુદ્દાઓ સાથે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોડાયેલું છે અને તેથી જ તેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂરિયાત છે.

આ આંદોલનનું નેતૃત્વ સોનમ વાંગચુક કરી રહ્યા હતા અને તેઓ પોતે પણ ભૂખ હડતાળ પર બેઠા હતા. પોલીસે તેમને પ્રદર્શન સ્થળ પરથી હટાવી દીધા, જેના કારણે આંદોલન પોતાના મુખ્ય ચહેરા વિનાનું રહી ગયું. અરજીમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ પરીક્ષાઓ સાથે જોડાયેલી આ ગેરરીતિઓ પર પહેલા જાહેરમાં ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે.

અરજીકર્તાએ બંધારણની કલમ ૧૯ હેઠળ મળતા શાંતિપૂર્ણ પ્રદર્શનના અધિકારનો હવાલો આપતાં કહ્યું છે કે વહીવટીતંત્રે કોઈ પણ કાર્યવાહી કરતી વખતે નિષ્પક્ષ અને સંતુલિત વલણ અપનાવવું જોઈએ. સાથે જ કલમ ૨૧ હેઠળ જીવન અને સ્વાસ્થ્યની સુરક્ષાનો હવાલો આપતા એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે ભૂખ હડતાળ દરમિયાન જો કોઈની તબિયત બગડે છે, તો ત્યાં પૂરતી તબીબી સુવિધા ન હોવાને કારણે જીવનું જોખમ થઈ શકે છે.

### મહારાષ્ટ્રમાં માનવતાને શરમાવે તેવી ઘટના

## પતિ ટ્રેક્ટરનું ભાડું ન ચૂકવી શક્યો તો હેવાનોએ ખેતરમાં પત્ની પર કર્યો ગેંગરેપ

નાશિક, તા.૧૮

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં ગેંગરેપનો એક સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. જલગાંવ જિલ્લાના ફત્તેપુર ગામમાં એક મહિલાનો ગેંગરેપ થયો છે. તેના પતિએ ટ્રેક્ટરનું ભાડું નહોતું ભર્યું, જેથી હેવાનોએ તેની પત્નીનો ગેંગરેપ કર્યો હતો. ખરેખર, એક ૩૦ વર્ષીય મહિલા સાથે કથિત રીતે ગેંગરેપ કરવાના આરોપમાં ગુરુવારે ૪ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. આ ઘટના મહિલાના પતિ દ્વારા ટ્રેક્ટરનું ભાડું સમયસર ન ચૂકવવાના કારણે બની હતી.

અહેવાલ મુજબ, પોલીસમાં નોંધાયેલી ઈ-ફરિયાદ મુજબ કહેવામાં આવ્યું છે કે, મહિલાના પતિએ ખેતી માટે કેટલાક મહિના પહેલા એક ઓળખીતા પાસેથી ટ્રેક્ટર ભાડે લીધું હતું. કેટલાક અઠવાડિયા પહેલા એ ઓળખીતાએ કહ્યું હતું કે, છેલ્લા કેટલાક મહિનાનું ભાડું વધીને ૧ લાખ રૂપિયા થઈ ગયું છે. ત્યારબાદ તેણે ટ્રેક્ટરનું ભાડું જલદી ચૂકવવાનું કહ્યું હતું. જ્યારે ટ્રેક્ટરનું બાકી નીકળતું ભાડું સમયસર ન ચૂકવી શક્યા તો ટ્રેક્ટરનો માલિક તેમના ખેતરે પહોંચ્યો હતો અને કથિત રીતે મહિલાને કંઈક ખાવાનું આપ્યું હતું. એ ખાધા બાદ મહિલાની તબિયત બગડવા લાગી હતી. મહિલાનો આરોપ છે કે, ત્યારબાદ ટ્રેક્ટર માલિકે ત્રણ અન્ય લોકોને ખેતરે બોલાવ્યા અને ચારેય આરોપીઓએ મળીને મહિલા સાથે ગેંગરેપ કર્યો હતો. ઘટના સમયે તેનો પતિ બહાર ગયો હતો.

પીડિતાએ પોલીસને જણાવ્યું કે, આ ઘટના થોડા અઠવાડિયા પહેલાં બની હતી, પરંતુ આરોપીઓએ તેને અને તેના પરિવારને ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી, આ ડરના કારણે તેણે તરત પોલીસ ફરિયાદ નોંધાવી નહોતી. બાદમાં હિંમત કરીને મહિલાએ સમગ્ર ઘટનાની જાણકારી પોલીસને આપી હતી. ફરિયાદ મળ્યા બાદ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની સંબંધિત કલમો મુજબ ગુનો નોંધીને ચારેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે. હાલ પોલીસ સમગ્ર મામલે તપાસ કરી રહી છે.

### કુવૈત-જોર્ડન હચમચી ગયા

## અમેરિકા-ઈરાન વચ્ચે ભયાનક સ્તરે યુદ્ધ, હોર્મુઝમાં જહાજો પર હુમલા

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચેનો લશ્કરી સંઘર્ષ હવે અત્યંત ભયાનક અને વિનાશક સ્તરે પહોંચી ગયો છે. સમુદ્ર, આકાશ અને જમીન પર બંને દેશો સામસામે આવી ગયા છે. ઈરાને અમેરિકાનું કરોડો ડોલરનું ડ્રોન તોડી પાડવા ઉપરાંત જોર્ડન અને કુવૈતમાં આવેલા યુએસ સૈન્ય મથકો પર મિસાઈલમારો કર્યો હોવાનો દાવો કર્યો છે. બીજી તરફ, અમેરિકાએ વળતો પ્રહાર કરી ઈરાન પર ભીષણ એરસ્ટ્રાઈક શરૂ કરી દીધી છે.ઈરાની મીડિયા અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ ના અહેવાલો અનુસાર, ઈરાની સેનાએ બુશેહર પર ઉડી રહેલા અમેરિકાના અત્યાધુનિક MQ-9 રીપર ડ્રોનને તોડી પાડ્યું છે. આશરે ૩.૪ કરોડ ડૉલરની કિંમતનું આ ડ્રોન થોડી જ મિનિટોમાં હવામાં નાશ પામ્યું હોવાનો દાવો કર્યો છે.વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતો હોર્મુઝ સ્ટ્રેટનો દરિયાઈ માર્ગ હાલ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. IRGC નૌકાદળની ચેતવણીને અવગણીને આગળ વધેલા બે ઓઈલ ટેન્કરો ખાણ ક્ષેત્રમાં પ્રવેશતા જ ભયાનક વિસ્ફોટો સાથે સળગી ઉઠ્યા હતા. IRGCએ જાહેરાત કરી છે કે યુએસ સૈન્યની કાર્યવાહીના કારણે હોર્મુઝ સ્ટ્રેટ હવે અત્યંત અસુરક્ષિત છે અને તેને સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે. આ ઘટનાને પગલે વૈશ્વિક તેલ બજારમાં ભારે ગભરાટ ફેલાયો છે.ઈરાને અમેરિકાને ઘેરવા માટે તેના પાડોશી દેશોમાં આવેલા યુએસ સૈન્ય કેમ્પોને નિશાન બનાવ્યા છે. ઈરાની મીડિયાના મતે, અમેરિકાએ ડઝનબંધ એર ડિફેન્સ મિસાઈલો છોડી હોવા છતાં, ઈરાનની ઘાતક મિસાઈલો જોર્ડન સ્થિત 'મુવફ્ફક સાલ્ટી એર બેઝ' પર ત્રાટકી હતી, જ્યાં મોટી સંખ્યામાં અમેરિકી સૈનિકો તહેનાત છે. આ ઉપરાંત કુવૈતમાં આવેલા યુએસ કેમ્પો પર પણ હુમલા કરાયા છે.આ ભયાનક લશ્કરી સંઘર્ષને કારણે સમગ્ર પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) મહાયુદ્ધની આગમાં હોમાઈ ગયું છે અને સ્થિતિ પળેપળે વધુ ગંભીર બની રહી છે.

### ભારતીય સૈન્યનો જડબાતોડ જવાબ આપ્યો

## ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર LoC ઉપર ભારે ગોળીબાર

નવી દિલ્હી, તા.૧૮

જમ્મુ-કાશ્મીરમાં સતત બગડતી પરિસ્થિતિ અને જનતાના વિરોધ પ્રદર્શનથી દેશ અને દુનિયાનું ધ્યાન ભટકાવવા માટે પાકિસ્તાની સેનાએ ફરી એકવાર સરહદ પર ફરી એક નવો પેંતરો રચ્યો છે. શુક્રવારે મોડી રાત્રે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં લાઈન ઓફ કંટ્રોલ પર પાકિસ્તાન તરફથી ભારે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પણ આ ઉશ્કેરણીજનક ગોળીબારનો સામનો કરતા પાકિસ્તાનને તેની જ ભાષામાં જડબાતોડ જવાબ આપ્યો છે.મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે આશરે ૧૦થી ૧૧ વાગ્યાની આસપાસ રાજૌરી જિલ્લાના તરકુંડી ફોરવર્ડ એરિયામાં પાકિસ્તાની સેના દ્વારા નાના હથિયારોથી અચાનક ભારે ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. શરૂઆતમાં ભારતીય સેનાએ તેને માત્ર એક ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ ગણીને ભારે સંયમ જાળવ્યો હતો. પરંતુ જ્યારે સરહદ પારથી ફાયરિંગ વધુ તેજ થયું, ત્યારે ભારતીય જવાનોએ પણ મોરચો સંભાળી લીધો અને પાકિસ્તાની ચોકીઓ પર જોરદાર વળતો પ્રહાર કર્યો હતો. આ ગોળીબાર મોડી રાત સુધી અટકતા-અટકતા ચાલુ રહ્યો હતો.

જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોર્ડર પર તહેનાત ભારતીય જવાનોએ રાત્રિના સમયે સરહદ પારથી કેટલાક શંકાસ્પદ આતંકીઓની હિલચાલ જોઈ હતી. આતંકીઓ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની આશંકા જણાતા જ સેનાએ તાબડતોબ ફાયરિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ આતંકીઓને કવર ફાયર આપવા માટે પોતાના તરફથી નાના હથિયારો વડે બ્લાઈન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.સરહદ પર તહેનાત સૈન્ય અધિકારીઓ હાલ સમગ્ર સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. ગયા વર્ષે સરહદ પર થયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ આ પહેલીવાર છે જ્યારે બંને દેશો વચ્ચે આટલી ભારે માત્રામાં ગોળીબાર થયો હોય. આ પહેલા પણ પાકિસ્તાન દ્વારા ઘણી વખત સીમા પારથી ઘૂસણખોરી કરાવવાના પ્રયાસો થયા છે, જેને ભારતીય સેનાના જવાનોએ હંમેશા નિષ્ફળ બનાવ્યા છે.રાત્રિના સમયે થયેલા આ ફાયરિંગ બાદ શનિવારે સવારથી જ ભારતીય સેના દ્વારા સમગ્ર વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. સરહદની નજીક કોઈ ઘૂસણખોર અથવા આતંકવાદી છુપાયેલો ન રહે તે સુનિશ્ચિત કરવા માટે જવાનો ઝીણવટભર્યું ચેકિંગ કરી રહ્યા છે.

## અમેરિકાનું MQ-9 તબાહ, હોર્મૂઝમાં ઓઈલ ટેન્કર પર હુમલો

તેહરાન, તા.૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકાએ સતત સાતમી રાત્રે ઈરાન પર હવાઈ હુમલા શરૂ કર્યા. યુએસ સેન્ટ્રલ કમાન્ડએ જણાવ્યું હતું કે આ હુમલાઓનો હેતુ ઈરાનની લશ્કરી તાકાતને નબળી પાડવાનો હતો. આ કાર્યવાહી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્દેશ પર કરવામાં આવી રહી હતી. ટ્રમ્પે અગાઉ ચેતવણી આપી હતી કે જો જરૂર પડે તો મુખ્ય ઈરાની સ્થાપનો પર હુમલાઓ વધુ તીવ્ર બનાવવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો જરૂર પડે તો જમીની લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ ખુલ્લો છે. સૈન્ય કાર્યવાહી વચ્ચે ઈરાને અનેક મોટા દાવા કર્યા છે. ઈરાની મીડિયા અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના જણાવ્યા મુજબ, બુશેહર ઉપર ઉડી રહેલા અમેરિકાના MQ-9 રીપર ડ્રોનને તોડી પાડવામાં આવ્યું છે. ઈરાનનો દાવો છે કે, અંદાજે ૩.૪ કરોડ ડોલરની કિંમત ધરાવતું આ ડ્રોન થોડા જ ક્ષણોમાં નષ્ટ થઈ ગયું. જોકે, અમેરિકા તરફથી આ દાવાની હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ઈરાનના સર્વોચ્ચ નેતાના સલાહકાર મોહસિન રઝાઈએ જણાવ્યું કે જો અમેરિકાના હુમલા હજુ થોડા દિવસો સુધી ચાલુ રહેશે તો ઈરાન પોતાની સંપૂર્ણ તાકાત સાથે જવાબી સૈન્ય કાર્યવાહી શરૂ કરશે. ઈરાની સેનાએ વધુમાં ચેતવણી આપી છે કે અમેરિકા જે દેશોની જમીન અથવા સૈન્ય મથકોનો ઉપયોગ કરશે, ત્યાં આવેલી અમેરિકન કંપનીઓને પણ નિશાન બનાવવામાં આવી શકે છે.

ઈરાનના સરકારી ટીવી અને તસ્નીમ સમાચાર એજન્સીએ દાવો કર્યો છે કે, હોર્મુઝ જળમાર્ગના દક્ષિણ ભાગમાં બે તેલના ટેક્રરો વિસ્ફોટ બાદ આગની ઝપેટમાં આવી ગયા. ઈરાનનું કહેવું છે કે તેણે અગાઉથી જ જહાજોને આ માર્ગનો ઉપયોગ ન કરવાની ચેતવણી આપી હતી.

### ૧૦ કરોડથી વધુ લોકો પ્રભાવિત થયા

## અમેરિકાથી કુદરત રૂઠી, જંગલોમાં આગ વચ્ચે પૂરનો કહેર પણ જારી

વોશિંગ્ટન, તા.૧૮

અમેરિકા આ સમયે કુદરતના ત્રિપલ એટેક એટલે કે એકસાથે ત્રણ મોટી કુદરતી આપત્તિઓનો સામનો કરી રહ્યું છે. દેશના અલગ-અલગ ભાગોમાં પૂર, જંગલોની આગ અને ઝેરી ધુમ્મસના કારણે હાહાકાર મચી ગયો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે વહીવટીતંત્ર દ્વારા કરોડો લોકોને ઘરોની અંદર જ રહેવાની કડક સલાહ આપવામાં આવી છે.

અમેરિકાના ટેક્સાસ રાજ્યના હિલ કન્ટ્રી વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી સતત થઈ રહેલા ભારે વરસાદે તબાહી મચાવી છે.

મંગળવારથી અત્યાર સુધીમાં કેટલાક વિસ્તારોમાં ૨૭ ઈંચ કરતા પણ વધુ વરસાદ નોંધાયો છે, જેના કારણે પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. આ પૂરમાં અત્યાર સુધીમાં ૨ લોકોના મોતના અહેવાલ છે, જ્યારે સેંકડો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. નદીઓનું જળસ્તર સતત વધી રહ્યું હોવાથી સત્તાવાળાઓએ આગામી સમયમાં સ્થિતિ વધુ વણસવાની ચેતવણી આપી છે.

બીજી તરફ, અમેરિકાના ૧૫ રાજ્યોના જંગલોમાં લાગેલી આગ સંપૂર્ણપણે બેકાબૂ બની ગઈ છે. અમેરિકન એજન્સી નેશનલ ઈન્ટરએજન્સી ફાયર સેન્ટર (NIFC)ના જણાવ્યા અનુસાર, દેશભરમાં આ સમયે ૬૮ મોટા જંગલો આગની ઝપેટમાં છે. પેસિફિક નોર્થવેસ્ટ ક્ષેત્રમાં વીજળી પડવાના કારણે અચાનક ૧૭ નવી જગ્યાએ આગ ફાટી નીકળી હતી. આ ભયાનક આગ પર કાબૂ મેળવવા માટે ૧૭,૪૦૦થી વધુ ફાયર ફાઈટર્સ અને સૈનિકો, ૧૪૦ હેલિકોપ્ટર તેમજ ૪ મિલિટરી C-130 એર ટેક્કર્સ તહેનાત કરવામાં આવ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં આશરે ૩૭.૨ લાખ એકર જમીન બળીને ખાખ થઈ ગઈ છે.

આ બે આપત્તિઓ વચ્ચે કેનેડાના જંગલોની આગમાંથી નીકળેલા ધુમાડાએ અમેરિકાના મિડવેસ્ટ, નોર્થઈસ્ટ અને વોશિંગ્ટન ડીસી સહિતના પૂર્વીય ભાગોને પોતાની ઝપેટમાં લઈ લીધા છે. પરિણામે ૧૦ કરોડથી વધુ લોકો ઝેરી ધુમ્મસની અસર હેઠળ આવ્યા છે અને ત્યાં એર ક્વોલિટી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શિકાગોની હવા વિશ્વની બીજા નંબરની સૌથી પ્રદૂષિત હવા નોંધાતા ત્યાંના તમામ પાર્ક અને બીચને અસ્થાયી ધોરણે બંધ કરી દેવામાં આવ્યા છે.

હવામાન વૈજ્ઞાનિકોના મતે, આ ત્રણેય આપત્તિઓ અલગ-અલગ નથી પરંતુ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેટ ચેન્જનો જ એક ભાગ છે.




# ડિફેન્સ અને એરોસ્પેસ ક્ષેત્રની અગ્રણી કંપની સિગ્મા એડવાન્સ સિસ્ટમ્સે યુકે સ્થિત બ્રોમફોર્ડ પ્રિસિઝન સોલ્યુશન્સને રૂ. ૧૫૩ કરોડમાં હસ્તગત કરી

ભારતીય એરોસ્પેસ પ્રિસિઝન એન્જિનિયરિંગ ક્ષેત્રની અગ્રણી કંપની સિગ્મા એડવાન્સ સિસ્ટમ્સ લિમિટેડ ("સિગ્મા") એ આજે બ્રોમફોર્ડ પ્રિસિઝન સોલ્યુશન્સ લિમિટેડ ("બ્રોમફોર્ડ") ની ૧૦૦% ઈક્વિટી શેર મૂડીના સંપાદનની જાહેરાત કરી છે. બ્રોમફોર્ડ યુકે સ્થિત અગ્રણી કંપની છે જે હાઈ-પ્રિસિઝન, જટિલ એરોએન્જિન રિંગ્સ અને અન્ય એન્જિન સ્ટ્રક્ચર્સના ઉત્પાદનમાં વિશેષતા ધરાવે છે. આ આખો સોદો અંદાજે GBP ૧૧.૮૯ મિલિયન (અંદાજે રૂ.૧૫૩ કરોડ) ની કિંમતે નક્કી થયો છે અને તે તમામ સામાન્ય શરતોની પૂર્તિને આધીન જુલાઈ ૨૦૨૬ ના અંત સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ ટ્રાન્ઝેક્શન એન્ટરપ્રાઈઝ વેલ્યુથી એડજસ્ટેડ એબિટડા (EV/EBITDA - CY2026 અંદાજ) ના આશરે ૪.૬ ગણા મલ્ટિપલનું પ્રતિનિધિત્વ કરે છે, જે વ્યૂહાત્મક અને મૂલ્ય-વર્ધક એક્વિઝિશન્સ તરફ સિગ્માના શિસ્તબદ્ધ અભિગમને દર્શાવે છે.

સુનીલ કાલિદિન્ડી, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, સિગ્મા એડવાન્સ સિસ્ટમ્સ એ જણાવ્યું હતું કે, "આ સંપાદન વિશ્વની સૌથી અદ્યતન અને ડિમાન્ડિંગ એરો એન્જિન સપ્લાય ચેઈન્સમાં સિગ્માના સ્થાનને વધુ મજબૂત બનાવે છે. બ્રોમફોર્ડ એવી ચોકસાઈભરી ઉત્પાદન ક્ષમતા લાવે છે જે આપણને સીધી રીતે પૂરક બને છે અને આ સંયુક્ત ગ્રુપ વૈશ્વિક સ્તરે સૌથી સક્ષમ રિંગ અને કેસીંગ મેન્યુફેક્ચરિંગ પ્લેટફોર્મ્સ પૈકીનું એક બને છે. અમે સિગ્માના વ્યાપક પ્લેટફોર્મના ભાગ તરીકે બ્રોમફોર્ડના ત્રણ દાયકાથી વધુના એન્જિનિયરિંગ વારસાને આગળ વધારવા માટે ઉત્સુક છીએ."

વૈશ્વિક પ્રિસિઝન મેન્યુફેક્ચરિંગ પ્લેટફોર્મનું નિર્માણ- આ સંપાદન સિગ્માની આંતરરાષ્ટ્રીય વિકાસ વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે તેના યુકે ડિવિઝન, 'નાસ્મિથ ગ્રુપ' ને પૂરક બનાવવાની સાથે સાથે રોલ્સ-રોયસ સપ્લાય ચેઈનમાં તેનું સ્થાન વધુ મજબૂત કરે છે. બ્રોમફોર્ડની વિશેષતાઓ સિગ્માના સમાર્ન'ઈસ ગ્રાહકો માટે મોટા કદના કમ્પોનન્ટ્સ ઉત્પાદન કરવાના કૌશલ્યને સીધી રીતે પૂરક બનાવે છે. આ સંયુક્ત પ્લેટફોર્મથી વૈશ્વિક એરોસ્પેસ અને પાવર જનરેશન ગ્રાહકોને વધુ ઊંડાણપૂર્વક અને વિસ્તૃત શ્રેણીની પ્રોડક્ટ ઓફરિંગ મળશે. આ ઉપરાંત, એન્જિન લોક પ્લેટ્સ જેવા કમ્પોનન્ટ્સના ઉત્પાદન માટેના લાંબા ગાળાના કોન્ટ્રાક્ટ્સ દ્વારા બ્રોમફોર્ડ નવી પ્રોડક્ટ ઓફરિંગ પણ લાવશે, જે સિગ્મા દ્વારા ઉત્પાદિત મોટા સ્ટ્રક્ચરલ કમ્પોનન્ટ્સને વધુ પૂરક બનાવશે.

વર્ષ ૧૯૮૮ માં સ્થપાયેલી બ્રોમફોર્ડ, લેસ્ટરશાયર, યુકે ખાતે આવેલી તેની ફેસિલિટીથી કામગીરી ચલાવે છે. કંપની જટિલ એરોએન્જિન રિંગ કમ્પોનન્ટ્સ અને અન્ય જટિલ પ્રિસિઝન-મશીન્ડ એરોએન્જિન સ્ટ્રક્ચર્સ જેવા કે કોમ્પ્રેસર કેસીંગ્સ, ડક્ટ્સ, બ્રેકેટ્સ અને લોક પ્લેટ્સ બનાવવામાં મહારત ધરાવે છે. બ્રોમફોર્ડ નાણાકીય રીતે નફાકારક વ્યવસાય છે, જેમાં મુખ્ય ગ્રાહકો તરફથી આવતી સતત માગ આ બિઝનેસના ગ્રોથને વેગ આપી રહી છે.

વેલ્યુ ક્રિએશન પ્લાન- સિગ્મા આગામી કેટલાક ક્વાર્ટર્સમાં બ્રોમફોર્ડ ખાતે સસ્ટેન્ડ વેલ્યુ (ટકી રહે તેવું મૂલ્ય) લાવવા માટે તેની અન્ય વિદેશી કામગીરીઓમાં ઉપયોગમાં લેવાયેલી ઓપરેશનલ પ્લેબુકનો અમલ કરવા ઈચ્છે છે, જે મુખ્ય ત્રણ પહેલો પર આધારિત છે:

માર્જિન એક્સપાન્સન (નફાકારકતામાં વધારો): મૂડી રોકાણ અને ઓટોમેશન દ્વારા એબિટડા (EBITDA) માર્જિન સુધારવાનું લક્ષ્ય.

ભારત-આધારિત ઉત્પાદન : ચોક્કસ કમ્પોનન્ટ્સના ઉત્પાદનને ભારતમાં સ્થાનાંતરિત કરવું, જે ખર્ચને શ્રેષ્ઠ બનાવવા અને સ્પર્ધાત્મકતા વધારવા માટે સિગ્માના વર્તમાન મોડલને અનુરૂપ રહેશે, જેથી માર્જિનનો વિસ્તાર કરી શકાય.

રેવન્યુ ગ્રોથ: અગ્રણી ઈસ ગ્રાહકો સાથે વધુ ઊંડાણપૂર્વકના જોડાણ અને લાંબા ગાળાના કરારોના વિસ્તરણ દ્વારા રેવન્યુ ગ્રોથ મેળવવો.

બ્રોમફોર્ડની અનુભવી મેનેજમેન્ટ ટીમ સિગ્માના વરિષ્ઠ નેતૃત્વના સહયોગ સાથે તેની રોજિંદી કામગીરીનું સંચાલન કરવાનું ચાલુ રાખશે.

આવા વ્યૂહાત્મક એક્વિઝિશન્સ, અત્યાધુનિક ઉત્પાદન ક્ષમતાઓ અને ક્રોસ-બોર્ડર ઈન્ટિગ્રેશન દ્વારા, સિગ્મા ભારતીય સ્તરની પ્રિસિઝન એન્જિનિયરિંગ કંપનીમાંથી વૈશ્વિક સ્તરે સંકલિત એરોસ્પેસ અને ડિફેન્સ પ્લેટફોર્મ તરીકે ઝડપથી વિકસી રહી છે. ભારત અને યુકે સુધી વિસ્તરેલી કામગીરી સાથે, કંપની એક વિશિષ્ટ ઉત્પાદન ઈકોસિસ્ટમ બનાવી રહી છે જે એરોસ્પેસ અને ડિફેન્સ ક્ષેત્રે અગ્રણી આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને સપોર્ટ પૂરો પાડે છે, સાથે સાથે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત બનાવે છે.

## આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફનો પ્રથમ ત્રિમાસિક ગાળાનો નફો ૨૮ ટકા વધીને રૂ. ૩૮૬ કરોડે પહોંચ્યો

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સે બુધવારે જણાવ્યું હતું કે જૂન ૨૦૨૬ના અંતે પૂર્ણ થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ૨૮ ટકા વધીને રૂ. ૩૮૬ કરોડ થયો છે. પોલિસીધારકોની ચાલુ પોલિસીઓમાંથી સરપ્લસ જનરેશનમાં થયેલો સુધારો તેમજ નવા બિઝનેસ પરનું દબાણ ઘટવાના લીધે આ વૃદ્ધિ જોવા મળી હોવાનું કંપનીએ જણાવ્યું છે.

ગત નાણાંકીય વર્ષ ૨૦૨૬ના એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં ખાનગી ક્ષેત્રની આ વીમા કંપનીનો ચોખ્ખો નફો રૂ. ૩૦૨ કરોડ રહ્યો હતો.

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફે નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે નાણાંકીય વર્ષ ૨૦૨૭ના જૂન ત્રિમાસિક ગાળાના અંતે કંપનીની ચોખ્ખી પ્રીમિયમ આવક વધીને રૂ. ૯,૭૪૯ કરોડ થઈ હતી, જે ગત નાણાંકીય વર્ષ ૨૦૨૬ના સમાન ગાળામાં રૂ. ૮,૫૦૩ કરોડ હતી.

કંપનીએ જણાવ્યું હતું કે વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નવી પોલિસીઓની સંખ્યામાં ૧૩.૨ ટકાનો વધારો નોંધાતા નવા બિઝનેસમાંથી મળતું પ્રીમિયમ ૨૧ ટકા વધીને રૂ. ૪,૮૬૬ કરોડ થયું છે. ગત વર્ષના સમાન ગાળામાં આ આંકડો રૂ. ૪,૦૧૨ કરોડ હતો.

વીમા કંપનીની કુલ આવક વધીને રૂ. ૨૮,૩૯૫ કરોડ થઈ હતી, જે અગાઉના નાણાંકીય વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. ૨૫,૩૨૦ કરોડ હતી.

૩૦ જૂન, ૨૦૨૬ની સ્થિતિએ કંપનીનું એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) રૂ. ૩.૩૪ લાખ કરોડ રહી હતી.

જૂન ૨૦૨૬ના અંતે કંપનીની કુલ નેટવર્થ રૂ. ૧૪,૩૭૫ કરોડ હતી. કંપનીનો સોલ્વન્સી રેશિયો વધીને ૨૨૫.૪ ટકા થયો હતો, જ્યારે નિયમનકારી જોગવાઈ મુજબ તેની લઘુત્તમ આવશ્યકતા ૧૫૦ ટકા છે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૬ જુલાઈએ યોજાયેલી બેઠકમાં કંપનીનું નામ બદલીને 'આઈસીઆઈસીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ લિમિટેડ' રાખવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. જોકે, તેના માટે ઈરડાની મંજૂરી મળવી બાકી છે.

કંપનીના જણાવ્યા મુજબ પ્રસ્તાવિત નવું નામ આઈસીઆઈસીઆઈ બ્રાન્ડ સાથે જોડાયેલી મજબૂત ઓળખ, વિશ્વાસ અને લાંબા વારસાને રજૂ કરે છે.

## એલ એન્ડ ટી ફાઈનાન્સે ક્વાર્ટર૧ નાણાકીય વર્ષ ૨૭માં અત્યાર સુધીનો સૌથી ઊંચો રૂા.૯૦૨ કરોડનો ત્રિમાસિક નફો નોંધાવ્યો

ભારતની અગ્રણી નોન-બેંક્રિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી)માંની એક એલ એન્ડ ટી ફાઈનાન્સએ ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા પ્રથમ ત્રિમાસિક માટે અત્યાર સુધીનો સૌથી વધુ ?૯૦૨ કરોડનો સંકલિત કર બાદનો નફો (પીએટી) નોંધાવ્યો છે, જે ગયા વર્ષની સરખામણીએ ૨૯ ટકા વૃદ્ધિ દર્શાવે છે. કંપનીએ આ સમયગાળા દરમિયાન અત્યાર સુધીની સૌથી મોટી રૂ.૧,૨૯,૬૩૪ કરોડની સંકલિત લોન બુક પણ હાંસલ કરી છે, જેમાં ૨૭ ટકા વાર્ષિક વૃદ્ધિ નોંધાઈ છે. કંપનીની રિટેલ લોન બુક પણ ૨૮ ટકા વધીને રૂ.૧,૨૭,૫૩૫ કરોડ પર પહોંચી છે.

આ અંગે શ્રી સુદીપ્તા રોય, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ, એલ એન્ડ ટી ફાઈનાન્સ, એ જણાવ્યું હતું કે, "નાણાકીય વર્ષ ૨૭ પ્રથમ ક્વાર્ટરમાં મળેલા મજબૂત પરિણામો અમારી શિસ્તબદ્ધ કામગીરી, મજબૂત રિટેલ બિઝનેસ અને ટેક્નોલોજી, એનાલિટિક્સ તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં સતત કરાયેલા રોકાણને પ્રતિબિંબિત કરે છે. 'લક્ષ્ય ૨૦૩૧' હેઠળ અમે જોખમ આધારિત, ટેક્નોલોજી આધારિત અને એઆઈ-નેટિવ નાણાકીય સંસ્થા તરીકે વિકાસ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ, જે ગ્રાહકોને શ્રેષ્ઠ અનુભવ સાથે ટકાઉ અને નફાકારક વૃદ્ધિ પ્રદાન કરશે."

કંપનીએ પ્રથમ ત્રિમાસિક દરમિયાન ?૨૩,૮૫૨ કરોડના રિટેલ લોન વિતરણ કર્યા, જે વાર્ષિક ધોરણે ૩૬ ટકા વૃદ્ધિ દર્શાવે છે. આ વૃદ્ધિમાં પર્સનલ લોન, રૂરલ બિઝનેસ ફાઈનાન્સ, હાઉસિંગ ફાઈનાન્સ, એસએમઈ ફાઈનાન્સ, ટુ-વ્હીલર ફાઈનાન્સ, ફાર્મર ફાઈનાન્સ અને ગોલ્ડ લોન જેવા મુખ્ય બિઝનેસ સેગમેન્ટ્સનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ખાસ કરીને પર્સનલ લોન પોર્ટફોલિયોએ સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી, જેમાં લોન બુકમાં ૮૦ ટકા અને ત્રિમાસિક લોન વિતરણમાં ૧૨૬ ટકાનો વધારો થયો છે.

## પશ્ચિમ એશિયામાં તણાવ અને એલ નીનોના જોખમથી બજારમાં અસ્થિરતા યથાવત રહી શકે; પીએલ કેપિટલ એ નિફ્ટીનું લક્ષ્યાંક વધારીને ૨૭,૦૧૯ કર્યું

ભારતની અગ્રણી અને વિશ્વસનીય નાણાકીય સેવા સંસ્થા પીએલ કેપિટલ એ તેના તાજેતરના ઈન્ડિયા સ્ટ્રેટેજી રિપોર્ટ "વેસ્ટ એશિયા ક્રાઈસીસ, એલ નિનો કેન પ્લે સ્પોઈલ સ્પોટ" માં જણાવ્યું છે કે ભારતની લાંબા ગાળાની આર્થિક વૃદ્ધિની મજબૂત પાયાની વાર્તા યથાવત હોવા છતાં, ટૂંકા ગાળામાં દેશની અર્થવ્યવસ્થાને ભૂરાજકીય અનિશ્ચિતતા, હવામાન સંબંધિત પડકારો અને મોંઘવારીના દબાણનો સામનો કરવો પડી શકે છે. તેમછતાં, સ્થાનિક માંગમાં સુધારો, ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને આકર્ષક માર્કેટ વેલ્યુએશન ઈક્વિટી બજારને મજબૂત આધાર પૂરો પાડી રહ્યા છે.

આ અંગે પીએલ કેપિટલ ના કો-હેડ–ઈન્સ્ટિટ્યુશનલ ઈકવીટીસ શ્રી અમનિશ અગ્રવાલ એ જણાવ્યું હતું કે, "અનિશ્ચિત વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે પણ ભારતે પોતાની આર્થિક મજબૂતાઈ જાળવી રાખી છે. સ્થાનિક માંગમાં સતત વૃદ્ધિ, ક્રૂડ ઓઈલના નીચા ભાવ અને મજબૂત ક્રેડિટ ગ્રોથને કારણે બજારમાં તેજી જોવા મળી છે. જોકે રોકાણકારોએ નવા ભૂરાજકીય તણાવ, વધતી મોંઘવારી અને એલ નીનોના સંભવિત પ્રભાવને ધ્યાનમાં રાખીને સાવચેત રહેવું જોઈએ. ટૂંકા ગાળામાં કોર્પોરેટ નફામાં થોડી અસ્થિરતા રહી શકે છે, પરંતુ ભારતની લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ અમને હકારાત્મક દૃષ્ટિકોણ રાખવા પ્રેરિત કરે છે. રોકાણકારોએ સ્ટોક-સ્પેસિફિક અભિગમ અપનાવવો જોઈએ."

રિપોર્ટ અનુસાર, છેલ્લા બે મહિનામાં નિફ્ટી ઈન્ડેક્સમાં આશરે ૭.૩%નો વધારો થયો છે અને તે તેની ૫૨ સપ્તાહની નીચી સપાટીથી લગભગ ૮% ઉપર પહોંચ્યો છે. આ વૃદ્ધિ પાછળ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો, પશ્ચિમ એશિયામાં અસ્થાયી યુદ્ધવિરામ અને ભારતના મજબૂત આર્થિક પ્રદર્શન જેવા પરિબળો જવાબદાર રહ્યા છે. દેશમાં ક્રેડિટ ગ્રોથ ૧૭% સુધી પહોંચી છે, જે રિટેલ, સર્વિસિસ, કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં મજબૂત માંગ દર્શાવે છે. ઉપરાંત, ભારત સરકારની નીતિઓએ વૈશ્વિક સપ્લાય ચેઈન અને કોમોડિટી ભાવમાં આવેલા વિક્ષેપોની અસરને પણ મર્યાદિત રાખી છે.

આર્થિક પરિસ્થિતિમાં સુધારો અને વેલ્યુએશનમાં આકર્ષણને ધ્યાનમાં રાખીને પીએલ કેપિટલ એ આગામી એક વર્ષ માટે નિફ્ટીનું લક્ષ્યાંક ૨૬,૪૪૯થી વધારીને ૨૭,૦૧૯ કર્યું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૮ની અનુમાનિત કમાણીના આધારે નિફ્ટીનું મૂલ્યાંકન તેના છેલ્લા ૧૫ વર્ષના સરેરાશ પી/ઈ કરતાં ૧૦% ડિસ્કાઉન્ટ પર કર્યું છે. બજારમાં થયેલી તેજી છતાં નિફ્ટી હજુ પણ તેના ઐતિહાસિક સરેરાશ કરતાં ૧૧.૭% ડિસ્કાઉન્ટ પર ટ્રેડ થઈ રહ્યો છે.

તેમછતાં, રિપોર્ટમાં જણાવાયું છે કે કોર્પોરેટ કમાણી અંગેના અંદાજો પર હજુ પણ દબાણ છે. પીએલ કેપિટલ એ નાણાકીય વર્ષ ૨૭ અને નાણાકીય વર્ષ ૨૮ માટે નિફ્ટીની કમાણીના અંદાજમાં અનુક્રમે ૦.૯% અને ૦.૪%નો ઘટાડો કર્યો છે, જે બજારના સામાન્ય અંદાજ કરતાં ઓછો છે. જો ભૂરાજકીય પરિસ્થિતિ વધુ ખરાબ બને અથવા હવામાન સંબંધિત પડકારો વધે તો કંપનીઓની કમાણી અને ગ્રાહક ખર્ચ પર વધુ નકારાત્મક અસર પડી શકે છે.

ચોમાસાની સ્થિતિ અંગે પણ રિપોર્ટમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. જૂનમાં લગભગ ૪૦% રહેલી વરસાદની ખાધ હાલમાં ઘટીને લગભગ ૨૧% થઈ છે, છતાં દેશભરમાં વરસાદનું અસમાન વિતરણ યથાવત છે. તેલબિયાં, કઠોળ અને કપાસ જેવા ખરીફ પાકનું વાવેતર ગયા વર્ષની સરખામણીએ લગભગ ૨૧% ઓછું થયું છે. જો આવી સ્થિતિ ચાલુ રહેશે તો કૃષિ ઉત્પાદન અને ખાદ્ય મોંઘવારી બંને પર દબાણ વધશે.

## મોટોરોલાએ એજ ૭૦ મેક્સ લોન્ચ કર્યું, જે એક પરફોર્મન્સ પાવરહાઉસ છે

મોબાઈલ ટેકનોલોજી અને નવીનતામાં અગ્રણી અને ભારતની અગ્રણી AI સ્માર્ટફોન બ્રાન્ડ મોટોરોલાએ આજે મોટોરોલા એજ ૭૦ મેક્સ લોન્ચ કર્યો છે, જે એક ફ્લેગશિપ પર્ફોર્મન્સ ધરાવતો સ્માર્ટફોન છે જે એવા ગ્રાહકો માટે બનાવવામાં આવ્યો છે જેઓ બિનસમાધાનકારી પર્ફોર્મન્સ, તરબોળ મનોરંજન, લાંબુ આયુષ્ય ધરાવતી બેટરી અને ઈન્ટેલિજન્ટ એઆઈ અનુભવોની માંગણી કરે છે. અદ્યતન સ્નેપડ્રેગનટિ૮ જેન ૫ ચિપસેટથી સજ્જ, મોટોરોલા એજ ૭૦ મેક્સમાં કેટેગરીમાં અગ્રણી ડિસ્પ્લે ટેકનોલોજી, અત્યંત વિશાળ ૭૧૦૦દ્બ૭૨ સિલીકોન કાર્બન બેટરી, આગવી કારીગરી, AI-સજ્જ ઈમેજિંગ અને અંતરાયમુક્ત મલ્ટી ડિવાઈસ ઈન્ટેલિજન્સનો સમાવેશ થાય છે જેથી ફ્લેગશિપ સ્માર્ટફોનનો અનુભવ રિડિફાઈન કરી શકાય. જેની કિંમત ફક્ત ?૪૯,૯૯૯ છે; વેચાણ ૨૦ર ત્નજ્ઞઅથી શરૂ થાય છે.

લોન્ચ સમયે પોતાના સંબોધનમાં મોટોરોલા ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ટી.એમ. નરસિમ્હનએ જણાવ્યું હતું કે, "મોટોરોલા એજ ૭૦ મેક્સ સાથે અમે પર્ફોમન્સ, ડિસ્પ્લે, બેટરી, એઆઈ અને ડિઝાઈનમાં એડવાન્સ્ડ નવીનતાને એક ફ્લેગશિપ ફોનમાં લાવીએ છીએ. આ ડિવાઈસના દરેક પાસાને વિચારપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે જેથી અર્થપૂર્ણ અનુભવો ડિલીવર કરી શકાય જે ઉપભોક્તાઓને પ્રયત્નવિહીન રીતે સર્જન કરવા, રમવા, કાર્ય કરવા અને જોડાયેલા રહેવા માટે સક્ષમ બનાવે છે. મોટોરોલા કિરનું લોન્ચ વધુ અમારા બુદ્ધિશાળી અનુભવોના નિર્માણના વિઝનને રજી કરે છે જે વ્યક્તિગત ડિવાઈસથી આગળ જાય છે, તેમજ ટેકનોલોજી અગાઉ કરતા વધુ અંગત, સરળ અને સહજ બનાવે છે."

## રથયાત્રાના શુભ પર્વ પર ફોક્સવેગન તાઈગુન અને વર્ચસની માંગમાં વધારો

રથયાત્રાના શુભ પર્વે ગુજરાતભરમાં ફોક્સવેગન માટે ગ્રાહકોમાં અસાધારણ ઉત્સાહ જોવા મળ્યો જેમાં 'ગ્રુપ લેન્ડમાર્ક ફોક્સવેગન' ડીલરશીપ્સ ખાતે ગ્રાહકોનો ધસારો, ઈન્ક્વાયરી તેમજ બુકિંગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. જર્મન એન્જિનિયરિંગ, સુરક્ષા, પર્ફોર્મન્સ અને પ્રીમિયમ ઓનરશિપ અનુભવના કારણે ગ્રાહકો વધુને વધુ ફોક્સવેગનની પસંદગી કરી રહ્યા છે. જેમાં તાઈગુન, વર્ચસ અને ટેરોનનો સમાવેશ થાય છે.

ગ્રુપ લેન્ડમાર્કના મેનેજિંગ ડિરેક્ટર ગરિમા મિશ્રાએ જણાવ્યું હતું કે: "રથયાત્રાના પર્વ પર અમને ગ્રાહકો તરફથી અદ્દભુત પ્રતિસાદ મળ્યો છે. અમારી તમામ પ્રોડક્ટમાં જર્મન એન્જિનિયરિંગ, ઉચ્ચ સુરક્ષા, ડ્રાઈવિંગ પર્ફોર્મન્સ અને પ્રીમિયમ ક્વોલિટી જાળવી રાખી છે જે તેને ભારતમાં સૌથી વિશ્વસનીય પ્રીમિયમ ઓટોમોટિવ બ્રાન્ડ્સમાંની એક બનાવે છે. અમારી તમામ બ્રાન્ડ પર વિશ્વાસ મૂકવા બદલ અમે ગ્રાહકોના આભારી છીએ."

ભારતની ૫-સ્ટાર ગ્લોબલ NCAP-રેટેડ SUV ફોક્સવેગન તાઈગુનની માંગમાં ખાસ વધારો જોવા મળ્યો, જે અસાધારણ સુરક્ષા વિશેષતાઓ, શક્તિશાળી ટીએસઆઈ એન્જિન વિકલ્પો, શાનદાર ડ્રાઈવિંગ ડાયનેમિક્સ, પ્રીમિયમ ઈન્ટિરિયર અને ફીચર-રીચ પેકેજથી ગ્રાહકોને આકર્ષિત કરે છે. તેનો બોલ્ડ એસયુવી લુક, જર્મન બિલ્ડ ક્વોલિટી અને આત્મવિશ્વાસ જગાડનારું પર્ફોર્મન્સ તેને સૌથી વધુ પસંદગીની કાર બનાવે છે.

ભારતની નંબર ૧ સેલિંગ પ્રીમિયમ સેડાન, ફોક્સવેગન વર્ચસ તેની આકર્ષક ડિઝાઈન, સેગમેન્ટ-લીડિંગ પર્ફોર્મન્સ, વિશાળ કેબિન અને અસાધારણ રાઈડ ક્વોલિટી માટે જાણીતી છે.

## ફ્રેંકલિન ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ ફંડે ૨૬ વર્ષની સફર પૂર્ણ કરી, એયુએમ રૂ. ૯,૧૦૦ કરોડને પાર થઈ

ભારતના સૌથી લાંબા સમયથી કાર્યરત થીમેટિક ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ પૈકીનું એક ફ્રેંકલિન ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ ફંડ તેની સ્થાપનાના ૨૬ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી રહ્યું છે. આ સાથે ફંડની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) પણ રૂ. ૯,૧૦૦ કરોડને પાર પહોંચી ગઈ છે.

આ સિદ્ધિ ફંડની વિશિષ્ટ રોકાણ વ્યૂહરચના પ્રત્યે રોકાણકારોના વિશ્વાસને દર્શાવે છે. આ વ્યૂહરચના ભારતીય અર્થતંત્રમાં થતા માળખાકીય પરિવર્તનોથી ઊભી થતી લાંબા ગાળાની વૃદ્ધિની તકોનો લાભ મેળવવા પર કેન્દ્રિત છે. ફંડે તેની શરૂઆતથી જ મેક ઈન ઈન્ડિયા, વધતી સમૃદ્ધિ (રાઈઝિંગ એફ્લુઅન્સ) અને ડિજિટલાઈઝેશન જેવા મજબૂત અને લાંબા ગાળાના વલણોથી લાભ મેળવનારી કંપનીઓની ઓળખ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ ત્રણેય વલણો આજે પણ ભારતના આર્થિક પરિવર્તનને નવી દિશા આપી રહ્યા છે.

ટેમ્પલટન ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ્સમાં પોર્ટફોલિયો મેનેજર - ઈન્ડિયા ઈક્વિટીઝ કિરણ સેબેસ્ટિયને જણાવ્યું હતું કે, "ભારત તેના આર્થિક પરિવર્તનના આગામી તબક્કામાં પ્રવેશી રહ્યો છે ત્યારે ઉત્પાદન ક્ષેત્રની વૃદ્ધિ, ગ્રાહકોની વધતી મહત્વાકાંક્ષાઓ અને ઝડપથી વધી રહેલા ડિજિટલ સ્વીકારને કારણે અનેક આકર્ષક તકો ઊભી થઈ રહી છે. અમે એવા ઉચ્ચ ગુણવત્તાવાળા વ્યવસાયોની ઓળખ પર સતત ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ, જે આ લાંબા ગાળાના માળખાકીય વલણોનો લાભ મેળવી શકે. સંશોધન આધારિત અને શિસ્તબદ્ધ અમારી રોકાણ પદ્ધતિ આગામી વર્ષોમાં રોકાણકારો માટે ટકાઉ સંપત્તિનું સર્જન કરવામાં મદદરૂપ બનશે."

ભારતના લાંબા ગાળાના વૃદ્ધિના વિષયોમાં રોકાણ

ફ્રેંકલિન ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ ફંડ વિશેષ પરિસ્થિતિઓ આધારિત રોકાણ વ્યૂહરચના અપનાવે છે. આ ફંડ વિવિધ ક્ષેત્રો અને વિવિધ માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી કંપનીઓમાં રોકાણ કરીને આર્થિક, ટેક્નોલોજીકલ અને સામાજિક પરિવર્તનોથી ઊભી થતી નવી તકોનો લાભ મેળવે છે.

ફંડની થીમેટિક રોકાણ વ્યૂહરચના નીચેના મુખ્ય વિષયો પર આધારિત છે:

- મેક ઈન ઈન્ડિયા: પરંપરાગત ઉત્પાદન ક્ષેત્રોમાં ભારતના ઉત્પાદન વિસ્તારનો લાભ મેળવનારા તેમજ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન, સંરક્ષણ ખરીદીમાં સ્વદેશીકરણ, ન્યૂ એનર્જી વેલ્યુ ચેઈન, પ્રિસિઝન એન્જિનિયરિંગ જેવા ઉભરતા ક્ષેત્રોમાં કાર્યરત વ્યવસાયો.
- વધતી સમૃદ્ધિ (રાઈઝિંગ એફ્લુઅન્સ): લોકોની વધતી આવક અને બદલાતી ગ્રાહક પસંદગીઓને અનુરૂપ કાર્યરત કંપનીઓ.
- ડિજિટલાઈઝેશન: ભારતના ઝડપથી આગળ વધી રહેલા ડિજિટલ પરિવર્તનને આગળ ધપાવતી અથવા તેનાથી લાભ મેળવનારી કંપનીઓ.

વિવિધ સમયગાળામાં સતત બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન

આ સ્કીમે લાંબા ગાળે રોકાણકારો માટે સંપત્તિનું સર્જન કરવાની મજબૂત સિદ્ધિ નોંધાવી છે. સાથે જ તેણે અનેક બજાર ચક્ર દરમિયાન તેના બેન્ચમાર્ક નિફ્ટી ૫૦૦ ઈન્ડેક્સ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.

૩૦ જૂન, ૨૦૨૬ સુધીના આંકડા મુજબ, ફ્રેંકલિન ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ ફંડે ૧ વર્ષ, ૩ વર્ષ, ૫ વર્ષ, ૧૦ વર્ષ, ૧૫ વર્ષ તેમજ સ્થાપના સમયથી અત્યાર સુધીના સમયગાળામાં પણ તેના બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.

## એક્સિસ બેંકના નાણાંકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામ

એક્સિસ બેંકનો નાણાંકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૩ ટકા વધી રૂ. ૭,૧૧૪ કરોડ થયો, ડિપોઝીટ્સમાં વાર્ષિક ધોરણે ૧૮ ટકાની અને ધિરાણમાં ૧૯ ટકાની વૃદ્ધિ સાથે બજારમાં મજબૂત હિસ્સો મેળવ્યો

ભારતની અગ્રણી ખાનગી ક્ષેત્રની બેંકોમાંની એક એક્સિસ બેંકે નાણાંકીય વર્ષ ૨૦૨૭ની મજબૂત શરૂઆત કરી છે. બેંકે નાણાંકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રૂ. ૭,૧૧૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે વાર્ષિક ધોરણે ૨૩ ટકા વધુ છે. ઓપરેટિંગ આવકમાં સુધારો અને સ્થિર એસેટ ક્વોલિટીના કારણે આ વૃદ્ધિ નોંધાઈ છે. ચોખ્ખી વ્યાજ આવક (એનઆઈઆઈ) વાર્ષિક ધોરણે ૮ ટકા વધીને રૂ. ૧૪,૬૪૬ કરોડ થઈ છે,

એક્સિસ બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ અમિતાભ ચૌધરીએ જણાવ્યું હતું કે, "ગ્રાહકોની અપેક્ષાઓ સતત બદલાઈ રહી છે અને ટેક્નોલોજી નાણાંકીય સેવાઓના ક્ષેત્રમાં ઝડપથી પરિવર્તન લાવી રહી છે. આવી સ્થિતિમાં અમારું મુખ્ય ધ્યાન વિશ્વાસ, નવીનતા અને મજબૂતાઈના આધારે મોટા પાયે સક્ષમ બેંકિંગ વ્યવસ્થા ઊભી કરવા પર કેન્દ્રિત છે. આ ત્રિમાસિક ગાળા દરમિયાન અમે ડિજિટલ સુરક્ષા વધુ મજબૂત બનાવવા, ગ્રાહકોની પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે એઆઈનો ઉપયોગ વધારવા, વિકાસ માટેના નવા પ્લેટફોર્મ વિસ્તૃત કરવા તેમજ આર્થિક પ્રગતિને વેગ આપતી વિવિધ ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે સતત રોકાણ કર્યું છે. અમને વિશ્વાસ છે કે આ રોકાણો દ્વારા અમે અમારા ગ્રાહકો, હિતધારકો અને સમાજ માટે લાંબા ગાળાનું મૂલ્ય સર્જી શકીશું."

## ટર્ટલમિન્ટે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં નફો નોંધાવ્યો

ટર્ટલમિન્ટ ફિનટેક સોલ્યુશન્સ લિમિટેડે ("ટર્ટલમિન્ટ"), આજે ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને નાણાકીય વર્ષ માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા હતા, જેમાં કંપનીએ મજબૂત વૃદ્ધિ સાથે નફાકારકતાના મુખ્ય સીમાચિહ્નો હાંસલ કર્યા છે.

કંપનીના ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ધીરેન્દ્ર માહ્યાવંશીએ પરિણામો અંગે જણાવ્યું હતું કે, "આ ક્વાર્ટરમાં અમારી વૃદ્ધિ અમારા પ્લેટફોર્મ અને ઈકોસિસ્ટમની વિતરણ તાકાતને પ્રતિબિંબિત કરે છે. અમે લિસ્ટેડ કંપની તરીકે અમારી સફર શરૂ કરવા માટે ઉત્સાહિત છીએ, જે અમારા બિઝનેસ મોડેલ અને શિસ્તબદ્ધ અમલીકરણની શક્તિને રજૂ કરે છે. આજે, ૪૬ વીમા કંપનીઓ સાથે ભાગીદારી અને ૧૯,૦૦૦થી વધુ પિન કોડમાં હાજરીની મદદથી ૬.૫ લાખથી વધુ ડિજિટલ પાર્ટનર, લાખો ભારતીયો માટે વીમાને વધુ સુલભ બનાવવામાં મદદ કરી રહ્યા છે."

કંપનીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને COO આનંદ પ્રભુદેસાઈએ જણાવ્યું હતું કે, "અમે ટેકનોલોજી અને AIમાં રોકાણ કરવાનું આગળ ધપાવીએ છીએ, ત્યારે અમારું ધ્યાન અમારા ભાગીદારોને સશક્ત બનાવવા, ગ્રાહકોના અનુભવમાં વધારો કરવા અને ભારતના સૌથી વિશ્વસનીય ડિજિટલ વીમા વિતરણ પ્લેટફોર્મમાંથી એકના નિર્માણ પર છે. વૃદ્ધિ માટેના મુખ્ય ચાલકોની મજબૂત ગતિ સાથે, વ્યવસાય ઉત્તમ સ્થિતિમાં છે, અને અમે અમારા તમામ હિસ્સેદારો માટે ટકાઉ મૂલ્યના નિર્માણ માટે અમારી લાંબા ગાળાની વ્યૂહરચનાને અમલમાં મૂકવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ."

## કોડીનારમાં શેરડીનું ઉત્પાદન બમણું કરવા માટે ઈન્ડિયન પોટાશ લિમિટેડે બ્યુગલ ફૂંક્યું

ઈન્ડિયન પોટાશ લિમિટેડના કોડીનાર સુગર યુનિટે "ફાર્મર વર્કશોપ ઓન સસ્ટેનેબલ સુગરકેન કલ્ટીવેશન"નું સફળતાપૂર્વક આયોજન કર્યું. આ વર્કશોપનો ઉદ્દેશ્ય ખેડૂતોને ટકાઉ શેરડીની ખેતીની નવીનતમ તકનીકોથી પરિચિત કરાવવાનો અને શેરડીની ઉત્પાદકતા બમણી કરવા માટે વ્યવહારૂ તાલીમ આપવાનો હતો.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ઈન્ડિયન પોટાશ લિમિટેડ, કોર્પોરેટ ઓફિસ, નવી દિલ્હીના ચીફ એગ્રીકલ્ચરલ સાયન્ટિસ્ટ ડૉ. યુ. એસ. તેવતિયા; ઈન્ડિયન પોટાશ લિમિટેડના કોડીનાર સુગર યુનિટના યુનિટ હેડ શ્રી યશ સોલંકી; ઈન્ડિયન પોટાશ લિમિટેડના તલાલા સુગર યુનિટના યુનિટ હેડ શ્રી યોગેશ રાઠી; કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી શિવાભાઈ સોલંકી અને બિલેશ્વર ખાંડ ઉદ્યોગ મંડળીના અધ્યક્ષ શ્રી પી. એસ. ડોડિયા દ્વારા દીપપ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે, આઈપીએલ સુગર્સના ચીફ એગ્રીકલ્ચરલ સાયન્ટિસ્ટ ડૉ. યુ. એસ. તેવતિયાએ કોડીનાર સુગર મિલ માટે આઈપીએલની લાંબા ગાળાની યોજનાઓ અને ખેડૂતોને પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ અને સુવિધાઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી.

તેમણે આઈપીએલની વિશેષ વિભાવના "શેરડીની ઉત્કૃષ્ટતાના ૧૦ટી એટલે કે ૧.ઉત્પાદન, ૨.ટોપ વેરાયટી, ૩.ટોપ પરફોર્મ સીડ, ૪.ટ્રાઈકોડર્મા, ૫.થિયોફેનેટ મિથાઈલ, ૬.ટ્રેન્ચ મેથડ, ૭.સમયસર વાવણી, ૮.ટીઆરપી મેનેજમેન્ટ, ૯.ટોટલ વીડ મેનેજમેન્ટ અને ૧૦.શેરડી બાંધવી અને ૬આરની વિભાવના ૧.યોગ્ય સ્ત્રોત, ૨.યોગ્ય માત્રા, ૩.યોગ્ય પદ્ધતિ, ૪.યોગ્ય સમય, ૫.યોગ્ય મિશ્રણ અને ૬.યોગ્ય પાણી વ્યવસ્થાપન"ને પણ રજૂ કરી. તેમાં ઉત્કૃષ્ટ જાતની પસંદગીથી લઈને આધુનિક કૃષિ વ્યવસ્થાપન સુધીના તમામ મહત્વપૂર્ણ પાસાઓનો સમાવેશ થાય છે. આ પહેલનો ઉદ્દેશ્ય ટકાઉ શેરડી ઉત્પાદન, વૈજ્ઞાનિક ખેતી, સુધારેલ લણણી વ્યવસ્થાપન અને ઉચ્ચ ખાંડ રિકવરી સુનિશ્ચિત કરવાનો છે.

ડૉ. તેવતિયાએ શેરડી વિભાગનો ભાવિ કાર્યયોજના પણ રજૂ કરી, જેમાં ખેડૂત સંપર્ક કાર્યક્રમો, તકનીકી માર્ગદર્શન, શેરડી વિકાસ પ્રવૃત્તિઓ અને પ્રાદેશિક વિકાસ વ્યૂહરચનાઓની માહિતી આપવામાં આવી.

ડૉ. તેવતિયાએ ખેડૂતોને ખાતરી આપી કે કંપનીનો મૂળ મંત્ર "અમે તમારી ખુશીમાં ખુશ છીએ" છે.

આ કાર્યક્રમમાં, જૈન ઈરિગેશન સિસ્ટમ્સ લિમિટેડના સ્ટેટ હેડ શ્રી ગિરધર લોહે ખેડૂતોને ટપક સિંચાઈ ટેકનોલોજી અને ૪ ફૂટની હરોળના અંતર સાથે શેરડીની ખેતીના ફાયદાઓ વિશે માહિતી આપી. તેમણે સમજાવ્યું કે ટપક સિંચાઈ અપનાવવાથી ૪૦-૬૦% પાણીની બચત, ૨૦-૪૦% વધુ ઉત્પાદન, ખાતરનો સંતુલિત ઉપયોગ, વધેલા અને ઝડપી મૂળ વિકાસ, મજૂરી અને વીજળી ખર્ચમાં ઘટાડો તેમજ રોગ અને જીવાતોના ઉપદ્રવમાં ઘટાડો સહિત અનેક ફાયદાઓ મળે છે.

શ્રી ગિરધર લોહે જણાવ્યું હતું કે "મોર ક્રોપ પર ડ્રોપ"ના સિદ્ધાંત પર આધારિત ટપક સિંચાઈ ટેકનોલોજી ભવિષ્યની ટકાઉ ખેતીનો પાયો છે. ઈન્ડિયન પોટાશ લિમિટેડ (આઈપીએલ) અને જૈન ઈરિગેશન સિસ્ટમ્સ લિમિટેડે સંયુક્ત રીતે કોડીનારથી ખેડૂતોને ટપક સિંચાઈ ટેકનોલોજી, વૈજ્ઞાનિક માર્ગદર્શન, ગુણવત્તાયુક્ત કૃષિ ઉત્પાદનો અને અદ્યતન કૃષિ ઉકેલો પ્રદાન કરીને ખેતીને વધુ નફાકારક, પાણી-બચત અને ટકાઉ બનાવવા માટે એક અનોખી પહેલ શરૂ કરી છે.

## ફિઝિક્સવાલા (પીડબ્લ્યુ) દ્વારા નીટ ૨૦૨૬ માં વિદ્યાર્થીઓના શાનદાર પ્રદર્શનની ઉજવણી



એજ્યુકેશન કંપની ફિઝિક્સવાલા (પીડબ્લ્યુ) એ તેના નીટ ૨૦૨૬ ના પરિણામો જાહેર કર્યા છે, જેમાં અનેક વિદ્યાર્થીઓએ ટોચના નીટ ઓલ ઈન્ડિયા રેંક (એઆઈઆર) માં સ્થાન મેળવ્યું છે.

રવિકાંત દિવાકર (એઆઈઆર ૫૫), શિવાંશ આનંદ (એઆઈઆર ૧૫૨), દિવ્યાંશ જયસ્વાલ (એઆઈઆર ૧૭૩), અને સાક્ષી કુમારી (એઆઈઆર ૧૯૨) એ કેટલાક શાનદાર પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ છે. આ સિદ્ધિઓ પીડબ્લ્યુ દ્વારા પ્રદાન કરવામાં આવતી શિક્ષણ ઈકોસિસ્ટમની લવચીકતાનો પુરાવો છે, જેમાં વિદ્યાર્થીઓ તેમની વ્યક્તિગત પસંદગીઓ અને શીખવાની શૈલીના આધારે ઓનલાઈન કોર્સ અથવા ઓફલાઈન, ટેક-સક્ષમ પીડબ્લ્યુ વિદ્યાપીઠ કેન્દ્રો દ્વારા ઉચ્ચ સ્કોર મેળવી શક્યા છે.

ફિઝિક્સવાલા (પીડબ્લ્યુ) ના ફાઉન્ડર અને સીઈઓ અલખ પાંડેએ જણાવ્યું હતું કે, "દરેક નીટ ૨૦૨૬ ના ઉમેદવારને અભિનંદન કે જેમણે આ સફરમાં પોતાની મહેનત, શિસ્ત અને હૃદય રેડી દીધું છે. તમારું સમર્પણ ખરેખર પ્રશંસનીય છે. આજે જેઓ તેમના પરિણામોની ઉજવણી કરી રહ્યા છે.

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

# નીટ-યુજી ૨૦૨૬: નીટ પરીક્ષાના પરિણામોમાં એલન અમદાવાદનું ઐતિહાસિક પ્રદર્શન; અમદાવાદ કેન્દ્રના ૪ સ્ટુડન્ટ્સ ટોપ-૧૦૦માં સામેલ



અમદાવાદ:

દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ-યુજી ૨૦૨૬ (NEET-UG 2026) ના પરિણામો જાહેર કરી દેવામાં આવ્યા છે. આ વર્ષે ગુજરાત રાજ્યમાંથી કુલ ૭૯,૧૯૦ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૬૮,૮૩૩ પરીક્ષામાં બેઠા હતા અને ૩૮,૧૪૬ વિદ્યાર્થીઓએ સફળતા હાંસલ કરી છે. આ કપરી અને તીવ્ર સ્પર્ધા વચ્ચે, દેશની અગ્રણી કોચિંગ સંસ્થા એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ (ALLEN Ahmedabad) ના વિદ્યાર્થીઓએ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરીને વધુ એક વખત અત્યંત શાનદાર અને ઐતિહાસિક પરિણામો આપ્યા છે.

એલન અમદાવાદ (ALLEN Ahmedabad) ના ટોપર્સ અને ઉત્કૃષ્ટ ગુણ

નીટ-યુજી ૨૦૨૬ ના પરિણામોમાં એલન અમદાવાદના ક્લાસરૂમ સ્ટુડન્ટ્સે શાનદાર પ્રદર્શન કરીને શ્રેષ્ઠતા સાબિત કરી છે. અમદાવાદ કેન્દ્રના વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા ટોપ રેંક્સમાં પોતાનું સ્થાન પાકું કર્યું છે, જેમાં મુખ્ય નામો નીચે મુજબ છે:

શૌર્ય (Shaurya) – તેમણે ૭૨૦ માંથી ૭૦૦ ગુણ મેળવીને ઓલ ઈન્ડિયા રેંક (AIR) ૨૬ પ્રાપ્ત કર્યો છે.

અક્ષિત – તેમણે પણ ૭૨૦ માંથી ૭૦૦ ગુણ મેળવીને ઓલ ઈન્ડિયા રેંક (AIR) ૩૦ પ્રાપ્ત કર્યો છે.

હિયા – ઓલ ઈન્ડિયા રેંક (AIR) ૪૩ (ગુજરાત ગર્લ્સ ટોપર - Gujarat Girls Topper)

જપ્રેમલ – ઓલ ઈન્ડિયા રેંક (AIR) ૯૩

ધ્યાન – ઓલ ઈન્ડિયા રેંક (AIR) ૧૦૧

એલનના સીઈઓ (CEO) નીતિન કુકરેજાએ શ્રેષ્ઠ પરિણામો બદલ તમામ સ્ટુડન્ટ્સ અને તેમના પરિવારજનોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું કે પરિણામોમાં એલને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. અત્યાર સુધી જોવા મળેલા પરિણામોમાં રાષ્ટ્રીય સ્તરે ટોપ-૧૦ માં ૫, ટોપ-૨૦ માં ૧૦, ટોપ-૫૦ માં ૨૩ અને ટોપ-૧૦૦ માં ૪૬ સ્ટુડન્ટ્સ એલનમાંથી છે. આમાં ૩૬ સ્ટુડન્ટ્સ ક્લાસરૂમના છે, જેમાંથી એક ઓનલાઈન લાઈવ ક્લાસમાંથી અને ૧૦ સ્ટુડન્ટ્સ ડિસ્ટન્સ લર્નિંગ તથા ઓનલાઈન ટેસ્ટ સિરીઝમાંથી છે. એનટીએ (NTA) એ ૬૯૦ કે તેથી વધુ ગુણ ધરાવતા ટોપ-૧૩૮ સ્ટુડન્ટ્સની યાદી પ્રેસ રિલીઝમાં જાહેર કરી છે, જેમાં ૬૩ સ્ટુડન્ટ્સ એલનમાંથી છે. આમાં ૫૦ ક્લાસરૂમ પ્રોગ્રામમાંથી છે, જેમાં એક ઓનલાઈન લાઈવ ક્લાસરૂમમાંથી અને ૧૩ ડિસ્ટન્સ લર્નિંગ તથા ઓનલાઈન ટેસ્ટ સિરીઝમાંથી છે.

એલન ગુજરાતના વાઈસ પ્રેસિડેન્ટ અને ઝોનલ હેડ પંકજ કાબરાએ નેશનલ રિઝલ્ટ્સની માહિતી આપતા જણાવ્યું કે રાષ્ટ્રીય સ્તરે આર્યન ગુપ્તા અને પંશુલ બંસલે સંયુક્ત રીતે ૭૨૦ માંથી ૭૧૫ ગુણ મેળવ્યા છે. ટાઈબ્રેકર રૂલની અગ્રતાના આધારે આર્યન ગુપ્તાને ઓલ ઈન્ડિયા રેંક-૧ અને પંશુલ બંસલને ઓલ ઈન્ડિયા રેંક-૨ જાહેર કરવામાં આવ્યા છે. પંશુલ બંસલ એલનના બે વર્ષના રેગ્યુલર ક્લાસરૂમ સ્ટુડન્ટ છે તથા આર્યન ગુપ્તા એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ સાથે ડિસ્ટન્સ લર્નિંગથી જોડાયેલા છે.

## વાંગચુકના આંદોલન પર રાહુલ ગાંધીની પ્રતિક્રિયા

# દુનિયાની કોઈપણ તાકાત વિદ્યાર્થીઓને રોકી નહીં શકે

નવી દિલ્હી, તા.૧૮

સોનમ વાંગચુકને ધરણા પ્રદર્શન પરથી હટાવ્યા બાદ દિલ્હી પોલીસે તેમને સફદરજંગ હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. આ કાર્યવાહીને લઈને સરકાર વિપક્ષના નિશાના પર આવી ગઈ છે. હવે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક્સ (ઠ) પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેમણે પીએમ મોદી પર આકરા પ્રહારો કર્યા છે.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે, મોદી સરકારનો મુખ્ય સિદ્ધાંત અસત્ય અને હિંસા છે. સોનમ વાંગચુકજી જ્યારે એક અહિંસક ભૂખ હડતાળ પર બેઠા હતા, ત્યારે તેમને જંતર-મંતર પરથી હટાવવા તે તદ્દન ખોટું છે. પેપર લીક, શિક્ષણનો વધતો ખર્ચ અને વિદ્યાર્થીઓના સુસાઈડ એ ભારતના ભવિષ્ય માટે ગંભીર મુદ્દાઓ છે. રાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું કે, કોઈપણ તાકાત ભારતના વિદ્યાર્થીઓને અને અમારામાંથી જે લોકો તેમના પર વિશ્વાસ રાખે છે, અને તેમને પ્રેમ કરે છે, તેમને આ મુદ્દાઓ ઉઠાવતા રોકી શકશે નહીં.

૧૮ જુલાઈની સવારે અનિશ્ચિત મુદ્દતની ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકના ઉપવાસના ૨૧માં દિવસે તબિયત લથડતા દિલ્હી પોલીસે તેમને સફદરજંગ હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. પોલીસે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, આ કાર્યવાહી મેડિકલ એક્સપર્ટ્સની સલાહ અને દિલ્હી હાઈકોર્ટના નિર્દેશોના આધારે કરવામાં આવી છે. લાંબા સમય સુધી ભૂખ હડતાળ અને શરીરમાં પાણીની અછત (ડીહાઈડ્રેશન) થવાના કારણે તેમની હાલત ખૂબ જ નબળી પડી ગઈ હતી.

બીજી તરફ, સોનમ વાંગચુક સફદરજંગ હોસ્પિટલમાં દાખલ થયા બાદ, હોસ્પિટલ પરિસર અને તેની આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે. આ દરમિયાન દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો (પેરામિલિટ્રી ફોર્સ) તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે ઘણી જગ્યાએ બેરિકેડિંગ પણ લગાવવામાં આવ્યા છે.

## ટ્રમ્પનો નવો વિવાદિત પ્લાન

# અમેરિકામાં ૧.૫ લાખ ભારતીય ટ્રક ડ્રાઈવરોની નોકરી પર સંકટ

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રવાસીઓને લઈને એક નવો અને અત્યંત વિવાદિત પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેની સીધી અસર ત્યાં વસતા લાખો ભારતીય પ્રવાસીઓ પર પડશે. પૅન્સિલવેનિયામાં આયોજિત ‘મિલિટરી ઈન્વેસ્ટમેન્ટ સમિટ’માં સંબોધન કરતાં ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેમની સરકાર પ્રવાસી ટ્રક ડ્રાઈવરોને હટાવીને તેમની જગ્યાએ અમેરિકન સેનાના નિવૃત્ત સૈનિકોને તૈનાત કરશે. આ પ્રસ્તાવ હેઠળ, સેનામાં ભારે વાહનો ચલાવવાનો અનુભવ ધરાવતા અમેરિકી નાગરિકોને કોઈ પણ ઝંઝટ વિના સીધું જ કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ આપી દેવામાં આવશે.રાષ્ટ્રપતિ ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે પ્રવાસી ડ્રાઈવરોમાંથી મોટા ભાગના નશાની લતમાં ડૂબેલા હોય છે અને રસ્તા પરના સાઈન બોર્ડ પણ વાંચી શકતા નથી, જેના કારણે અકસ્માતોમાં લોકોના જીવ જઈ રહ્યા છે. ટ્રમ્પ પ્રશાસન આ દિશામાં પહેલાથી જ મોટો ક્રેકડાઉન કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, ચાલુ વર્ષના માર્ચ મહિનામાં જ નવા નિયમો હેઠળ અંદાજે બે લાખ જેટલા પ્રવાસી ડ્રાઈવરોના કોમર્શિયલ લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા છે, જેમની પાસે અગાઉ અમેરિકામાં રહેવા અને કામ કરવાના કાનૂની દસ્તાવેજો હતા.તાજેતરના વર્ષોમાં અમેરિકન નાગરિકો આ ક્ષેત્રથી દૂર થતાં પ્રવાસીઓ માટે ટ્રક ડ્રાઈવિંગ કમાણીનું એક મુખ્ય સાધન બન્યું હતું. ‘નોર્થ અમેરિકન પંજાબી ટ્રકર્સ એસોસિએશન’ ના આંકડા અનુસાર, હાલમાં અમેરિકામાં આશરે ૧.૩ થી ૧.૫ લાખ ટ્રક ડ્રાઈવરો પંજાબ અને હરિયાણા મૂળના છે. જો ટ્રમ્પનો આ નવો પ્રસ્તાવ સંપૂર્ણપણે લાગુ થશે, તો આ હજારો ભારતીય પરિવારોની રોજીરોટી પર સીધું સંકટ આવી જશે. ભારતીય મૂળના ડ્રાઈવરો પહેલાથી જ ફરજિયાત અંગ્રેજી કાર્યક્ષમતા કસોટી અને નવા કડક કાયદાઓની માર ઝીલી રહ્યા છે, તેમાં આ નિર્ણય મુશ્કેલીઓ વધારે વધારશે.

## છત્તીસગઢ હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

# પત્નીના અન્ય પુરુષ સાથે અનૈતિક સંબંધ હોય, તો ભરણપોષણ નહીં મળે

બિલાસપુર, તા.૧૮

લગ્ન પછી જો કોઈ પરિણીત મહિલાના અન્ય પુરુષ સાથે ગેરકાયદેસર સંબંધ હોય, તો તે પતિના ખિસ્સામાંથી ભરણપોષણ વસૂલવાનો હક ગુમાવી દેશે. છત્તીસગઢ હાઈકોર્ટે આવા જ એક મામલામાં સ્પષ્ટ કહી દીધું છે કે છેતરપિંડી કરનારી પત્નીને પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો કોઈ કાનૂની અધિકાર નથી.આ કડક ચુકાદો એવા પતિઓ માટે મોટી રાહત બનીને આવ્યો છે, જેમને પત્નીઓની બેવફાઈ પછી પણ અદાલતોના ચક્કર કાપીને દર મહિને પોતાની કાળી મજૂરીની કમાણી લૂંટાવવા માટે મજબૂર થવું પડતું હતું.હાઈકોર્ટે જશપુરની રહેવાસી એક મહિલા અને રાયપુરના રહેવાસી યુવકના કેસમાં આ ચુકાદો આપ્યો છે. આ બંનેના લગ્ન ૧૯ એપ્રિલ ૨૦૧૮ના રોજ હિન્દુ રીતિ-રિવાજ મુજબ ખૂબ જ ધૂમધામથી થયા હતા. પરંતુ લગ્નના થોડા દિવસો બાદ જ બંને વચ્ચે રોજ-રોજના ઝઘડા અને મનદુઃખ શરૂ થઈ ગયા. પરિણામે, લગ્નના માત્ર ૮ મહિના બાદ જ બંને એકબીજાથી અલગ થઈ ગયા. અલગ થયા પછી આ મામલો કોર્ટમાં પહોંચ્યો ત્યારે પત્નીએ પતિ અને તેના પરિવારના સભ્યો પર સતામણીનો આરોપ લગાવીને મોટા ભરણપોષણની માંગણી કરી દીધી હતી. અદાલતમાં પોતાને નિર્દોષ સાબિત કરવા માટે મહિલાએ રડી-રડીને કેટલાય ગંભીર આરોપો લગાવ્યા હતા. જોકે કોર્ટે તેને નકારી દીધા છે.

## પત્નીએ કહ્યું ૨૦ જુલાઈએ સંસદ માર્ચ થઈને જ રહેશે

# હોસ્પિટલમાં પણ સોનમ વાંગચુકના ઉપવાસ યથાવત

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીના જંતર-મંતર પર દેશની શિક્ષણ વ્યવસ્થામાં સુધારા અને દ્વઈઈ્ પેપર લીક વિવાદ મુદ્દે છેલ્લા ૨૦ દિવસથી આમરણ અનશન પર બેઠેલા પ્રખ્યાત ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકને દિલ્હી પોલીસે સવારે સફદરજંગ હોસ્પિટલમાં ખસેડ્યા છે. આ ઘટના બાદ આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. સોનમ વાંગચુકના પત્ની ગીતાંજલિ જે. આંગમોએ હોસ્પિટલ બહાર પત્રકારો સાથે વાતચીત કરતા સ્પષ્ટ કર્યું છે કે, વાંગચુકને હોસ્પિટલમાં દાખલ કરવા છતાં તેમનું અનશન ચાલુ જ છે અને આગામી ૨૦ જુલાઈએ યોજાનારી સંસદ માર્ચ પોતાના નિર્ધારિત સમય મુજબ જ આગળ વધશે.

ગીતાંજલિ જે. આંગમોએ જણાવ્યું કે, ૨૦ જુલાઈએ સંસદ તરફ યોજાનારી માર્ચ સંપૂર્ણપણે યથાવત છે. શિક્ષણ પ્રણાલીમાં ફેરફાર કરવો એ વહીવટીતંત્ર અને નીતિ ઘડવૈયાઓની જવાબદારી છે. આપણું કામ માત્ર તેમને એ જણાવવાનું છે કે વર્તમાન સિસ્ટમ સંપૂર્ણપણે પડી ભાંગી છે.

આ આંદોલન હવે માત્ર દ્વઈઈ્ પેપર લીક પૂરતું મર્યાદિત નથી રહ્યું. આ આખી શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટેની વ્યાપક ઝુંબેશ બની ચૂકી છે. આ મુવમેન્ટ સમગ્ર દેશના અંતરાત્માને જગાડવા માટે છે, અને તે ઘણી હદ સુધી જાગી પણ ચૂક્યો છે.

હોસ્પિટલ દ્વારા સોનમ વાંગચુકને ગ્લુકોઝ અથવા ઈલેક્ટ્રોલાઈટ પાવડર આપવાની સલાહ આપવામાં આવી હતી, પરંતુ વાંગચુક પોતાના નિર્ણય પર અડગ રહ્યા છે અને તેમણે કોઈપણ પ્રકારની શુગર કે પાવડર લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. તેઓ છેલ્લા ૨૦ દિવસથી માત્ર મીઠાવાળું પાણી પીને જ પોતાનું આંદોલન ચલાવી રહ્યા છે. ગીતાંજલિએ ઉમેર્યું કે, સતત ઉપવાસના કારણે તેમના સ્નાયુઓ નબળા પડ્યા છે અને શરીરમાં અશક્તિ છે, પરંતુ માનસિક રીતે તેઓ અત્યંત મજબૂત અને સજાગ છે.

વાંગચુકના પરિવારે દિલ્હી પોલીસ દ્વારા તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની પ્રક્રિયા સામે કાનૂની સવાલો ઉઠાવ્યા છે. હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કરતા ગીતાંજલિએ કહ્યું કે, કોર્ટે ક્યારેય હોસ્પિટલમાં દાખલ કરવાનો આદેશ આપ્યો નહોતો. કોર્ટે માત્ર એટલું જ કહ્યું હતું કે વ્યક્તિનું આરોગ્ય સર્વોપરી છે અને નિયમિત અંતરે તેની તપાસ થવી જોઈએ. આ ઉપરાંત હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલા રિપોર્ટ પર પણ શંકા વ્યક્ત કરવામાં આવી છે.

ગઈકાલે તેમનું પોટેશિયમ લેવલ ૪.૩ હતું, તો આજે અચાનક તે ઘટીને ૨.૯ કેવી રીતે થઈ શકે? સરકાર જે આંકડા ટાંકી રહી છે તેની સત્યતા તપાસવા માટે અમે બહારની સ્વતંત્ર લેબોરેટરીમાંથી ટેસ્ટ કરાવીશું. કોઈપણ દવા આપતા પહેલાં અમે રિપોર્ટ્સની સ્વતંત્ર ચકાસણી કરવા માંગીએ છીએ. - ગીતાંજલિ જે. આંગમો

બીજી તરફ, સફદરજંગ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડો. ચારુ બામ્બાએ જણાવ્યું હતું કે સોનમ વાંગચુક સવારે ૭:૪૦ વાગ્યે હોસ્પિટલ આવ્યા હતા. લાંબા ઉપવાસના કારણે તેમને સામાન્ય ડીહાઈડ્રેશન અને નબળાઈ છે, પરંતુ તેમના બાકીના તમામ વાઈટલ પેરામીટર્સ સ્થિર છે અને સતત મોનિટરિંગ હેઠળ સારવાર ચાલી રહી છે. દિલ્હી પોલીસનું કહેવું છે કે તબિયત લથડવાના કારણે મેડિકલ એડવાઈઝ અને હાઈકોર્ટના નિર્દેશો મુજબ જ તેમને શિફ્ટ કરાયા છે.

## જંતર-મંતર પર ફરી મોટો હોબાળો

# અભિજિત દીપકે પર શાહી ફેંકાઈ, થપ્પડ મારવાનો પ્રયાસ

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન કરી રહેલા અને શનિવારથી જ ભૂખ હડતાળ પર બેઠેલા કોકરોચ જનતા પાર્ટી ના સ્થાપક અભિજિત દીપકે પર એક મહિલા દ્વારા સ્યાહી (શાહી) ફેંકવામાં આવી છે. આ ઘટનાને પગલે આંદોલન સ્થળ પર ભારે અફરાતફરી અને હોબાળો મચી ગયો છે. આ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં સ્પષ્ટ દેખાય છે કે દીપકે જ્યારે પ્રદર્શન સ્થળે હાજર પોતાના સમર્થકો અને લોકો સાથે વાતચીત કરી રહ્યા હતા, ત્યારે જ એક મહિલા અચાનક તેમની નજીક પહોંચી હતી અને તેમના પર શાહી ફેંકી દીધી હતી.

આરોપ છે કે મહિલાએ શાહી ફેંકવાની સાથે-સાથે અભિજિત દીપકેને થપ્પડ મારવાનો પણ પ્રયાસ કર્યો હતો. જોકે, આ ઘટના બનતાની સાથે જ ત્યાં હાજર આંદોલનના વોલન્ટિયર્સે ત્વરિત કાર્યવાહી કરીને એ મહિલાને ઝડપી લીધી હતી. શનિવારે સવારથી જ જંતર-મંતર પર ભારે ગહમાગહમીનો માહોલ જોવા મળી રહ્યો છે.

સવારે જ પોલીસે ૨૧ દિવસથી અનશન પર બેઠેલા સોનમ વાંગચુકને ત્યાંથી હટાવી સફદરજંગ હોસ્પિટલ ભેગા કર્યા હતા, જેમના ગયા બાદ તુરંત જ અભિજિત દીપકેએ આંદોલન ચાલુ રાખવા માટે પોતે અનિશ્ચિતકાલીન ભૂખ હડતાળ પર બેસવાની જાહેરાત કરી હતી. દીપકેની સાથે ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (છૈંજીછ) ના કાર્યકર્તાઓ નેહા, આમીન અને મનીષ પણ ભૂખ હડતાળ પર બેઠેલા છે. સામાજિક અને પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક દ્વઈઈ્ પરીક્ષામાં થયેલી કથિત ગેરરીતિઓ અને આ વિવાદના કારણે કેટલાક વિદ્યાર્થીઓના થયેલા કથિત મોતના વિરોધમાં ૨૮ જૂનથી કોકરોચ જનતા પાર્ટી (કોજપા) ના નેતૃત્વમાં ચાલી રહેલા આંદોલનના સમર્થનમાં ૨૧ દિવસથી ભૂખ હડતાળ પર હતા. શનિવારે સવારે તેમની તબિયત લથડતાં દિલ્હી પોલીસે હાઈકોર્ટના નિર્દેશો અને મેડિકલ સલાહના આધારે તેમને સફદરજંગ હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે.

## ૫ માળની ઈમારત ધ્વસ્ત કરવા ૩ JCB તહેનાત

# મમતાના ભત્રીજાના ગેરકાયદે કાર્યાલય પર બુલડોઝર એક્શન

કોલકાતા, તા.૧૮

તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી અને ડાયમંડ હાર્બરના સાંસદ અભિષેક બેનર્જીની ગેરકાયદેસર રીતે બનેલી ઓફિસને તોડી પાડવા માટે વહીવટીતંત્રે શનિવારે મોટી કાર્યવાહી શરૂ કરી છે. આ ૫ માળની ઓફિસ બિલ્ડિંગને જમીનદોસ્ત કરવા માટે એકસાથે ત્રણ બુલડોઝર (JCB) કામે લગાડવામાં આવ્યા છે. મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીની આ ઓફિસ અમતાલા-બારુઈપુર રોડ પર આવેલી છે.

મહાનગરપાલિકા અને સ્થાનિક પ્રશાસન દ્વારા આ બિલ્ડિંગને સંપૂર્ણપણે ગેરકાયદેસર જાહેર કરવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા અગાઉ પણ આ ઈમારતને તોડી પાડવા માટે અભિષેક બેનર્જીને ઘણી વખત સત્તાવાર નોટિસ મોકલવામાં આવી હતી અને બિલ્ડિંગ પર નોટિસ ચોંટાડીને આરોપ લગાવવામાં આવ્યો હતો કે આ ઈમારત કોઈ પણ પ્રકારની મંજૂરી વિના બનાવવામાં આવી હતી. જોકે, અભિષેક બેનર્જી તરફથી આ નોટિસોનો કોઈ જવાબ આપવામાં આવ્યો નહોતો, જેના પગલે શનિવારે પ્રશાસને આખરે કડક વલણ અપનાવીને ઈમારતને ધ્વસ્ત કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. સાંસદ અભિષેક બેનર્જીની આ સંસદ સભ્ય કાર્યાલય (MP Office) દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં આવેલી છે.

## રાજકારણમાં ફરી મોટો ઉલટફેર

# શરદ પવારની NCP અને NDA વચ્ચે કઈ મોટી ડીલની ચાલી રહી છે તૈયારી?

મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્રના રાજકારણમાં શું ફરી એકવાર મોટો ભૂકંપ આવવા જઈ રહ્યો છે? છેલ્લા એક અઠવાડિયાથી રાજકીય વર્તુળોમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(જીઁ)ના વડા શરદ પવાર ભાજપ સાથે સંપર્ક સાધી રહ્યા છે. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ હાઈકમાન્ડ શરદ પવારની પાર્ટીને એક સ્વતંત્ર પક્ષ તરીકે દ્ગડ્ઢછ(નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ)માં સામેલ કરવા ઉત્સુક નથી. ભાજપની શરત છે કે ગઠબંધનમાં જોડાતાં પહેલા શરદ પવારની પાર્ટીએ સુનેત્રા પવારની આગેવાની હેઠળની દ્ગઝ્રઁ સાથે ફરી એકઠા થવું પડશે. આ સાથે જ ભાજપે શરદ પવારની પાર્ટીના ભાજપમાં વિલીનીકરણની શક્યતાઓને પણ સંપૂર્ણપણે નકારી કાઢી છે.

શિવસેના અને એનસીપી(દ્ગઝ્રઁ)માં પડેલા ભાગલા બાદ મહારાષ્ટ્રમાં ભાજપ સૌથી શક્તિશાળી પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. ભાજપ સારી રીતે જાણે છે કે જો શરદ પવારની પાર્ટીને અલગથી ગઠબંધનમાં લાવવામાં આવે તો તેના વર્તમાન સહયોગી પક્ષોમાં અસંતોષ અને અસ્થિરતા ઊભી થઈ શકે છે. આ સ્થિતિને ટાળવા માટે ભાજપે એક મોટી ઓફર આપી છે કે જો એનસીપીના બંને જૂથો ફરી એક થઈ જાય, તો આગામી સમયમાં બંને જૂથોમાંથી એક-એક નેતાને કેન્દ્ર સરકારમાં મંત્રીપદ આપવા અંગે વિચારણા થઈ શકે છે.

આ રાજકીય ગતિવિધિઓ એવા સમયે સામે આવી છે જ્યારે શરદ પવારની પાર્ટીએ સીમાંકન બિલ પર નરમ વલણ અપનાવવાનો સંકેત આપ્યો છે. આ બિલ મહિલા અનામત કાયદા સાથે જોડાયેલું છે, જેના દ્વારા લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ કરવાની યોજના છે. જો શરદ પવારની પાર્ટી દ્ગડ્ઢછમાં જોડાય છે, તો ભાજપ સંસદમાં બે-તૃતીયાંશ બહુમતીની નજીક પહોંચી જશે, જે બંધારણીય સુધારા બિલ પસાર કરવા માટે અનિવાર્ય છે. આ જ બહુમતીના અભાવે નરેન્દ્ર મોદી સરકાર એપ્રિલમાં સંસદના વિશેષ સત્ર દરમિયાન આ બિલ પસાર કરી શકી ન હતી.

# સામાખ્યાલી-ગાંધીધામ રેલવે સેક્શન પર નૉન-ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ સામાખ્યાલી, વોંધ અને ભચાઉ સ્ટેશો વચ્ચે ક્વૉડ્રપ્લીંગ (Quadrupling) અને ઑટોમેટિક સિગ્નલિંગ પરિયોજનાના કમીશનિંગ કામના સંબંધમાં નૉન-ઈન્ટરલોકિંગ (NI) કામ માટે બ્લૉક લેવામાં આવી રહ્યો છે. આ કામ સામાખ્યાલી-ગાંધીધામ રેલવે સેક્શન પર રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણ તથા પરિચાલન ક્ષમતા અને સુરક્ષા વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ પરિયોજના હેઠળ નૉન-ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

(A) પૂર્ણપણે રદ (Fully Cancelled) ટ્રેનો

૧. ટ્રેન નંબર ૦૯૪૧૬ ગાંધીધામ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ તથા ટ્રેન નંબર ૦૯૪૧૫ બાન્દ્રા ટર્મિનસ–ગાંધીધામ સ્પેશિયલ ૨૩ અને ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૦૯૦૩૭ બાન્દ્રા ટર્મિનસ–ભુજ સ્પેશિયલ ૧૮, ૨૩, ૨૫ અને ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૦૯૦૩૮ ભુજ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૧૯, ૨૪, ૨૬ અને ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૧૨૯૬૫ બાન્દ્રા ટર્મિનસ–ભુજ એક્સપ્રેસ ૨૮ જુલાઈ અને ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૧૨૯૬૬ ભુજ–બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૪ અને ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૪. ટ્રેન નંબર ૧૯૪૦૬ ગાંધીધામ-પાલનપુર એક્સપ્રેસ તથા ટ્રેન નંબર ૧૯૪૦૫ પાલનપુર-ગાંધીધામ એક્સપ્રેસ ૧૯ જુલાઈથી ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી રદ રહેશે.

૫. ટ્રેન નંબર ૨૨૯૫૧ બાન્દ્રા ટર્મિનસ–ગાંધીધામ એક્સપ્રેસ ૨૪ અને ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૨૨૯૫૨ ગાંધીધામ–બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૩ અને ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૬. ટ્રેન નંબર ૦૯૦૦૯ બાન્દ્રા ટર્મિનસ–ભુજ સ્પેશિયલ ૧૯ અને ૨૬ જુલાઈ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૦૯૦૧૦ ભુજ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૦ અને ૨૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૭. ટ્રેન નંબર ૧૨૯૫૯ બાન્દ્રા ટર્મિનસ–ભુજ એક્સપ્રેસ ૨૫ જુલાઈ અને ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૧૨૯૬૦ ભુજ–બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૭ જુલાઈ અને ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૮. ટ્રેન નંબર ૦૯૦૧૧ બાન્દ્રા ટર્મિનસ–ભુજ સ્પેશિયલ ૨૧ અને ૨૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૦૯૦૧૨ ભુજ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૨ અને ૨૯ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

(B) આંશિક રૂપે રદ (Partially Cancelled) ટ્રેનો

ટ્રેન નંબર ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ ૨૩ જુલાઈ ૨૦૨૬ થી ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ધ્રાંગધ્રા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા ધ્રાંગધ્રા-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ ૨૪ જુલાઈ ૨૦૨૬ થી ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ભુજ અને ધ્રાંગધ્રા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૪૩૨૧ બરેલી-ભુજ એક્સપ્રેસ ૨૭, ૨૯ અને ૩૧ જુલાઈ તથા ૦૨ અને ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ભિલડી સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા ભિલડી-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૪૩૨૨ ભુજ-બરેલી એક્સપ્રેસ ૩૦ જુલાઈ તથા ૦૧, ૦૨ અને ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ભિલડી સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ભુજ-ભિલડી વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૪૩૧૧ બરેલી-ભુજ એક્સપ્રેસ ૨૮ અને ૩૦ જુલાઈ તથા ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ચાંદલોડિયા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા ચાંદલોડિયા-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૪૩૧૨ ભુજ-બરેલી એક્સપ્રેસ ૨૮, ૨૯ અને ૩૧ જુલાઈ તથા ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ચાંદલોડિયા સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ભુજ-ચાંદલોડિયા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૨૦૬૮૬ કેએસઆર બેંગલુરુ-ગાંધીધામ એક્સપ્રેસ ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ગાંધીધામ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૨૦૬૮૫ ગાંધીધામ-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ગાંધીધામ-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૬૩૩૬ નાગરકોઈલ-ગાંધીધામ એક્સપ્રેસ ૨૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ગાંધીધામ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૬૩૩૫ ગાંધીધામ-નાગરકોઈલ એક્સપ્રેસ ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ગાંધીધામ-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૨૨૯૦૩ બાન્દ્રા ટર્મિનસ–ભુજ એસી એક્સપ્રેસ ૩૧ જુલાઈ અને ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન ટ્રેન નંબર ૨૨૯૦૪ ભુજ–બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૦૧ અને ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ભુજ-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૧૦૯૨ પુણે-ભુજ એક્સપ્રેસ ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૧૦૯૧ ભુજ-પુણે એક્સપ્રેસ ૦૫ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ભુજ-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૨૦૯૩૬ ઈન્દૌર-ગાંધીધામ એક્સપ્રેસ ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ગાંધીધામ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૨૦૯૩૫ ગાંધીધામ-ઈન્દૌર એક્સપ્રેસ ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા અમદાવાદ-ગાંધીધામ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**ઈલેક્ટ્રિક લોકો ટ્રીપ શેડ ના સંબંધમાં સિગ્નલીંગ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-આરજેટી-૨૬-૨૭-SnT-E-૧૪ તારીખ: ૧૬-૦૭-૨૦૨૬**

**કામનું નામ:** રાજકોટ ડિવિઝન :- ઓખા સ્ટેશન ખાતે ઈલેક્ટ્રિક લોકો ટ્રીપ શેડના સંબંધમાં સિગ્નલીંગ કામ. **અંદાજીત ટેન્ડર પડતર:** ₹ ૬૪,૩૯,૫૭૮.૪૯ (રૂપિયા ચોંસઠ લાખ ઓગણચાળીસ હજાર પાંચ સો ઈક્યોતેર અને ઓગણપચાસ પૈસા માત્ર) **અર્નેસ્ટ મની ડિપોઝીટ:** ₹ ૧,૨૮,૮૦૦.૦૦ (રૂપિયા એક લાખ અઠ્ઠાવીસ હજાર આઠસો માત્ર) **ટેન્ડર ફોર્મ ફી:** પેરા-૩, GCC-૨૦૨૨ મુજબ ₹ ૦૦.૦૦ (શુન્ય હજાર) **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** તા.૧૦-૦૮-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાક સુધી. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ:** www.ireps.gov.in RJT-085

અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**ટૉ વૉલ સહિત વધારાના ઓપનિંગ (3.0M X 2.0M) ની જોગવાઈ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૧૬ વર્ષ ૨૦૨૬-૨૭ તા.૧૭/૦૭/૨૦૨૬**

**ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૬-૨૭-ઈ-૪૦**

**કામનું નામ:** રાજકોટ ડિવિઝન :- સિની. ડીઈએન (પૂર્વ)-રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ વાવણીયા-માળીયા મિયાણા સેક્શન વચ્ચે કિ.મી. ૨૨/૪ થી ૨૪/૧-૨ ખાતે ૦૬ બ્રિચીઝ લોકેશનો ખાતે ટૉ વોલ સહિત વધારાના ઓપનિંગ (3.0M X2.0M) ની જોગવાઈ. **NITની અંદાજીત પડતર:** ₹ ૧૫,૫૪,૮૨,૩૦૧.૦૪ **અર્નેસ્ટ મની:** ₹ ૩૧,૦૯,૭૦૦.૦૦ **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૧૨-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. વેબસાઈટ: www.ireps.gov.in RJT-087

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**આયુર્વેદ સંકુલ**

નિઃશુલ્ક નિદાન અને રાહતદરે સારવાર, વૈદ્યરાજ હરિનાથ ઝા દ્વારા શ્રી હરિ આગમન સુવર્ણ મહોત્સવ પ્રસંગે વિનામૂલ્યે નિદાન. અને ઓછા ખર્ચે સારવાર ૧ વર્ષ સુધી આપવામાં આવશે.

સ્થળ : આયુર્વેદ સંકુલ, અંબિકા ચોક, નવા બસ સ્ટેન્ડ પાછળ, આણંદ.

Mo.98250 89524

પ્રભાત

# ઇસરોના વૈજ્ઞાનિકોએ નોકરી છોડતા સ્પેશ મિશનને ફટકો પડશે

અંતરિક્ષ અનુસંધાન કેન્દ્ર (ઇસરો)ના વૈજ્ઞાનિકો તથા ટેકનીકલ અધિકારીઓએ રાજીનામું અથવા સ્વૈચ્છીક સેવા નિવૃત્તિની નીતિમાં સરકાર તરફથી બદલાવનો આ સંકેત આપે છે કે દેશની ટોચની સંસ્થાઓમાં બહુ બરાબર ચાલતું નથી.

તાજેતરમાં ૧૦૦થી વધુ વૈજ્ઞાનિકોએ ઇસરોમાંથી રાજીનામું આપ્યું હતું. અને ઇસરોને છોડીને અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રમાં નવા સ્ટાર્ટ તરફ વલણ અપનાવ્યું છે. વીઆરએસ લેવા વાળામાં વિક્રમ સારાભાઇ અંતરિક્ષ કેન્દ્રના લોન્ચ વિકલ માર્ક-૩ પરિયોજના સાથે જોડાયેલા નિદેશક વિકટર જોસેફ પણ છે ઇસરોના પૂર્વ અધ્યક્ષ એસ, સોમનાથ અગ્નિકૂલ કોસ્મોસ નામના સ્ટાર્ટ અપ સાથે જોડાયેલા છે. આથી આ બાબત સ્પષ્ટ છે કે, અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓ ખોલવાના નિર્ણયની અસર હવે જોવા મળી રહી છે. આશરે ૪૦૦થી વધુ સ્ટાર્ટઅપ શરૂ થઇ ચૂક્યા છે અને દેશની સ્પેર ઇકોનોમી ૮.૪ અરબ ડોલર સુધી પહોંચી ગઇ છે. ઇસરો ઘણા વર્ષોથી દુનિયાભરમાં પોતાની અદ્‌ભૂત સફળતા, જરૂરી મશીનો તથા ટેકનીકલ આત્મનિર્ભરતા માટે માનવામાં આવી રહ્યું છે. હવે વૈજ્ઞાનિકો આ સંસ્થાને અલવિદા કરવા માંગે છે તો તેના કારણો પર વિચાર કરવાની જરૂર છે.

અંતરિક્ષમાં ખાનગી ક્ષેત્રનો પ્રદેશ નહીં પરંતુ ફેરફાર થતી નીતિઓ તથા પ્રોત્સાહનની ઉણપના કારણે ઇસરો પ્રત્યે વૈજ્ઞાનિકોનું આકર્ષણ હવે ઘટી રહ્યું છે તાજેતરના વર્ષોમાં અર્થ ઓબ્ઝર્વવિશન તથા કોમ્યુનિકેશન સેટેલાઇટ યોજનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે કારણ કે, સરકારે વિવિધ મંત્રાલયોની પોતાની જરૂરિયાત માટે પોતાના સેટેલાઇટ લોન્ચ કરવાનું જણાવ્યું છે ઉપરાંત મંત્રાલયોને પોતાની કઇ કઇ જરૂરિયાત છે તે બાબત પર વિચાર કરવામાં સમય લાગી શકે છે.

ઘણા વૈજ્ઞાનિકોનું માનવું છે કે, વિશેષ પ્રોત્સાહન, પરફોર્મન્સ બેઇઝડ્ ઇન્ટેસીવ તથા વધારાનો પગાર જેવી યોજનાઓ તેમને ખાનગી ક્ષેત્રમાં મળે છે આથી આવા પેકેજથી વૈજ્ઞાનિકોમાં આકર્ષણ વધ્યું છે.

તાજેતરમાં રજૂ કરવામાં આદેશો પછી ઇસરોના વૈજ્ઞાનિકોના રાજીનામાં તથા વીઆરએસ આવેદન પર સંબંધિત કેન્દ્ર પ્રમુખ કોઇ નિર્ણય લેશે નહીં હવે આ અધિકાર મંત્રાલય પાસે છે પરંતુ શું આ સમસ્યાનું સમાધાન થઇ શકશે? વૈજ્ઞાનિકોને જબરજસ્તીપૂર્વક ઇસરોમાં રોકી સારૂ વાતાવરણ ઉભુ કરી શકાશે?

શું સ્પેસ સ્ટાર્ટઅપને આ માટે જવાબદાર માનવું જોઇએ? આથી ઘણા પ્રશ્નોનો જવાબ મેળવવો અઘરો છે આ બાબતમાં કોઇ શંકા નથી કે, અંતરિક્ષ ક્ષેત્રનું બજાર હવે ઘણું વધ્યું છે આ ક્ષેત્રમાં ભારતની છલાંગ માત્ર સરકારી નાણાંના ભરોસે લગાવી શકાય નહીં. સરકારે એવી નીતિ બનાવવી જોઇએ કે, આ ક્ષેત્રમાં ખાનગી રોકાણ લાવવા વાળી સંસ્થાઓને શોર્ટકટ અપનાવવાથી અટકાવવી જોઇએ. ખાનગી સંસ્થાઓએ વૈજ્ઞાનીકોને પોતાની તરફ ખેંચી લેવાના સ્થાને એવો માહોલ બનાવવો જોઇએ જ્યાં કામ કરવા નવા વૈજ્ઞાનિકો તૈયાર થાય જાહેર સંસ્થાઓના ભોગે ખાનગી સંસ્થાઓને સમૃધ્ધ કરવાની નીતિથી દેશને નુકસાન થશે.

કેન્દ્ર સરકારે ઇસરો કેન્દ્રોને ગગનયાન અને અન્ય મહત્વપૂર્ણ મિશન સાથે જોડાયેલ ગ્રુપ- એના સાયન્ટિફિક અને ટેકનીકલ કર્મચારીઓના રાજીનામાં અથવા સ્વૈચ્છિક નિવૃત્તિની વિનંતીઓ હવે અવકાશ વિભાગને મોકલવામાં આવશે.

કેન્દ્રનું આ પગલું ૧૦૦ વૈજ્ઞાનિકોના રાજીનામાં બાદ લેવામાં આવ્યું છે જો કે, અવકાશ વિભાગે નોકરી છોડનારાઓનો સત્તાવાર આંકડો જાહેર કર્યો નથી પરંતુ અહેવાલો મુજબ ઇસરોના સૂત્રોએ જણાવ્યું હતું કે, તાજેતરના મહિનાઓમાં ૧૨૦ વૈજ્ઞાનિકોએ રાજીનામું આપ્યું હતું.

કર્ણાટકના બેગલુરૂમાં યુઆર રાવ સેટેલાઇટ સેન્ટર (યુઆરએસસી)-માંથી ૮૦ વૈજ્ઞાનિકોએ નોકરી છોડી હતી જ્યારે કેરસમના તિરૂવનંત પુરમમાં સીએસએસમાંથી ૨૦ વૈજ્ઞાનિકોએ રાજીનામાં આપ્યા હતા.

ઇસરોના ચેરમેન વી. નારાયને મોટી સંખ્યામાં રાજીનામાનો સ્વીકાર કર્યો હતો. અને જણાવ્યું હતું કે, ઘણા લોકો જાય છે પરંતુ આ બાબત સંસ્થાનો ભાગ છે આ પગલું લોકોને ટકાવી રાખવા માટે નથી પરંતુ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ પર અચાનક કોઇ વિપરીત અસર ન પડે તેની ખાતરી કરવા અંગે છે છતાં કોઇ જશે તો અન્ય જવાબદારી લઇ લેશે.

હાલમાં સ્પેસ ટેકનોલોજી સેકટરમાં ઘણી ખાનગી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ખૂબ જ સક્રિય બન્યા છે. ત્યાં વૈજ્ઞાનિકોને વધુ સારો પગાર, આકર્ષક પેકેજ અને કામ કરવાની વધુ સ્વતંત્રતા મળતી હોવાથી ઘણા સિનિયર કે યુવા વૈજ્ઞાનિકો તથા જોડાવવાનું વધુ પસંદ કરે છે.

કેટલાક યુવા વૈજ્ઞાનિકો આગળના ઉચ્ચ અભ્યાસ માટે અથવા નાસા કે અન્ય આંતરરાષ્ટ્રીય સ્પેસ એજન્સીઓ અને વિદેશી યુનિવર્સિટીઓમાં સંશોધન કરવા રાજીનામું આપે છે.

સરકારી નિયમો મુજબ પગાર ધોરણ અને પ્રમોશનની પ્રક્રિયા અમુક ચોક્કસ મર્યાદા તથા નિયમોને આધિન હોય છે. ઘણીવાર લાયકાત અને મહેનતાણાના પ્રમાણમાં આર્થિક લાભ કે સમયસર બઢતી ન મળવાના કારણે અસંતોષ ઉભો થાય છે.

વૈજ્ઞાનિકો પર મિશન દરમ્યાન કામનું ભારે દબાણ હોય છે વર્ક-લાઇફ બેલેન્સ જાળવી ન શકવાના કારણે અથવા અંગત સ્વાસ્થ્ય અને પરિવારને સમય આપવા માટે વૈજ્ઞાનિકો સ્વૈચ્છિક નિવૃત્તિ કે રાજીનામું આપે છે.

અગાઉના સેટેલાઇટ ૫ થી ૭ વર્ષ ચાલતા હતા જ્યારે આધુનિક ટેકનોલોજીના કારણે હવે સેટેલાઇટ ૧૨થી ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે ચાલે છે આ ઉપરાંત હવે એક જ સેટેલાઇટમાં મલ્ટિ બેન્ડ ટ્રાન્સપોન્ડર્સ અને હાઇ-રિઝોલ્યુશન પેલોડ્સ ગોઠવવામાં આવે છે જેથી જે કામ કરવા પહેલા ચાર સેટેલાઇટ જોઇતા હતા તે માત્ર એકથી થાય છે.

# સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગમાં ચિંતા, યાર્નના ભાવમાં પ્રતિ કિલો ૧૦ રૂપિયાનો વધારો

સુરત,તા.૧૮

સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ માટે વધુ એક પડકારજનક સ્થિતિ સર્જાઈ છે. યાર્નના ભાવમાં માત્ર બે દિવસના ગાળામાં પ્રતિ કિલો ૧૦નો વધારો થતાં કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ અને ઉત્પાદકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. બજારમાં પહેલેથી જ કાપડની માંગ નબળી હોવાથી વેપારીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે, ત્યારે કાચા માલના વધેલા ભાવે ઉત્પાદન ખર્ચમાં વધુ વધારો કર્યો છે.ઉદ્યોગ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા વધારાની સીધી અસર યાર્નના ભાવ પર જોવા મળી રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધેલા ભૌગોલિક તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. અગાઉ પ્રતિ બેરલ આશરે ૬૮ ડોલર રહેલો ભાવ વધીને લગભગ ૭૯ ડોલર સુધી પહોંચતાં યાર્ન ઉત્પાદકોએ પણ પ્રતિ કિલો ?૧૦નો ભાવ વધારો જાહેર કર્યો છે.

યાર્નના ભાવમાં થયેલા આ વધારાની અસર હવે ગ્રે કાપડ, પ્રોસેસિંગ અને તૈયાર કાપડના ઉત્પાદન ખર્ચ પર પણ જોવા મળશે. કાચા માલનો ખર્ચ વધવાથી ઉત્પાદકો માટે જૂના ભાવે ઉત્પાદન કરવું મુશ્કેલ બન્યું છે. જો આ વધારો લાંબા સમય સુધી યથાવત્ રહેશે તો તેની અસર તૈયાર કાપડના બજારભાવ પર પણ પડી શકે છે.

વેપારીઓનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી બજારમાં માંગ નબળી હોવાથી વેચાણમાં પહેલેથી જ ઘટાડો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં અચાનક યાર્નના ભાવ વધવાથી નફાના માર્જિનમાં ઘટાડો થશે. ઘણા વેપારીઓએ અગાઉ મોટા પ્રમાણમાં યાર્ન અને અન્ય કાચા માલની ખરીદી કરી છે, પરંતુ તૈયાર માલનું વેચાણ ધીમું રહેતાં સ્ટોક વધવાની અને મૂડી અટવાઈ જવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે જોડાયેલા ઉદ્યોગકારોનું માનવું છે કે હાલની સ્થિતિ નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓ માટે વધુ પડકારજનક બની રહી છે. એક તરફ ઉત્પાદન ખર્ચ સતત વધી રહ્યો છે તો બીજી તરફ બજારમાં માંગમાં ખાસ સુધારો જોવા મળતો નથી. પરિણામે વેપારીઓ પર વધારાનો આર્થિક બોજ આવી રહ્યો છે.

ઉદ્યોગકાર મહેન્દ્ર રામોલિયાએ જણાવ્યું હતું કે ક્રૂડ ઓઈલના વધેલા ભાવની અસર તરત જ યાર્નના બજાર પર જોવા મળી છે. જોકે હાલ કાપડની માંગ નબળી હોવાથી વેપારીઓ માટે આ વધારાનો ખર્ચ સહન કરવો મુશ્કેલ બની રહ્યો છે.

# ઝાલોદમાં ૨૩ વર્ષીય માતાએ બે માસૂમ બાળકીઓ સાથે કૂવામાં ઝંપલાવ્યું

ઝાલોદ,તા.૧૮

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલા અનવરપુરા ગામે આજે વહેલી સવારે ૨૩ વર્ષીય સુનીતાબેન કલારાએ પોતાની બે માસૂમ દીકરીઓ સાથે અગમ્ય કારણોસર કૂવામાં ઝંપલાવીને સામૂહિક આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ હૃદયદ્રાવક ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ગ્રામજનો, ઝાલોદ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને કૂવામાં સઘન શોધખોળ આદરી માતા અને એક બાળકીના મૃતદેહને બહાર કાઢ્યા હતા, જ્યારે અન્ય એક બાળકીની શોધખોળ હજુ પણ ચાલુ રાખવામાં આવી છે.

દાહોદ જિલ્લાના ઝાલોદ પંથકમાંથી માનવતાને હચમચાવી મૂકે તેવી એક અતિ દુઃખદ અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. તાલુકાના અનવરપુરા ગામમાં રહેતી ૨૩ વર્ષની પરિણીતા સુનીતાબેન કલારાએ કોઈ અગમ્ય આર્થિક, કૌટુંબિક કે માનસિક તણાવના કારણે એક ખોફનાક પગલું ભરી લીધું હતું. તેણીએ પોતાની ત્રણ વર્ષની પુત્રી પ્રાચી અને માત્ર દોઢ વર્ષની માસૂમ દીકરી વંશીને સાથે રાખીને ગામમાં આવેલા એક ઊંડા કૂવાના પાણીમાં મોતની છલાંગ લગાવી દીધી હતી.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વહેલી સવારે મહિલા ઘરમાં ન જણાતા પરિવારજનોએ આસપાસ શોધખોળ શરૂ કરી હતી. કૂવા નજીકથી શંકાસ્પદ સંકેતો મળતા જ કૂવામાં તપાસ કરતા સામૂહિક આપઘાતની આ ઘટના પ્રકાશમાં આવી હતી.

ઘટનાની ગંભીરતાને જોતા તુરંત જ ઝાલોદ પોલીસ સ્ટેશન અને સ્થાનિક ફાયર ફાઈટરોને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે દોડી આવેલી રેસ્ક્યુ ટીમે કૂવાના ઉંડા પાણીમાંથી ભારે જહેમત બાદ સુનીતાબેન અને એક બાળકીનો નિષ્પ્રાણ દેહ બહાર કાઢ્યો હતો. માતા અને માસૂમ બાળકીના શબને બહાર કાઢતા જ પરિવારજનોના કડોકોડ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.હાલમાં ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કૂવાના પાણીમાં ડૂબી ગયેલી અન્ય એક માસૂમ બાળકીને શોધવા માટેના ચક્રો ગતિમાન રાખવામાં આવ્યા છે.

બીજી તરફ, ઝાલોદ પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી પંચનામું કરી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા છે. પરિણીતાએ આટલું અંતિમ પગલું કેમ ભર્યું અને કયા સંજોગોમાં આ સમગ્ર આત્મહત્યાની ઘટના આકાર પામી, તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# આણંદની કંપની સાથે સાયબર ગઠિયાઓ દ્વારા રૂપિયા ૧.૫૮ કરોડની ઠગાઈ

આણંદ, તા.૧૮

આણંદ શહેરના લોટીયા ભાગોળ વિસ્તારમાં આવેલી કિર્તીરાજ સ્નેક્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીના એકાઉન્ટન્ટને એપીકે ફાઈલ મોબાઈલ ફોનમાં મોકલીને શેઠના નામે મેસેજ કરી કોઈ ગઠીયાઓએ રૂ.૧.૫૮ કરોડની રકમ અલગ અલગ બેંકના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કર્યાની ફરિયાદ આણંદ સાયબર ક્રાઈમ પોલીસમથકમાં નોંધાઈ છે.આણંદ-વિદ્યાનગર રોડ ઉપર આવેલી દેના પરિવાર સોસાયટીની સામે ગાયત્રી કૃપા, વિવેકાનંદ નગર વિસ્તારમાં રહેતા પરાગ નિરંજનભાઈ ગોર વર્ષ ૨૦૧૦થી એકાઉન્ટન્ટ તરીકે કેપિટલ કમ્પાઉન્ડ, લોટીયા ભાગોળ પાસે આવેલી કિર્તીરાજ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નોકરી કરી જીવન ગુજરાન ચલાવે છે. આ કંપનીના ડિરેક્ટર કિર્તિકુમાર ગોરધનભાઈ પટેલ છે અને તેઓનો મોબાઈલ નંબર પરાગભાઈના મોબાઈલમાં કિર્તીભાઈ કેનેડા નામથી સેવ કરેલો છે. આઠ માસ અગાઉ પરાગભાઈના વોટ્સએપ ઉપર અજાણ્યા નંબર ઉપરથી એક એપીકે ફાઈલ આવી હતી. જે પરાગભાઈએ ઓપન કરી હતી પરંતુ આ ફાઈલ ળોડવાળાની હોવાનું માનીને અજાણ્યો નંબર બ્લોક કરી દીધો હતો.આ પછી ગત તા-૧૦મી જુલાઈના રોજ વોટ્સએપ ઉપર કિર્તિભાઈ કેનેડાના નામથી એક મેસેજ આવ્યો હતો. જેથી પરાગભાઈને એવું લાગ્યું હતું કે, આ શેઠનો મેસેજ હશે તેનું ડીપી પણ કીર્તિકુમાર પટેલના ડીપી જેવું જ હતું. અને મેસેજમાં અંગ્રેજીમાં જણાવ્યું હતું કે, તમે ઓફિસે છો, હું મીટીંગમાં છું. આપણી કંપનીમાં હાલ કેટલું બેલેન્સ છે તેમ પૂછતાં જ કંપનીના કરંટ એકાઉન્ટમાં રૂ. ૬૧,૦૬,૪૬૯નું બેલેન્સ હોવાનું જણાવ્યું હતું અને કંપનીની એફ.ડી ૧ કરોડ રૂપિયાની છે તેમ જણાવ્યું હતું. જેથી સામેથી મેસેજ આવ્યો હતો કે અરજન્ટ રૂ ૬૦ લાખ એચડીએફસી બેંકના આપેલા એકાઉન્ટ નંબરમાં ટ્રાન્સફર કરો. જેથી પરાગભાઈએ આ રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. ત્યારબાદ તારીખ ૧૩ અને ૧૪ મીના રોજ પણ મેસેજ કરીને ક્લાયન્ટને પૈસા ચૂકવવાના છે તેમ જણાવીને અલગ અલગ રકમ મળીને રૂ.૧.૫૮ કરોડની રકમ અલગ અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. ગત તારીખ ૧૪ જુલાઈના રોજ સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં પરાગભાઈના શેઠ કિર્તિકુમારના પુત્ર આર્ય સાથે ફોન પર વાતચીત થતાં તેઓને સમગ્ર હકીકત જણાવી હતી. ત્યારબાદ રાત્રે આર્ય પટેલ અને કિર્તિકુમારે વાત કરતાં તેમણે આવા કોઈ મેસેજ કર્યા ન હોવાનું જણાવતાં તેઓ ચોંકી ગયા હતા. આ ળોડ મેસેજ હશે તેથી તેમણે તરત જ સાયબર ક્રાઈમ હેલ્પ નંબર ૧૯૩૦ ઉપર જાણ કરવાનું કહેતા પરાગભાઈએ પોતાના મોબાઈલ ફોનમાં વોટ્સએપ કિર્તિભાઈ કેનેડા પ્રોફાઈલ નીચે નંબર ચેક કરતા ળોડવાળાનો હતો. ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ પરાગભાઈને તેઓના શેઠના નામે ફોન કરનાર અજાણ્યા ગઠીયાએ તારીખ ૧૦ જુલાઈના રોજ રૂ. ૬૦ લાખ એચડીએફસી બેંકના એકાઉન્ટમાં, ૧૩ જુલાઈના રોજ રૂ. ૭૦ લાખ ઈન્ડુસન્ડ બેંકના એકાઉન્ટમાં, ૧૩ જુલાઈના રોજ રૂ.૧૮ લાખ ઈન્ડુસન્ડ બેંકના એકાઉન્ટમાં અને ૧૪ જુલાઈના રોજ રૂ.૧૦ લાખ આઈડીએફસી ફર્સ્ટ બેંકના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હોવાનું માલૂમ પડ્યું છે. જેથી પરાગભાઈએ સાયબર હેલ્પલાઈન ઉપર ફરિયાદ નોંધાવી હતી અને ત્યારબાદ આણંદ સાયબર ક્રાઈમ પોલીસમથકમાં પોતાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટીચર સર્ટિફિકેટ વિતરણ સમારોહ યોજાયો



સુરેન્દ્રનગર,તા.૧૮

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગ સેવક શિશપાલજીના સક્ષમ માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં યોગનો વ્યાપ વધારવાના ભગીરથ પ્રયાસો થઈ રહ્યા છે.

આ જ કડી અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં યોગ ટીચર તાલીમના તાલીમાર્થીઓ માટે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા યોગ કોર્ડિનેટર શ્રીમતી મોનિકાબેન ચુડાસમાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ઉત્સાહી તાલીમાર્થીઓને યોગ ટીચરના સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ નવનિયુક્ત યોગ શિક્ષકો હવે આગામી સમયમાં સમાજના ખૂણે-ખૂણે જઈને સ્વાસ્થ્ય અને સુખાકારીનો સંદેશ ફેલાવવા માટે સજ્જ બન્યા છે.“

“આ પ્રસંગે સુરેન્દ્રનગર જિલ્લામાં યોગના પ્રચાર-પ્રસારને વધુ વ્યાપક અને લોકાભિમુખ બનાવવા માટે એક વિશેષ રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો હતો. જિલ્લામાં યોગનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચે તે હેતુથી કુલ ૩૦ જેટલા જુદા-જુદા મહત્વના સ્થળો પર 'યોગ સંવાદ' કાર્યક્રમ યોજવાનું સુઆયોજિત આયોજન કરવામાં આવ્યું છે. આ નિર્ધારિત સ્થળો પર યોજાનારા સંવાદો દ્વારા સામાન્ય નાગરિકોને યોગની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, દૈનિક જીવનમાં તેનું મહત્વ અને તેનાથી થતા શારીરિક-માનસિક ફાયદાઓ વિશે વિસ્તૃત અને સરળ માહિતી આપીને સીધા યોગ સાથે જોડવામાં આવશે.“ “આ કાર્યક્રમ અંતર્ગત વર્તમાન સમયની સૌથી મોટી શારીરિક સમસ્યા એવી સ્થૂળતાને નાથવા માટે બોર્ડ દ્વારા 'મેદસ્વિતામુક્ત અભિયાન' પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ વિશેષ અભિયાન અંતર્ગત નવનિયુક્ત યોગ શિક્ષકો જિલ્લાના નાગરિકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવશે. મેદસ્વિતાથી મુક્તિ મેળવવા માટે કયા ચોક્કસ આસનો, પ્રાણાયામ અને આહાર શૈલી અપનાવવી જોઈએ તેનું સચોટ અને પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.“



જનસેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને ચરિતાર્થ કરવા વર્ષ દરમ્યાન વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ, આણંદ દ્વારા મંગળપુરા, આણંદમાં એક વરિષ્ઠ વિધવા, યુવા વિધવા અને ત્રણ દિકરી સાથે નિવાસ કરતા આ પરિવારનું ઘર ૨૦૧૯માં વાવાઝોડાના કારણે જમીનદોસ્ત થતાં ઘરવિહોણા બનેલા આ પરિવારને દાતાઓના સહયોગથી રૂા. ૩.૫૦ લાખના ખર્ચે ઘર બનાવી ટ્રસ્ટના પ્રમુખ વિપીનભાઈ પંડ્યા અને મંત્રી સ્મિતાબેન પંડ્યાએ ગૃહપ્રવેશ કરાવતા આ પરિવારમાં અપાર ખુશી વ્યાપી ગઈ હતી.



ભારત વિકાસ પરિષદ, હિંમતનગર શાખા દ્વારા આયોજિત "ભારત કો જાનો" પ્રશ્નમંચની પ્રથમ પરીક્ષા આજ રોજ પોદાર સ્કૂલ ખાતે સફળતાપૂર્વક યોજાઈ.“ “આ પરીક્ષામાં અંદાજે ૪૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાના ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ, મહાનુભાવો અને રાષ્ટ્રીય વારસાને લગતા જ્ઞાનનું સુંદર પ્રદર્શન કર્યુ.“ “વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના અને જ્ઞાનવર્ધનની ભાવના વિકસે તેવા ઉદ્દેશ્ય સાથે આયોજિત આ કાર્યક્રમ સફળ રહ્યો. પરીક્ષાના સફળ આયોજન માટે પોદાર સ્કૂલના પ્રિન્સિપાલ , શિક્ષકગણ તેમજ ભારત વિકાસ પરિષદના તમામ કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર અને અભિનંદન.“

# સાબરકાંઠા કલેક્ટર લલિત નારાયસિંઘ સાંદુના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર,તા.૧૮

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, હિંમતનગર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોના ઝડપી અને સંતોષકારક ઉકેલ માટે કલેક્ટરશ્રીએ ઉપસ્થિત તમામ અધિકારીઓને ખંતથી અને જવાબદારીપૂર્વક કામ કરવા ખાસ જણાવ્યું હતું.“ જિલ્લા પંચાયત પ્રમુખ રીના પટેલ દ્વારા સિંચાઈ માટે તળાવો ભરવા અંગે



તેમજ સાબરકાંઠા જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં આવેલા નાના અને મોટા કુલ કેટલા તળાવો છે? વિશેષ કરીને, ખેડબ્રહ્મા તાલુકામાં હાલ કેટલા તળાવો ભરવાના થાય છે તે અંગે પ્રશ્નો કર્યા હતા.

“ આ બેઠકમાં ધારાસભ્ય વી. ડી. ઝાલાએ હિંમતનગર અને આસપાસના વિસ્તારોના પ્રશ્નો રજૂ કર્યા હતા.ગૌચરની જમીન, રોડ સેફટી અને અકસ્માત નિવારણ, કોમ્યુનિટી હોલ બાબત, ગળનારાના કામકાજ, બ્રીજ કામગીરી,મોતીપુરા ત્રણ રસ્તાથી ખેડ તસિયા રોડનું આઈક્રોનિક રોડ બાબત, હાથમતી જલગાર યોજના અંતર્ગત જમીન ફાળવણી, અમુક વિસ્તારોમાં નવી બસ શરુ કરવા જેવા પ્રશ્નો રજુ કર્યા હતા. જેના સંબંધીત અધિકારીઓએ જવાબ રજુ કર્યા હતા. બેઠકના બીજા ભાગમાં સરકારી કચેરીઓના આંતરિક પ્રશ્નો, નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન કેસોનો સમયસર નિકાલ કરવા અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં સાંસદશ્રી શોભના બારૈયા, ઇડર ધારાસભ્ય રમણલાલ વોરા, ખેડબ્રહ્મા ધારાસભ્ય તુષાર ચૌધરી,જિલ્લા વિકાસ અધિકારી એચ. પી. પટેલ, જિલ્લા પોલીસ વડા ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ, નિવાસી અધિક કલેક્ટર ક્રિષ્ના વાઘેલા, પ્રાયોજના વહીવટદાર વિશાલ સક્સેના, ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પાટીદાર, પ્રાંત અધિકારીઓ સહિત જિલ્લાના તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.“

# પુષ્પા પોતાના ઘર બચાવવા માટે પોતાના સિદ્ધાંતો સાથે સમાધાન કરશે કે પછી સાચું સાથ આપીને બધું ગુમાવવાનો જોખમ લેશે?

એજન્સી દ્વારા



સોની સબનું પુષ્પા ઈમ્પોસિબલ તેની ભાવનાત્મક કહાની સાથે દર્શકોને સતત જોડાયેલું રાખે છે, જ્યાં પુષ્પા (કરુણા પાંડે) ફરી એક જીવન બદલાવતી પરિસ્થિતિનો સામનો કરે છે. એક મુશ્કેલીમાંથી બહાર આવતાં જ, એક ચોંકાવનારી હકીકત તેના પરિવારનું ઘર છીનવાઈ જવાની કગાર પર મૂકે છે, જે તેમના ભવિષ્યને જોખમમાં નાખે છે.

આગામી એપિસોડ્સમાં પુષ્પાને ખબર પડે છે કે દિલીપ (જયેશ મોરે) એ તેની જાણ વગર ઘર ગીરવે મૂકી દીધું છે, જેના કારણે પરિવાર બધું ગુમાવવાની કગાર પર આવી ગયો છે. બેંક અધિકારીઓ ઘર ખાલી કરવાની ચેતવણી સાથે પહોંચે છે, અને આખું ચાળ આશ્ચર્યમાં પડી જાય છે. દિલીપ ગુનાહિત ભાવનાથી પીડાય છે અને સુધારવાનો પ્રયત્ન કરે છે, જ્યારે પુષ્પાને ફરીથી શરુઆત કરવાની કઠોર હકીકતનો સામનો કરવો પડે છે. આ સંકટ વચ્ચે બાપોદરા આર્થિક મદદની ઓફર કરે છે, પરંતુ શરત સાથે પુષ્પાએ ચિરાગને મનવા (રસિકા ધોબલે) સાથે લગ્ન કરવા મનાવવું પડશે અને શનાયા (મુસ્કાન બામણે) ને ચાળમાંથી દૂર કરવી પડશે. હવે પુષ્પા માટે આ અસંભવ પસંદગી બની જાય છે – ઘર બચાવવું કે પોતાના સિદ્ધાંતો પર અડગ રહેવું.

શું પુષ્પા પોતાના સિદ્ધાંતો સાથે સમાધાન કરીને ઘર બચાવશે કે પછી બધું ગુમાવવાનો જોખમ લઈને સાચા માર્ગ પર અડગ રહેશે?

આગામી ટ્રેક વિશે વાત કરતાં, કરુણા પાંડે કહે છે, “મને લાગે છે કે દરેક વ્યક્તિ ઘરનું સાચું મહત્વ સમજી શકે છે. પુષ્પા માટે ઘર માત્ર રહેવાની જગ્યા નથી, એ જગ્યા છે જ્યાં તેનો પરિવાર સુરક્ષિત અનુભવે છે, જ્યાં તેણે અનેક સંઘર્ષો પછી અનગિનત યાદો બનાવી છે. તેથી, બધું ગુમાવવાની શક્યતા તેના માટે અત્યંત દુખદ છે. પરંતુ આ સફરને વધુ ભાવનાત્મક બનાવે છે એ હકીકત કે બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો એ છે કે ચિરાગ અને મનવાને લગ્ન કરાવવા પડે જે પુષ્પાના સિદ્ધાંતો સામે છે. પુષ્પા હંમેશા સાચો માર્ગ પસંદ કરે છે, ભલે એ મુશ્કેલ હોય. એ જ વાત મને તેની અંદર સૌથી વધુ ગમે છે. આ ટ્રેક તેના મૂલ્યોને અંતિમ કસોટી પર મૂકે છે, અને મને ખાતરી છે કે દર્શકો ઉત્સુક રહેશે કે જ્યારે દિલ અને પરિસ્થિતિ બંને તેને અલગ દિશામાં ખેંચે છે ત્યારે પુષ્પા શું પસંદ કરશે.”



આજે મોનાલિસા માત્ર ભોજપુરી નહીં, પરંતુ સમગ્ર ભારતીય મનોરંજન જગતમાં સ્ટાઈલ આઈકન અને મલ્ટી-ટેલેન્ટેડ સ્ટાર તરીકે ઓળખાય છે. ભોજપુરી ઈન્ડસ્ટ્રી અને ટીવીની દુનિયામાં દબદબો જમાવનાર એક્ટ્રેસ મોનાલિસા પોતાના કિલર લુક્સથી હંમેશા ચર્ચામાં રહે છે.



ગૌરી સ્પ્રેટ સાથે લગ્નને 'લવ જેહાદ' નો કેસ બતાવ્યો

# સલમાન ખાન પછી હવે આમિર ખાનને લોરેન્સ બિશ્નોઈ ગેંગે આપી ધમકી

મુંબઈ,તા.૧૮

સલમાન ખાન પછી, આમિર ખાન હવે લોરેન્સ બિશ્નોઈ ગેંગના નિશાના પર આવી ગયો છે. ગેંગનું પ્રતિનિધિત્વ કરતા આરઝૂ બિશ્નોઈ અને ટાયસન બિશ્નોઈએ સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને ઓડિયો સંદેશાઓ દ્વારા આમિર ખાનને ધમકીઓ આપી હતી.

લોરેન્સ બિશ્નોઈ ગેંગના આરઝૂ બિશ્નોઈ અને ટાયસન બિશ્નોઈ દ્વારા સોશિયલ મીડિયા દ્વારા આમિર ખાનને આપવામાં આવેલી ધમકીમાં લખ્યું છે: "જય શ્રી રામ, જય સીતા રામ. હું આરઝૂ બિશ્નોઈ છું, અને આ ટાયસન બિશ્નોઈ (લોરેન્સ બિશ્નોઈ ગ્રુપ) છે.

આમિર ખાન જેવા લોકો આપણા દેશમાં 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપી રહ્યા છે, જે આપણી સંસ્કૃતિની વિરુદ્ધ છે. અમે આ કૂતરાને સહન કરીશું નહીં, અને તેને ખૂબ જ ટૂંક સમયમાં જ યોગ્ય જવાબ આપવામાં આવશે. આ કૃત્ય આપણા સનાતન ધર્મ અને દેશની વિરુદ્ધ છે."

અમે અમારા ભાઈ-બહેનો અને દેશવાસીઓને વચન આપીએ છીએ કે આ ઘૃણાસ્પદ કૃત્યને પ્રોત્સાહન આપનારા કોઈપણને અમે અમારી રીતે જવાબ આપીશું. સ્ટારડમના નામે આને પ્રોત્સાહન આપનારાઓનો શ્વાસ અમે દબાવી દઈશું.

નોંધનીય છે કે આ મહિનાની શરૂઆતમાં, આમિર ખાને તેની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે ઘરે જ રજીસ્ટર લગ્ન કર્યા હતા. અભિનેતાના આ ત્રીજા લગ્નને લઈને ખુબ હોબાળો થયો છે. ઘણા હિન્દુ સંગઠનોએ આમિર ખાનના લગ્નને 'લવ જેહાદ' ગણાવ્યા છે, અને અભિનેતા વિરુદ્ધ ફતવો પણ જારી કરવામાં આવ્યો છે.

આ બધા વચ્ચે, આમિરે એક ઈન્ટરવ્યુમાં તેના લગ્નને લઈને ચાલી રહેલા હોબાળા પર પ્રતિક્રિયા આપી. તેણે કહ્યું કે તેની પત્ની ગૌરીએ પોતાનો ધર્મ બદલ્યો નથી; તે ખ્રિસ્તી છે, હિન્દુ નથી. તેણે એ પણ નિર્દેશ કર્યો કે તેની પુત્રી અને બહેનોએ હિન્દુ પુરુષો સાથે લગ્ન કર્યા છે. અભિનેતાએ વધુમાં સ્પષ્ટતા કરી કે તેની ભૂતપૂર્વ પત્નીઓ, રીના દત્તા અને કિરણ રાવે પણ પોતાનો ધર્મ બદલ્યો નથી.

બજરંગ દળે પણ આમિરના ત્રીજા લગ્નનો વિરોધ કર્યો હતો. બીજા ધર્મની મહિલા સાથે લગ્ન કરવા બદલ આમિર ખાન વિરુદ્ધ ફતવો જારી કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી નિતેશ રાણેએ તો આમિરને 'લવ જેહાદનો બ્રાન્ડ એમ્બેસેડર' પણ ગણાવ્યો છે. હવે, બિશ્નોઈ ગેંગ તરફથી આમિરને ધમકી મળ્યા બાદ ચાહકોમાં ખળભળાટ મચી ગયો છે; ચાહકો તેના વિશે ચિંતિત છે.

# કનિકા મહેશ્વરીએ પતિ સાથે છુટાછેડાની વાતને સ્પષ્ટ રીતે નકારી કાઢી

"દિયા ઔર બાતી હમ" માં મીનાક્ષીનું પાત્ર ભજવનાર ટેલિવિઝન અભિનેત્રી કનિકા મહેશ્વરીએ તેના અંગત જીવનની આસપાસની અફવાઓનો અંત લાવ્યો છે. અભિનેત્રીના છૂટાછેડાની અફવાઓ ત્રણ વર્ષથી ચાલી રહી છે, પરંતુ હવે તેણે સ્પષ્ટતા કરી છે કે તેણી છૂટાછેડા લીધેલી નથી અને તેના પતિ સાથે પરિણીત છે, ભલે આ દંપતી અલગ અલગ શહેરોમાં રહે છે. આ અટકળોને સંબોધતા, કનિકાએ સમજાવ્યું કે એક સમયે તેઓએ છૂટાછેડા લેવાનું વિચાર્યું હતું, પરંતુ આખરે તેમના મતભેદો દૂર કર્યા અને સાથે રહી રહ્યા છે. હાલમાં, તે ખુશ જીવન જીવી રહી છે અને તેના પતિ સાથે લાંબા અંતરના લગ્નમાં છે.

હોટરફલાયના ધ મેલ ફેમિનિસ્ટના એક એપિસોડમાં, કનિકાએ છૂટાછેડાની અફવાઓને નકારી કાઢતા કહ્યું, "તે મારો ભૂતપૂર્વ પણ નથી. હું છૂટાછેડા લીધેલી નથી. મને ખબર નથી કે આ અફવા કોણે શરૂ કરી હતી. હું છૂટાછેડા લીધેલી નથી, તમે કેમ ઈચ્છો છો કે હું છૂટાછેડા લઉં? તે દિલ્હીમાં રહે છે, અને હું બોમ્બેમાં છું. અમે હજુ પણ પરિણીત છીએ." તેણીએ સ્વીકાર્યું કે તેણીએ ૨૦૨૪ માં છૂટાછેડા માટે અરજી કરી હતી, પરંતુ કહ્યું, "તે સાચું છે, પરંતુ તે ઝાંખું પડી ગયું છે." મને ખબર નથી કે તે કોણે લીક કર્યું. લોકોએ મને છૂટાછેડા અપાવ્યા. ખરેખર, પત્રકારત્વ આજકાલ એક વ્યવસાય બની ગયો છે. જે વેચાય છે તે વેચો. અમે અલગ રહીએ છીએ, અમારા લાંબા અંતરના લગ્ન છે, પરંતુ આ રીતે રોમાંસ કરવામાં એક અલગ જ મજા છે.

કનિકાએ વધુમાં જણાવ્યું કે તેણી અને તેના પતિએ તેમની સમસ્યાઓનો ઉકેલ મૈત્રીપૂર્ણ રીતે લાવ્યો છે અને તેમના મતભેદો સાથે મળીને દૂર કરી રહ્યા છે. કનિકાએ એમ પણ કહ્યું કે પ્રેમને ફરીથી જાગૃત કરવા માટે સતત સ્વ-સુધારણા, પ્રામાણિક વાતચીત અને તમારા જીવનસાથી પ્રત્યે સાચા રહેવાની જરૂર છે. કનિકાએ જાન્યુઆરી ૨૦૧૨ માં ઉદ્યોગપતિ અંકુર ઘાઈ સાથે લગ્ન કર્યા. ત્રણ વર્ષ પછી, આ દંપતી માતાપિતા બન્યા, અને ૨૦૧૫ માં તેમના પુત્રનો જન્મ થયો. તેમના અલગ થવાની અફવાઓ સૌપ્રથમ ૨૦૨૩ માં સામે આવી હતી, ત્યારબાદ એવી અટકળો શરૂ થઈ હતી કે તેઓ ૨૦૨૪ માં છૂટાછેડા લેશે. જોકે, કનિકા હવે તે દાવાઓને નકારી કાઢે છે.

કનિકાએ ૨૦01 માં ટેલિવિઝન શો કભી આયે ના જુદાઈ સાથે અભિનયની શરૂઆત કરી હતી. બાદમાં તે કહાની ઘર ઘર કી, કાવ્યંજલી અને પિયા કા ઘર સહિત અનેક લોકપ્રિય શોમાં જોવા મળી હતી. જોકે, દિયા ઔર બાતી હમ એ જ શો હતો જેના કારણે તેણીને ખૂબ જ ઓળખ મળી અને તેણી ઘર-ઘરમાં જાણીતી બની. આ શો પાંચ વર્ષથી વધુ સમય સુધી ચાલ્યો, જેના કારણે તે ટેલિવિઝન પર સૌથી લાંબા સમય સુધી ચાલનારા શોમાંનો એક બન્યો. કનિકા હાલમાં "સેહર હોને કો હૈ" શોનો ભાગ છે, જેમાં પાર્થ સમથાન અને રિશિતા કોઠારી પણ છે. આ શો કલર્સ ટીવી પર પ્રસારિત થાય છે.

# આજકાલ ખરાબ ફિલ્મો પણ પેઈડ રિવ્યૂનાં કારણે સારી માનવામાં આવે છે : મનોજ બાજપેઈ



મુંબઈ,તા.૧૮

અભિનેતા મનોજ બાજપેયીએ ઉદ્યોગમાં પેઈડ રિવ્યૂના વધતા વલણ, સ્ટાર્સની મોટી ટીમો અને બદલાતી કાર્ય સંસ્કૃતિ વિશે ખુલ્લેઆમ વાત કરી. તેમણે એ પણ જાહેર કર્યું કે તેઓ તેમની ફિલ્મોને કેવી રીતે પ્રમોટ કરે છે.


મનોજ બાજપેયીએ ફિલ્મોના પેઈડ રિવ્યૂના ટ્રેન્ડ અને સકારાત્મક વાતાવરણ બનાવવા પર પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, 'આજકાલ, ખરાબ ફિલ્મને પણ સારી માનવામાં આવે છે. અભિનેતાની આખી ટીમ ફિલ્મ સારી સાબિત કરવામાં સામેલ છે... તેમનો અભિનય અદ્ભુત છે. તેથી, ખરાબ વસ્તુ સારી છે તે સાબિત કરવામાં એક આખી ટીમ સામેલ છે. અને મેં આ બધું વાંચ્યું છે, પણ મેં તે જોયું નથી. હું જે પ્રકારનું કામ કરું છું તેમાં આ બધું સામેલ નથી.

આજે, ઘણા કલાકારોના નિર્ણયો તેમની ટીમો દ્વારા નક્કી કરવામાં આવે છે. પરંતુ મનોજ કહે છે કે તેણે હંમેશા પોતાના નિર્ણયો લીધા છે. તેમણે કહ્યું, "મારી સાથે એવું નથી. હું મારા પોતાના નિર્ણયો લઉં છું. હું કાં તો સ્ક્રિપ્ટ વાંચું છું અથવા તેનું વર્ણન સાંભળું છું. મોટે ભાગે, હું સ્ક્રિપ્ટ વાંચવાનું પસંદ કરું છું. આખરે, નિર્ણય મારો છે."

મનોજ બાજપેયીએ કહ્યું કે તે કામ દરમિયાન પોતાની અંગત ટીમને સેટથી દૂર રાખે છે અને તેને શિસ્તનો એક ભાગ માને છે. તેમણે કહ્યું, "જો તમે મારા સેટ પર આવો અને જુઓ, તો તમને મારી ટીમમાંથી કોઈ પણ વ્યક્તિ આસપાસ દેખાશે નહીં." મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન પણ, તમે પ્રોડક્શન ટીમ, કેમેરા ટીમ જુઓ છો, પરંતુ મારી ટીમમાંથી કોઈ પણ અહીં હાજર નથી કારણ કે અમે એક શિસ્ત સ્થાપિત કરી છે.' તેમણે આગળ કહ્યું, 'જ્યારે અમે કામ કરી રહ્યા છીએ, ત્યારે મારો સ્ટાફ તે વિસ્તારની બહાર રહે છે. મારી સાથે કેમેરા, ડિરેક્ટર અને અન્ય કલાકારો હોય છે. તે એક અલગ ઝોન છે. મારો બોયફ્રેન્ડ, આસિસ્ટન્ટ અથવા મેકઅપ મેન ફક્ત ત્યારે જ આવશે જ્યારે બોલાવવામાં આવશે. તેમનું કામ બીજે ક્યાંય છે, આ જગ્યામાં નહીં.'જ્યારે ઘણા કલાકારો પાસે મોટી સપોર્ટ સિસ્ટમ હોય છે, ત્યારે મનોજ કહે છે કે તેમને તેની જરૂર નથી લાગતી. તેમણે કહ્યું, 'હવે દરેકને પોતાનું જીવન પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા છે. હું કોઈનો ન્યાય કરતો નથી. તમે જેની વાત કરી રહ્યા છો તે વિશે હું ક્યારેક વાંચું છું, પરંતુ તે દુનિયા મારા માટે એકદમ અજાણી છે. કેટલાક કલાકારોને આવી સપોર્ટ સિસ્ટમની જરૂર હોઈ શકે છે, પરંતુ મને નથી. હું મારા માટે પૂરતો છું. મારા પોશાક, મારો મેકઅપ, હું ઘણી બધી વસ્તુઓ જાતે સંભાળું છું.

મનોજ કહે છે કે તે ફિલ્મોમાં દેખાવ કરતાં જરૂરિયાતના આધારે નિર્ણય લે છે. તેમણે કહ્યું, "ક્યારેક હું મારા હેરસ્ટાઈલિસ્ટને પણ મારી સાથે નથી લેતો. જો ફિલ્મ માટે તેની જરૂર ન હોય, તો તે જતો નથી. ક્યારેક મારા મેકઅપ મેનની પ્રશંસા કરવામાં આવે છે કે તેણે કંઈ જ કર્યું નથી, ફક્ત મને રહેવા દીધો છે.

# સોની સબના યાદેં માં ડૉ. દેવ ફરી હોસ્પિટલમાં ડૉક્ટર તરીકે પરત ફર્યા છે, પરંતુ આ વખતે તેમના દિલને કઠિન કસોટીનો સામનો કરવો પડશે



એજન્સી દ્વારા

સોની સબનું યાદેં હોસ્પિટલ જીવનની પૃષ્ઠભૂમિ પર ઉષ્મા, હાસ્ય અને હૃદયસ્પર્શી પળો વચ્ચેનું સંપૂર્ણ સંતુલન જાળવી રાખે છે. ડૉ. દેવ (ઈકબાલ ખાન) એક એક પગલું લઈને પોતાનું જીવન ફરીથી ગોઠવી રહ્યા છે, ત્યારે એક ભાવનાત્મક વળાંક તેમની વ્યક્તિગત સફરને અણધારી રીતે બદલવા જઈ રહ્યો છે.

આગામી એપિસોડ્સમાં, ડૉ. સન્ની (અનુરાગ શર્મા) વારંવાર દવાઓની માત્રા વધારીને ડૉ. દેવને અંતિમ ઈન્ટરવ્યુ પહેલાં નિષ્ફળ બનાવવા પ્રયત્ન કરે છે, છતાં ડૉ. દેવ અંતે ઈન્ટરવ્યુ પાસ કરે છે અને સત્તાવાર રીતે હોસ્પિટલમાં ડૉક્ટર તરીકે પરત ફરે છે, ફરીથી તે સફેદ કોટ પહેરીને પોતાની ઓળખ પાછી મેળવે છે.

સફેદ કોટ પાછું મેળવવું તેમની સફરમાં એક મહત્વપૂર્ણ મંજિલ છે, પરંતુ એ ક્ષણને છાંયામાં મૂકે છે જ્યારે ડૉ. શ્રિષ્ટી (ગુલકી જોશી) તેમને પોતાની લગ્નની આમંત્રણ પત્રિકા આપે છે, સ્પષ્ટ કરે છે કે તે આગળ વધી ગઈ છે. આ ભાવનાત્મક આઘાત દેવને બદલાવે છે, જે પોતાના લાગણીઓને પાછળ મૂકી વધુ મજબૂત અને કેન્દ્રિત સ્વરૂપને સ્વીકારવાનો નિર્ણય કરે છે.

શું ડૉ. દેવનું ડૉક્ટર તરીકે પરત ફરવું તેને દિલના દુખમાંથી સાજો થવામાં મદદ કરશે કે પછી ડૉ. શ્રિષ્ટીનો નિર્ણય તેને સદાય માટે બદલશે?

આગામી ટ્રેક વિશે વાત કરતાં, ઈકબાલ ખાન કહે છે, “મને લાગે છે કે આ ટ્રેકને ખાસ બનાવે છે એ વાત કે એ સુંદર રીતે દર્શાવે છે કે જીવન તમને એક જ સમયે સૌથી મોટી જીત અને સૌથી મોટું દિલ તોડનારું દુઃખ આપી શકે છે. દેવ માટે ફરી ડૉક્ટર બનવું માત્ર ઈન્ટરવ્યુ પાસ કરવું કે સફેદ કોટ પહેરવું નથી, એ પોતાની ઓળખ પાછી મેળવવાની વાત છે. પરંતુ જેમ જ તેને લાગે છે કે જીવન આખરે ગોઠવાઈ રહ્યું છે, શ્રિષ્ટી તેને પોતાની લગ્નની આમંત્રણ પત્રિકા આપે છે. એ ક્ષણ તેની ભાવનાત્મક દુનિયા સંપૂર્ણ રીતે બદલાવી દે છે. તેને હજુ પણ શ્રિષ્ટી માટે લાગણીઓ છે, તેથી સ્વાભાવિક રીતે ઘણું દુઃખ અને નિરાશા છે, પરંતુ ઉતાવળમાં પ્રતિક્રિયા આપવાને બદલે તે તેને અંદર જ રાખવાનું પસંદ કરે છે. એ જ જગ્યાએ દર્શકો તેના સ્વભાવમાં બદલાવ જોશે. તે કડવો કે ઉદ્ધત નથી બનતો; તે માત્ર વધુ મજબૂત, વધુ કેન્દ્રિત અને ભાવનાત્મક રીતે સંયમિત બને છે.”

# અનિલ કપૂરની દીકરી રિયાનાં ઘરે ચોરી

મુંબઈ,તા.૧૮

અનિલ કપૂરની પુત્રી રિયા કપૂર માટે એક ફેશન ઈવેન્ટ મુશ્કેલ બની ગઈ જ્યારે તેના હીરાના કાનની બુટ્ટીઓ ચોરાઈ ગઈ. રિયા કપૂર, જે પોતે એક ફિલ્મ નિર્માતા અને સ્ટાઈલિસ્ટ છે, વારંવાર ફેશન ઈવેન્ટ્સમાં ભાગ લે છે. આવા જ એક ફેશન ઈવેન્ટમાં હાજરી આપતી વખતે, તેના મોંઘા કાનની બુટ્ટીઓ ગુમ થઈ ગઈ, અને તેણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદ મુજબ, રિયા જ્યારે ન્યૂ યોર્ક ફેશન વીકમાં જઈ રહી હતી ત્યારે તેના મેકઅપ આર્ટિસ્ટના હેન્ડબેગમાંથી કાનની બુટ્ટીઓ ગુમ થઈ ગઈ હતી. આ દરમિયાન, તેના મેકઅપ આર્ટિસ્ટના બેગમાંથી ?૧.૩૫ કરોડ (આશરે ૧.૩૫ મિલિયન) ની કિંમતના હીરા જડિત કાનની બુટ્ટીઓ ગુમ થઈ ગઈ હતી. તેણે આ કાનની બુટ્ટીઓ મુંબઈના મહેતા અને ગોએન્કા જ્વેલર્સ પાસેથી ભાડે લીધી હતી. તેણે હવે મુંબઈના સહાર પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

રિયા કપૂરને ન્યૂ યોર્કમાં મેટ ગાલા ફેશન ઈવેન્ટમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેની આખી ટીમ પણ તેની સાથે મુસાફરી કરી રહી હતી. આ ઈવેન્ટ માટે, તેણે મુંબઈના એક જ્વેલર પાસેથી મોંઘા કાનની બુટ્ટીઓ ભાડે લીધી હતી, જે તે પોતાની સાથે લઈ જઈ રહી હતી. તેણે આ કાનની બુટ્ટીઓ બે અલગ-અલગ બોક્સમાં પેક કરી હતી અને તેને તેના મેકઅપ આર્ટિસ્ટ, સાવલીન સિંહની બેગમાં મૂકી હતી, જેની સાથે તે લગભગ સાત વર્ષથી કામ કરી રહી છે. આ પછીથી ગાયબ થઈ ગઈ.



# રોહિત શર્માને ડ્રોપ કરવાનો ક્યારથી ચાલી રહ્યો છે પ્લાન?

એ સ્પષ્ટ થઈ ગયું છે કે ટીમ મેનેજમેન્ટ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્માના પ્રદર્શનથી નાખુશ છે. તાજેતરના અહેવાલોએ એવી અટકળોને વેગ આપ્યો હતો કે લોર્ડ્સ ODI તેના ઈન્ટરનેશનલ કરિયરની છેલ્લી મેચ હોઈ શકે છે.

મીડિયા રિપોર્ટ મુજબ સિલેક્ટર્સે અફઘાનિસ્તાન સામેની ઘરેલુ ODI સિરીઝ પછી રોહિતને બહાર કરવાનો નિર્ણય લીધો હતો. હકીકતમાં રિપોર્ટમાં એક ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે જ્યારે ટીમ મેનેજમેન્ટે યશસ્વી જયસ્વાલને તક આપવાનું સૂચન કર્યું ત્યારે રોહિતે સિરીઝની ત્રીજી ODI માટે આરામ કરવાની ના પાડી હતી. આ કારણે કેપ્ટન શુભમન ગિલને વિરાટ કોહલીની જગ્યાએ ત્રીજા નંબરે બેટિંગ કરવી પડી, જે સિરીઝ માટે ઉપલબ્ધ ન હતો.



**મુખ્ય સિલેક્ટર અજિત અગરકરે વર્લ્ડકપ 2027ની યોજનાઓ અંગે તેમનો ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે તેઓ તેમની યોજનાઓનો ભાગ નથી. પરંતુ BCCI સચિવ દેવજીત સૈકિયાએ આ અહેવાલોને અફવાઓ ગણાવી હતી અને કહ્યું હતું કે રોહિત શર્મા નિવૃત્તિ લઈ રહ્યો નથી, તે વર્લ્ડ કપ યોજનાઓનો ભાગ છે. બીજા મીડિયા રિપોર્ટ મુજબ રોહિત શર્માને ટીમમાંથી બહાર કરવાની યોજના અફઘાનિસ્તાન સિરીઝથી જ ચાલી રહી હતી.**

BCCIના એક સૂત્રએ મીડિયાને જણાવ્યું હતું કે "ગયા મહિને અફઘાનિસ્તાન સામેની ઘરઆંગણે વનડે સિરીઝ પછી, સિલેક્ટર્સે તેને પડતો મૂકવાનો નિર્ણય લીધો હતો. રોહિતે ચેન્નાઈમાં ત્રીજી વનડે માટે આરામ કરવાની પણ ના પાડી હતી જેથી યશસ્વી જયસ્વાલને તક મળી શકે. આખરે કેપ્ટન શુભમન ગિલને જયસ્વાલને તક આપવા માટે ત્રીજા નંબરે બેટિંગ કરવી પડી."

ગૌતમ ગંભીરનું ટીમ મેનેજમેન્ટ ગયા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ શુભમન ગિલને વનડે કેપ્ટન બનાવ્યા પછી રોહિતના પ્રદર્શનથી નાખુશ હોવાનું કહેવાય છે.

સૂત્રએ જણાવ્યું હતું કે "રોહિત માટે તે હંમેશા પડકારજનક રહ્યું કારણ કે તે અન્ય બે ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. તે ખૂબ જ ઓછું સ્થાનિક ક્રિકેટ પણ રમે છે. તેને ગયા સિઝનમાં વિજય હજારે ટ્રોફીમાં 2 મેચ રમી હતી, જેમાંથી એક સિક્કિમ સામે હતી. તેને તેનું ફોર્મ શોધવા માટે વધુ સમયની જરૂર છે. સિલેક્ટર્સે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. હવે તે રોહિત અને બોર્ડ પર નિર્ભર છે કે તેઓ તેને કેવી રીતે આગળ વધારવા માગે છે."



# રોહિત શર્મા "ક્રિકેટના મક્કા" લોર્ડ્સમાં વિદાય લેશે! લોર્ડ્સ કયા ખેલાડીઓએ રમી છેલ્લી મેચ?

રોહિત શર્માએ પોતાની પહેલી ઈન્ટરનેશનલ મેચ ODI ફોર્મેટમાં રમી હતી અને તે જ ફોર્મેટમાં પોતાની છેલ્લી મેચ રમશે. તેની છેલ્લી મેચ 19 જુલાઈએ લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ શકે છે.

મીડિયા રિપોર્ટ મુજબ મેનેજમેન્ટે રોહિત શર્માને જાણ કરી છે કે ટીમ તેનાથી આગળ જોઈ રહી છે અને તે 2027 વર્લ્ડકપ ટીમનો ભાગ રહેશે નહીં. પરંતુ બોર્ડ સેક્રેટરી દેવજીત સૈકિયાએ મીડિયા સાથે વાત કરતા આ સમાચારને નકારી કાઢ્યા. પરંતુ જો રોહિતના કરિયરની છેલ્લી મેચ હશે તો "ક્રિકેટના મક્કા" તરીકે ઓળખાતું લોર્ડ્સ બીજી ઐતિહાસિક મેચનું સાક્ષી બની શકે છે. મીડિયા રિપોર્ટ મુજબ સિલેક્શન કમિટીએ રોહિત શર્મા સાથે યશસ્વી જયસ્વાલ જેવા યુવા ખેલાડીઓને તક આપવાની તેમની ઈચ્છા અંગે વાત કરી છે. તેમને એમ પણ કહ્યું છે કે તેઓ 2027 વર્લ્ડકપ માટે રોહિતને ટીમમાં જોતા નથી.

મીડિયા રિપોર્ટ મુજબ ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ODI સિરીઝ પછી રોહિત શર્મા હવે પ્રથમ પસંદગીનો ઓપનિંગ બેટ્સમેન રહેશે નહીં. એવું માનવામાં આવે છે કે લોર્ડ્સમાં આ તેની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ હોઈ શકે છે. રોહિત શર્માએ અગાઉ લોર્ડ્સમાં 2 વનડે રમી છે, જેમાં એક મેચ શૂન્ય અને બીજી મેચમાં 15 રન બનાવ્યા હતા. આનો અર્થ એ થયો કે આ ફોર્મેટમાં આ મેદાન પર તેની સારી ઈનિંગ રમાઈ નથી, અને તે હાલમાં ફોર્મમાં નથી. ચાલુ સિરીઝની પહેલી મેચમાં તેને 21 બોલમાં 11 રન બનાવ્યા હતા અને બીજી મેચમાં, તેને 26 રન બનાવ્યા હતા, પરંતુ તેમાં 47 બોલનો સમય લાગ્યો હતો.

ભારતીય મહિલા ક્રિકેટ દિગ્ગજ ઝુલન ગોસ્વામીએ પણ લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર પોતાની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી હતી. હવે આ મેદાન બીજી એક મહાન વિદાય મેચનું સ્થળ બની શકે છે.

રોહિત શર્માએ પોતાના કરિયરમાં 287 વનડે રમી છે, જેમાં 279 ઈનિંગમાં 11,757 રન બનાવ્યા છે. તેમને આ ફોર્મેટમાં 33 સદી અને 62 અડધી સદી ફટકારી છે, અને આ ફોર્મેટમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર (264) નો રેકોર્ડ તેમના નામે છે. તેને શ્રીલંકા સામે સૌથી વધુ 55 મેચ રમી છે, ત્યારબાદ ઓસ્ટ્રેલિયા સામે 49 મેચ રમી છે.

# ત્રીજા સ્થાન માટે ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ વચ્ચે ટક્કર, પ્રાઈઝ મની સાંભળી ચોંકી જશો!

FIFA વર્લ્ડ કપ 2026ની ફાઈનલ સ્પેન અને આર્જેન્ટિના વચ્ચે રમાશે. સેમિફાઈનલમાં સ્પેને ફ્રાન્સને હરાવ્યું હતું, અને આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. સેમિફાઈનલમાં હારેલી બે ટીમો આજે ત્રીજા અને ચોથા સ્થાન માટે એકબીજાનો



સામનો કરશે. આજે ત્રીજા સ્થાને રહેનાર વિજેતા ટીમ માટે ઈનામ રકમ જાણીને તમને આશ્ચર્ય થશે. હારનાર ટીમને રૂ.259 કરોડ પણ મળશે. પ્રથમ સેમિફાઈનલમાં સ્પેને ફ્રાન્સ સામે 2-0થી જીત મેળવી હતી. આ આવૃત્તિમાં, ફક્ત બેલ્જિયમે સ્પેન સામે ગોલ કર્યો છે. તેમના સિવાય, અન્ય કોઈ ટીમ સ્પેન સામે ગોલ કરી શકી નથી, જે આ વખતે ટાઈટલ માટે મજબૂત દાવેદાર છે. બીજી તરફ, આર્જેન્ટિના, વિશ્વના મહાન ફૂટબોલર લિયોનેલ મેસ્સીનો દાવો કરે છે, જેમણે સેમિફાઈનલમાં બંને ગોલમાં મદદ કરવા માટે પોતાની કુશળતાનો ઉપયોગ કર્યો હતો. ઈંગ્લેન્ડ 84મી મિનિટ સુધી 1-0થી આગળ હતું. FIFA વર્લ્ડ કપ 2026 માં ત્રીજા અને ચોથા સ્થાન માટેનો મુકાબલો 19 જુલાઈના રોજ ભારતીય સમય મુજબ રાત્રે 12:30 વાગ્યે, એટલે કે આજે બપોરે 12:30 વાગ્યે શરૂ થશે. FIFA એ આ વખતે રેકોર્ડ ઈનામી રકમની જાહેરાત કરી છે, જે કુલ $871 મિલિયન છે, જે ભારતીય ચલણમાં રૂ.8,400 કરોડ જેટલી થાય છે. ટોચની ચાર ટીમોને સૌથી મોટી રકમ મળશે. આજે ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચના વિજેતા અને ત્રીજા સ્થાને રહેનાર ટીમને રૂ.279 કરોડ મળશે. હારનાર ટીમને રૂ.259 કરોડ મળશે. સ્પેન અને આર્જેન્ટિના વચ્ચે ફીફા વર્લ્ડ કપ ફાઈનલ રવિવારે રાત્રે 12:30 વાગ્યે ભારતીય સમય મુજબ રમાશે. હારનાર ટીમને રૂ.317 કરોડ અને રનર-અપને રૂ.51 મિલિયન, લગભગ રૂ.490 કરોડ મળશે.

# ભારત અને ઈંગ્લેન્ડ સિરીઝમાંથી અચાનક બહાર થયા આ 2 સ્ટાર ખેલાડીઓ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની 3 મેચની ODI સિરીઝ હાલમાં 2 મેચ પછી 1-1 થી બરાબર છે, અને અંતિમ મેચ 19 જુલાઈએ લોર્ડ્સ ખાતે રમાશે. ઈંગ્લેન્ડે તેમની ટીમમાંથી 2 ખેલાડીઓ, લિયામ ડોસન અને ટોમ બેન્ટનને રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે.



લિયામ ડોસન અને ટોમ બેન્ટન T20 બ્લાસ્ટના અંતિમ દિવસની મેચમાં પોતપોતાના કાઉન્ટી ક્લબ માટે રમી શકે. ઈંગ્લેન્ડે આ 2 ખેલાડીઓ માટે કોઈ રિપ્લેસમેન્ટની જાહેરાત કરી નથી.

ઈંગ્લેન્ડે 3 મેચની ODI સિરીઝ માટે પોતાની ટીમમાં લિયામ ડોસન અને ટોમ બેન્ટન બંનેનો સમાવેશ કર્યો હતો. લિયામ ડોસને સિરીઝની પહેલી મેચમાં મહત્વપૂર્ણ 68 રન બનાવ્યા હતા અને જો રૂટ સાથે 121 રનની શાનદાર પાર્ટનરશીપ કરી હતી. પરંતુ ઈંગ્લેન્ડ તે મેચ હારી ગયું.

આ પછી લિયામ ડોસનને બીજી મેચ માટે પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. ટોપ ઓર્ડર બેટ્સમેન ટોમ બેન્ટન શરૂઆતની બે મેચ ચૂકી ગયો. બંને ખેલાડીઓ હવે 18 જુલાઈના રોજ T20 બ્લાસ્ટ ફાઈનલમાં રમતા જોવા મળશે. પ્રથમ સેમીફાઈનલ નોર્થમ્પ્ટનશાયર અને સ્ટીલબેક્સ વચ્ચે રમાશે, જ્યારે બીજી હેમ્પશાયર હોક્સ અને નોટ્સ આઉટલો વચ્ચે રમાશે. સેમીફાઈનલ તે સાંજે બર્મિંગહામના એજબેસ્ટન સ્ટેડિયમ ખાતે રમાશે. ભારતીય ટીમ લોર્ડ્સ વનડે માટે પ્લેઈંગ ઈલેવનમાં એક ફેરફાર કરવા માટે તૈયાર છે. બીજી મેચમાં બેટિંગ કરતી વખતે ઈજાગ્રસ્ત થયેલા વોશિંગ્ટન સુંદર હવે અંતિમ મેચમાં પસંદગી માટે ઉપલબ્ધ નથી. બધાની નજર ભારતીય ટીમ પર રહેશે કે તેનું સ્થાન કયો ખેલાડી લેશે. પ્રથમ 2 વનડેમાં બેન્ચ પર રહેલા કુલદીપ યાદવને રમવાની તક મળી શકે છે.

# લોર્ડ્સમાં 22 વર્ષના દુષ્કાળનો આવશે અંત, ટીમ ઈન્ડિયા માટે સીરિઝ જીતવી સહેલી નહીં હોય

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રણ મેચની વનડે સીરિઝ હાલમાં 1-1 થી રોમાંચક રીતે ડ્રો છે. સીરિઝની ત્રીજી અને અંતિમ મેચ ક્રિકેટના મક્કા ગણાતા ઐતિહાસિક લોર્ડ્સમાં રમાશે. આ મેચમાં ટીમ ઈન્ડિયાને છેલ્લા બે દાયકાથી ભારતીય ક્રિકેટ પર કલંક રહેલા લાંબા ગાળાના ઈતિહાસને બદલવાનો પડકાર મળશે. ખરેખર જો ભારતીય ટીમે ઈંગ્લેન્ડની ધરતી પર આ વનડે સીરિઝ જીતવી હોય, તો તેણે લોર્ડ્સમાં 22 વર્ષના દુષ્કાળનો અંત લાવવો પડશે.



લોર્ડ્સ ભારતીય ક્રિકેટ ચાહકો માટે 1983ના વર્લ્ડ કપ ટાઈટલ જીત અને 2002 ની નેટવેસ્ટ ટ્રોફી ફાઈનલ જેવી સુવર્ણ યાદો માટે જાણીતું છે. પરંતુ કઠોર સત્ય એ છે કે 2004 થી, ટીમ ઈન્ડિયા આ મેદાન પર ઈંગ્લેન્ડ સામે એક પણ વનડે જીતી શકી નથી. લોર્ડ્સમાં ભારતની છેલ્લી વનડે જીત 5 સપ્ટેમ્બર, 2004 ના રોજ હતી, જ્યારે સૌરવ ગાંગુલીની કેપ્ટનશીપ હેઠળ, ભારતે ઈંગ્લેન્ડને 23 રનથી હરાવ્યું હતું. તે ઐતિહાસિક વિજયને બાવીસ વર્ષ વીતી ગયા છે, પરંતુ ટીમ ઈન્ડિયાએ હજુ સુધી અહીં વિજયનો સ્વાદ ચાખ્યો નથી. લોર્ડ્સમાં રમાયેલી છેલ્લી ચાર વનડેમાં ભારતનું પ્રદર્શન ખૂબ જ નિરાશાજનક રહ્યું છે, જે ટીમ ઈન્ડિયાની ચિંતાઓ વધારવા માટે પૂરતું છે. 2007માં, ઈંગ્લેન્ડે ભારતને 7 વિકેટથી હરાવ્યું હતું. 2011માં, બંને ટીમો વચ્ચેની મેચ રોમાંચક ટાઈમાં સમાપ્ત થઈ હતી. ત્યારબાદ, 2018માં, યજમાન ઈંગ્લેન્ડે ભારતીય બેટિંગ લાઈન-અપને હરાવ્યું હતું, જેમાં મેચ 86 રનના મોટા માર્જિનથી જીતી હતી. 2022માં આ મેદાન પર રમાયેલી છેલ્લી મેચમાં પણ ભારતીય ટીમને 100 રનની શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો.

ગીલ બ્રિગેડ પાસે ઈતિહાસ બદલવાની સુવર્ણ તક છે. આંકડા દર્શાવે છે કે ઈંગ્લેન્ડ હંમેશા લોર્ડ્સમાં ભારત પર પ્રભુત્વ ધરાવે છે. તેથી, અંતિમ વનડેમાં આ 22 વર્ષના દુષ્કાળનો અંત લાવવો કેપ્ટન શુભમન ગિલ માટે એક મુશ્કેલ કાર્ય હશે. જો ભારતીય ટીમે રવિવારે સીરિઝની ટ્રોફી જીતવી હોય, તો બેટ્સમેન અને બોલર બંનેએ લોર્ડ્સના આ અભેદ્ય કિલ્લાને તોડવા માટે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે.

# દુનિયાના દરેક મેદાન પર રાજ, પણ લોર્ડ્સમાં કિંગ કોહલીનું સપનું હજુ અધરું



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ODI સીરિઝની અંતિમ મેચ 19 જુલાઈના રોજ ઐતિહાસિક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. સીરિઝ હાલમાં 1-1 થી બરાબર છે, અને બંને ટીમો ટ્રોફી કબજે કરવાનો લક્ષ્ય રાખશે. આ મહાકાવ્ય યુદ્ધમાં બધાની નજર ભારતીય સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી પર રહેશે, પરંતુ કિંગ કોહલી માટે આ મેદાન એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કરશે. લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર વિરાટ કોહલીનો રેકોર્ડ ઘણો ખરાબ રહ્યો છે. જે આ ટાઈટલ ટક્કર પહેલા ભારતીય ચાહકોના હૃદયને ઉંચુ કરવા માટે પૂરતો છે.

વિરાટ કોહલી, જે વિશ્વના દરેક ખૂણામાં સદીઓ અને અડધી સદીઓનો સતત બેરોમીટર રહ્યો છે, તે ઐતિહાસિક લોર્ડ્સ ગ્રાઉન્ડ પર હંમેશા મૌન રહ્યો છે. આ મેદાન પર તેના ODI આંકડા કોઈ દુઃસ્વપ્નથી ઓછા નથી. વિરાટ કોહલીએ લોર્ડ્સ પર કુલ નવ ODI ઈનિંગ્સ રમી છે. આશ્ચર્યજનક રીતે, તેણે આ નવ ઈનિંગ્સમાં એક પણ અડધી સદી ફટકારી નથી. આ મેદાન પર કોહલીનો રન-સ્કોરિંગ એવરેજ પણ 22.66 છે, જે તેની કારકિર્દીની ઉચ્ચતમ સ્તર કરતા નોંધપાત્ર રીતે ઓછો છે.

વિરાટ કોહલીએ આ મેદાન પર અત્યાર સુધીમાં ત્રણ વનડે રમી છે, જેમાં તેણે 25.66 ની સરેરાશથી માત્ર 77 રન બનાવ્યા છે, જેમાં તેની સર્વોચ્ચ ઈનિંગ્સ 45 છે. વધુમાં, તેણે લોર્ડ્સમાં ત્રણ ટેસ્ટ મેચ રમી છે, જેમાં તેણે 21.16 ની સરેરાશથી 122 રન બનાવ્યા છે. તેની સર્વોચ્ચ ટેસ્ટ ઈનિંગ્સ પણ 42 છે, અને તે એક પણ સદી ફટકાર્યા વિના આઉટ થયો હતો.

લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ વિરાટ કોહલીના આંતરરાષ્ટ્રીય કારકિર્દીનું એકમાત્ર મેદાન બની ગયું છે જ્યાં તેણે ત્રણથી વધુ ઈનિંગ્સ રમી છે અને એક પણ વાર 50 રનનો આંકડો પાર કરવામાં નિષ્ફળ ગયો છે. દુનિયામાં બીજું કોઈ મેદાન નથી જ્યાં કોહલીએ આટલી બધી મેચ રમી હોય અને એક પણ અડધી સદી ન ફટકારી હોય. રવિવારની આ મેચ ફક્ત સીરિઝનો નિર્ણય જ નહીં, પરંતુ તે ભારતને 22 વર્ષના દુષ્કાળનો અંત લાવવાની તક પણ આપે છે. જો ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડની ધરતી પર શ્રેણી જીતવી હોય, તો વિરાટ કોહલીએ તેના ભૂતકાળના ખરાબ રેકોર્ડને પાછળ છોડીને મેચવિનિંગ ઈનિંગ્સ રમવી પડશે.

# BCCIએ હાઈકોર્ટની અરજીનો આપ્યો જવાબ, જણાવ્યું કોણ રમી શકશે ઘરેલું ક્રિકેટ

ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (OCI) કાર્ડ ધારકો ધરાવતા 12 યુવા ક્રિકેટરોએ બોમ્બે હાઈકોર્ટમાં BCCIના 2023ના નિર્ણયને પડકારતી અરજી દાખલ કરી હતી, જેમાં ભારતીય મૂળના વ્યક્તિ PIO અથવા OCI કાર્ડ ધારકો સહિત વિદેશીઓને બોર્ડ દ્વારા આયોજિત ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. સુનાવણી દરમિયાન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ કોર્ટને જાણ કરી હતી કે ભારતનું પ્રતિનિધિત્વ કરતી રાષ્ટ્રીય ટીમમાં પસંદગી માટે ફક્ત ભારતીય નાગરિકોને જ ધ્યાનમાં લેવામાં આવે છે. તેથી OCI કાર્ડ ધારકોને સ્થાનિક ટુર્નામેન્ટમાં ભાગ લેવાની મંજૂરી નથી. બોમ્બે હાઈકોર્ટે મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંકડની બનેલી ડિવિઝન બેન્ચ સમક્ષ અરજીની સુનાવણી કરી, જેઓ માનતા હતા કે ખેલાડીઓનું ભવિષ્ય વિદેશમાં સારું હોઈ શકે છે. ન્યાયાધીશોએ પૂછ્યું કે "તમે ત્યાં કેમ નથી રમતા? ત્યાં સિલેક્ટ થવાની તક તમારા માટે વધુ છે. ભારતમાં દરેક વ્યક્તિ ક્રિકેટ રમે છે."

તેમને એમ પણ કહ્યું કે અરજદારો ઈચ્છે તો ભવિષ્યમાં ભારત પરત ફરી શકે છે. "ભારત તમારા માતાપિતાની માતૃ ભૂમિ છે, તેથી તમારે પાછા આવવું જોઈએ. પરંતુ જો તમારો દેશ તમને તમારી નાગરિકતાનો ત્યાગ કરવાની મંજૂરી ન આપે તો તે અલગ બાબત છે."

સુનાવણી દરમિયાન અરજદારોએ જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી ભારતમાં રહી રહ્યા છે અને દલીલ કરી હતી કે OCI કાર્ડ ધારકોના બાળકોને અભ્યાસેતર અને રમતગમત ક્ષેત્રોમાં યોગ્ય તકો ન આપવી એ અન્યાય અને ભેદભાવ છે. શું તેમના બાળકો સાથે સમાન વર્તન ન કરવું જોઈએ? શું તેમના સપનાઓને પૂર્ણ કરવા માટે દેશ અને તેમના પરિવારોને પાછળ છોડી દેવાની અપેક્ષા રાખવી કઠોર નહીં હોય? તેમને ભારપૂર્વક જણાવ્યું હતું કે BCCIનો નિર્ણય સ્પષ્ટપણે મનસ્વી હતો, કારણ કે OCI કાર્ડ ધારકોને અગાઉ સ્થાનિક ટુર્નામેન્ટમાં ભાગ લેવાની મંજૂરી હતી. BCCIએ 2023 માં આ નિયમ લાગુ કર્યો હતો, જેમાં ફક્ત ભારતીય નાગરિકોને જ સ્થાનિક ટુર્નામેન્ટમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી હતી.

# જોસ બટલર પાસે ઈતિહાસ રચવાની તક, આ મામલે બની શકે છે વિશ્વનો નંબર 1 ખેલાડી!

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની T20I સીરિઝની અંતિમ મેચ બંને ટીમો માટે મહત્વપૂર્ણ બની ગઈ છે. ત્રણ મેચ હાર્યા બાદ સીરિઝ ગુમાવનાર ટીમ ઈન્ડિયા હવે નંબર-1 રેન્કિંગ ગુમાવવાનો ખતરો અનુભવી રહી છે. સીરિઝની અંતિમ મેચ સાઉથમ્પ્ટનના રોઝ બાઉલમાં રમાશે, જેનાથી ઈંગ્લેન્ડના દિગ્ગજ વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરને બે મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરવાની તક મળશે. જો બટલર આ મેચમાં રમે છે, તો તે રોહિત શર્મા અને જ્યોર્જ ડોકરેલને પાછળ છોડીને T20I માં બીજા ક્રમે સૌથી વધુ કેપ્ડ ખેલાડી બનશે. જો બટલર પાંચમી T20I માં છગ્ગો ફટકારવામાં સફળ થાય છે, તો તે એમએસ ધોનીને પાછળ છોડીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નંબર-વન વિકેટકીપર-બેટ્સમેન બનશે.



જોસ બટલર હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં વિકેટકીપર-બેટ્સમેન દ્વારા ફટકારવામાં આવેલી સૌથી વધુ છગ્ગા માટે ભારતના ભૂતપૂર્વ કેપ્ટન એમએસ ધોની સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાન ધરાવે છે. ધોની અને બટલર બંનેએ 359 છગ્ગા ફટકાર્યા છે. જો બટલર પાંચમી T20I માં છગ્ગો ફટકારવામાં સફળ થાય છે, તો તે ધોનીને પાછળ છોડીને નંબર-વન સ્થાન મેળવશે. વધુમાં, જો બટલર પાંચમી T20I માં રમે છે, તો તે રોહિત શર્મા અને જ્યોર્જ ડોકરેલને પાછળ છોડીને સૌથી વધુ T20I મેચ રમવામાં બીજા સ્થાને પહોંચી જશે. બટલર, રોહિત અને ડોકરેલ હાલમાં 159 T20I મેચ રમીને બીજા સ્થાને છે. આયર્લેન્ડના ખેલાડી પોલ સ્ટર્લિંગ, જેમણે 163 T20I મેચ રમી છે, તે આ યાદીમાં ટોચનું સ્થાન ધરાવે છે.

**T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ છગ્ગા મારનારા વિકેટકીપર :** જોસ બટલર (ઈંગ્લેન્ડ) - 359 છગ્ગા, એમએસ ધોની (ભારત) - 359 છગ્ગા, ક્વિન્ટન ડી કોક (દક્ષિણ આફ્રિકા) - 300 છગ્ગા, એડમ ગિલક્રિસ્ટ (ઓસ્ટ્રેલિયા) - 259 છગ્ગા, બ્રેન્ડન મેક્કુલમ (ન્યુઝીલેન્ડ) - 208 છગ્ગા.

# લોન ન ભરો તો બેન્ક કયા સંજોગોમાં મિલકત કબજે કરી શકે? RBIના નવા નિયમો સમજો

હોમ લોન, બિઝનેસ લોન કે અન્ય કોઈ પણ લોન ચૂકવવામાં ડિફોલ્ટ થાય તો બેંક સીધી તમારી મિલકત કબજે કરી શકે છે? આ સવાલ ઘણા લોકોના મનમાં રહે છે. હવે આ મુદ્દે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ નવા અને સ્પષ્ટ નિયમો જાહેર કર્યા છે. 1 ઓક્ટોબર 2026થી અમલમાં આવનારા આ નિયમો હેઠળ બેંકો કઈ પરિસ્થિતિમાં મિલકત પોતાના નામે લઈ શકશે, તેની કિંમત કેવી રીતે નક્કી કરશે અને કેટલા સમય સુધી રાખી શકશે તે અંગે વિગતવાર ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવ્યું છે.

ઘણા કિસ્સાઓમાં લોનધારક લોન ચૂકવી શકતો નથી, ત્યારે બાકી રકમના બદલામાં બેંક તેની મિલકત પોતાના કબજામાં લે છે. જોકે બેંકનો વ્યવસાય રિયલ એસ્ટેટ રાખવાનો નથી. તેથી આવી મિલકતોનું મૂલ્યાંકન, સંચાલન અને વેચાણ પારદર્શક રીતે થાય તે માટે RBIએ એકસરખા નિયમો બનાવ્યા છે.

### આટલું યાદ રાખજો

- 1 ઓક્ટોબર 2026થી નવા નિયમો અમલમાં આવશે.
- માત્ર NPA બનેલી લોનમાં જ મિલકત કબજે થઈ શકશે.
- ઓછામાં ઓછી બે વેલ્યુઅર મિલકતની કિંમત નક્કી કરશે.
- બેંકે 7 વર્ષની અંદર મિલકત વેચવી પડશે. ડિફોલ્ટરને મિલકત પાછી વેચી શકાશે નહીં.
- જૂના કેસો માટે 30 સપ્ટેમ્બર 2027 સુધીનો ટ્રાન્ઝિશન સમય આપવામાં આવ્યો છે.







RBIએ આવી મિલકતોને Specified Non-Financial Assets (SNFA) નામ આપ્યું છે. જ્યારે લોનધારક લોન ચૂકવી શકતો નથી અને તેના બદલામાં બેંક મિલકત પોતાના નામે લે છે, ત્યારે તે મિલકત SNFA ગણાશે.આ નિયમ SARFAESI Act સહિત અન્ય કાયદા હેઠળ કબજે કરાયેલી મિલકતો પર પણ લાગુ પડશે.પરંતુ મિલકતનો કાયદેસર માલિકી હક બેંકના નામે ટ્રાન્સફર થયા પછી જ તેને SNFA ગણવામાં આવશે.સૌથી મહત્વની વાત એ છે કે, જે લોન પહેલેથી NPA (Non-Performing Asset) જાહેર થઈ ગઈ હોય, તેવા કેસમાં જ આ પ્રક્રિયા લાગુ પડશે.

RBIએ બેંકોને મનફાવે તેવી કિંમત લખવાની છૂટ આપી નથી. નવા નિયમો મુજબ મિલકતની કિંમત ઓછામાં ઓછી બે સ્વતંત્ર મૂલ્યાંકનકારો નક્કી કરશે. બેંક પોતાના બેલેન્સ શીટમાં મિલકતની એન્ટ્રી લોનની બાકી કિંમત અથવા ડિસ્ટ્રેસ સેલ વેલ્યૂ – બંનેમાંથી જે ઓછી હોય તે પ્રમાણે કરશે. જો મિલકતથી માત્ર લોનનો અમુક હિસ્સો જ વસૂલ થયો હોય તો બાકીની લોનને 'રિસ્ટ્રક્ચર્ડ લોન' તરીકે ગણવામાં આવશે. બેંક મિલકત કેટલા સમય સુધી રાખી શકશે?

દરેક બેંકે પોતાની પોલિસી બનાવવી પડશે જેમાં મિલકત ક્યારે કબજે કરવી, ક્યારે વેચી દેવી, કેટલી મિલકતો રાખી શકાય, અને વેચાણ માટે મહત્તમ સમયમર્યાદા શું હશે, તેનો ઉલ્લેખ કરવો ફરજિયાત રહેશે. 7 વર્ષની અંદર વેચવી પડશે. નવા નિયમો મુજબ બેંકે આવી મિલકત વધુમાં વધુ 7 વર્ષમાં વેચી દેવી પડશે. RBIએ સ્પષ્ટ મનાઈ કરી છે કે બેંક કબજે કરેલી મિલકત ફરીથી તે જ ડિફોલ્ટર અથવા તેના સંબંધિત વ્યક્તિને વેચી શકશે નહીં. મોટાભાગના કિસ્સામાં મિલકતનું વેચાણ જાહેર હરાજી દ્વારા કરવું પડશે.

### હવે બેંકોએ શું જાહેર કરવું પડશે?

RBIએ ખુલાસાના નિયમો પણ કડક બનાવ્યા છે.

SNFAને Gross NPA કે Net NPAમાં ગણવામાં આવશે નહીં.

બેંકોને તેને અલગ હેડ હેઠળ દર્શાવવું પડશે.

RBIના CIMS પોર્ટલ પર પણ તેની વિગતવાર માહિતી આપવી પડશે.

### જૂના કેસમાં શું થશે?

30 સપ્ટેમ્બર 2026 સુધી બેંકો પાસે રહેલી આવી મિલકતો માટે એક વર્ષની મુદત આપવામાં આવી છે. એટલે કે, તમામ જૂના કેસોને 30 સપ્ટેમ્બર 2027 સુધી નવા નિયમો પ્રમાણે લાવવા પડશે.

# સાવધાન! પેપર કપમાં ગરમ ચા-કોફી પીતા હોવ તો અટકી જજો, કેન્સરનું જોખમ વધતા સરકારે જાહેર કરી એડવાઈઝરી

જો તમે પણ ઘરની બહાર નીકળીને મિત્રો સાથે કિટલી પર કે ઓફિસની બહાર પેપર કપમાં ગરમ ચા અથવા કોફી પીવાની મજા માણો છો, તો આ સમાચાર તમારી આંખો ખોલી નાખશે. પ્લાસ્ટિકના કપથી બચવા માટે આપણે જેને સુરક્ષિત સમજી રહ્યા છીએ, તે પેપર કપ ખરેખર કેન્સર જેવી જીવલેણ બીમારીનું કારણ બની શકે છે. આ ગંભીર જોખમને જોતા ભોપાલ જિલ્લાના મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી (CMHO) મનીષ શર્માએ એક હેલ્થ એડવાઈઝરી જાહેર કરીને લોકોને પેપર કપનો ઉપયોગ ન કરવાની કડક સલાહ આપી છે.



આપણને ઉપરથી કાગળ જેવા દેખાતા આ કપ અંદરથી વોટરપ્રૂફ બનાવવા માટે ખાસ કોટિંગ ધરાવે છે. આ કપમાંથી ચા કે કોફી લીક ન થાય તે માટે તેની અંદરની બાજુએ 'પોલીઈથિલિન પ્લાસ્ટિક'નું એક પાતળું પડ ચડાવવામાં આવે છે. જ્યારે આ કપમાં ઉકળતી ચા કે ગરમ કોફી નાખવામાં આવે છે, ત્યારે આ પ્લાસ્ટિકનું પડ પીગળવા લાગે છે અને તે અત્યંત ઝીણા 'માઈક્રોપ્લાસ્ટિક' કણોમાં ફેરવાઈને આપણા પેટમાં જાય છે.

IIT ખડગપુર દ્વારા કરવામાં આવેલા એક સંશોધનમાં સામે આવ્યું છે કે જો પેપર કપમાં માત્ર 15 મિનિટ સુધી પણ કોઈ ગરમ પ્રવાહી રાખવામાં આવે, તો તેમાં અંદાજે 20,000 થી 25,000 જેટલા માઈક્રોપ્લાસ્ટિકના કણો ભળી જાય છે.

નિષ્ણાતોના મતે, આ માઈક્રોપ્લાસ્ટિક કણો જ્યારે ઊંચા તાપમાને પીગળીને શરીરના સેલ્યુલર સ્તર (કોષો) સુધી પહોંચે છે, ત્યારે તે માણસના DNA સ્ટ્રક્ચરને પણ બદલી શકે છે. આ પ્રક્રિયા ભવિષ્યમાં કેન્સરનું મોટું કારણ બને છે. આ સિવાય તેનાથી ઈન્ફ્લેમેટરી બોવેલ ડિસીઝ (પેટના રોગો), હોર્મોનલ અસંતુલન અને ઇમ્યુનિટી (રોગપ્રતિકારક શક્તિ) નબળી પડવા જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે.

**શું છે હેલ્ધી અને બેસ્ટ વિકલ્પ? માટીના કુલ્હડ:** જો બહાર ચા પી રહ્યા હોવ તો માટીના કુલ્હડ (માટીના કપ) સૌથી શ્રેષ્ઠ અને કુદરતી વિકલ્પ છે.

**સ્ટેનલેસ સ્ટીલ અથવા સિરામિક કપ:** ઘર કે ઓફિસમાં કાચ, સિરામિક (ચીની માટી) અથવા સ્ટીલના કપનો જ આગ્રહ રાખો.

સ્વાસ્થ્ય એ જ સાચી મૂડી છે, તેથી આજે જ પેપર કપમાં ગરમ વસ્તુઓ પીવાની આદતને કાયમ માટે બાય-બાય કહી દો.

# દેશની સૌથી મોટી પરીક્ષા એજન્સીમાં નોકરીનો મોકો, સેલરી 2,00,000 સુધી

NEET-UG પેપર લીક જેવી ઘટનાઓને કારણે વિવાદોમાં ઘેરાયેલી 'નેશનલ ટેસ્ટિંગ એજન્સી' (NTA) એ વિવિધ જગ્યાઓ પર ભરતી માટે અરજીઓ મંગાવી છે. જાહેરનામા અનુસાર, ગ્રુપ A અને ગ્રુપ B ની જગ્યાઓ માટેની ભરતી 'ડેપ્યુટેશન' અથવા 'ફોરેન સર્વિસ'ના ધોરણે કરવામાં આવશે. રસ ધરાવતા અને પાત્ર અધિકારીઓ નિર્ધારિત પ્રક્રિયાને અનુસરીને 7 ઓગસ્ટ, 2026 ના રોજ સાંજે 5:00 વાગ્યા સુધીમાં અરજી કરી શકે છે. અરજીઓ સંબંધિત 'કેડર કંટ્રોલિંગ ઓથોરિટી' અથવા મૂળ વિભાગ મારફત જ સબમિટ કરવાની રહેશે.




જાહેરનામા અનુસાર, કુલ નવ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. તેમાં જોઈન્ટ ડિરેક્ટર, રિસર્ચ સાયન્ટિસ્ટ 'C', ડેપ્યુટી ડિરેક્ટર, આસિસ્ટન્ટ ડિરેક્ટર અને સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ/સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ (એકાઉન્ટ્સ)ના હોદ્દાઓનો સમાવેશ થાય છે. સાતમા પગાર પંચ મુજબ, આ જગ્યાઓ માટેના પગાર ધોરણો 'પે લેવલ 7'થી 'પે લેવલ 12' સુધીના છે.

NTA અનુસાર, અધિકારીઓની પ્રતિનિયુક્તિ શરૂઆતમાં ત્રણ વર્ષના સમયગાળા માટે રહેશે. શિક્ષણ, ટેકનીકલ કામગીરી, વહીવટ, નાણાં અથવા કાયદા જેવા ક્ષેત્રોમાં અનુભવ ધરાવતા અધિકારીઓને અગ્રતા આપવામાં આવશે. આ ઉપરાંત, પરીક્ષાઓના સંચાલન, આયોજન, સંકલન અને પરીક્ષા મેનેજમેન્ટમાં બહોળો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

NTA એ આ ભરતી માટે મહત્તમ વય મર્યાદા 56 વર્ષ નક્કી કરી છે. ઉમેદવારોએ અરજી કરવાની અંતિમ તારીખ સુધીમાં સંબંધિત પદ માટે નિર્ધારિત શૈક્ષણિક લાયકાત, અનુભવ અને સેવા-સંબંધિત પાત્રતાના માપદંડો પૂર્ણ કરવા જરુરી છે. માત્ર એવા અધિકારીઓ જ અરજી કરવા માટે પાત્ર છે જેઓ હાલમાં સંબંધિત વેતન સ્તર પર નિયમિત ધોરણે ફરજ બજાવી રહ્યા છે. ACP, MACP અથવા એડ-હોક (તદર્થ) ધોરણે સમાન વેતન સ્તર મેળવતા અધિકારીઓ અરજી કરવા માટે પાત્ર રહેશે નહીં.,અરજી સાથે વિભાગનું 'ના-વાંધા પ્રમાણપત્ર' (NOC), અગાઉના વર્ષોના APARs, વિજિલન્સ ક્લિયરન્સ, પ્રામાણિકતા અંગેનું પ્રમાણપત્ર અને અન્ય જરૂરી દસ્તાવેજો જોડવા ફરજિયાત છે. અધૂરી અરજીઓ અથવા નિર્ધારિત પ્રક્રિયા મુજબ રજૂ ન કરાયેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

નિર્ધારિત અરજીઓ ટપાલ દ્વારા ડાયરેક્ટર, નેશનલ ટેસ્ટિંગ એજન્સી, ફર્સ્ટ ફ્લોર, NSIC-MDBP બિલ્ડિંગ, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, નવી દિલ્હી-110020 ના સરનામે મોકલવી જરુરી છે. આ ઉપરાંત, અરજીની એક નકલ dir-admin@nta.gov.in પર ઈમેલ દ્વારા પણ મોકલવી જરૂરી છે. પાત્રતા, અરજી પ્રક્રિયા અને ભરતી સંબંધિત અન્ય વિગતો અંગેની માહિતી NTAની ઓફિશિયલ વેબસાઈટ પર ઉપલબ્ધ સૂચનામાં જોઈ શકાશે.

# UPI Tax: 2000થી વધારે ડિજિટલ પેમેન્ટ પર લાગશે ટેક્સ, સરકાર લઈ શકે છે મોટો નિર્ણય




ડિજિટલ પેમેન્ટના આવ્યા બાદ લોકો માટે ઘણા કામ સરળ બન્યા છે. પ્રથમ હવે પહેલાની જેમ રોકડ લઈ જવાની જરૂર નથી, કારણ કે હવે દરેક વ્યક્તિ UPI પેમેન્ટનો ઉપયોગ કરે છે. જો તમે પણ UPI પેમેન્ટનો ઉપયોગ કરો છો, તો આ સમાચાર તમારા માટે મહત્વપૂર્ણ છે. UPI નો ઉપયોગ કરીને પેમેન્ટ કરનારાઓમાં આગામી દિવસોમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી શકે છે.

મળતી માહિતી અનુસાર, કેન્દ્ર સરકાર ₹2000 કે તેથી વધુના UPI વેપારી વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ફરીથી લાગુ કરવાનું વિચારી રહી છે. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ કોને લાગુ પડશે?

નોંધનીય છે કે ₹1.5 કરોડ સુધીના વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીઓ અથવા વ્યવસાયોને આ ચાર્જમાંથી મુક્તિ મળી શકે છે. આનો અર્થ એ છે કે તે ફક્ત મોટા વ્યવસાયોને અસર કરશે. સરકાર એક મહિનાની અંદર આ પ્રસ્તાવ પર નિર્ણય લે તેવી અપેક્ષા છે. MDR ની વાત કરીએ તો, તે ડિજિટલ પેમેન્ટ પ્રાપ્ત કર્યા પછી વેપારીઓ ચુકવણી કંપનીઓ અથવા બેંકોને ચૂકવે છે તે ફી છે. આ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમના સંચાલન અને જાળવણીના ખર્ચને આવરી લેવામાં મદદ કરે છે. અહેવાલો અનુસાર, મોટા વ્યવસાયો માટે ₹2000 કે તેથી વધુના UPI વ્યવહારો પર 0.5 ટકા MDR વસૂલવામાં આવી શકે છે.


આવી સ્થિતિમાં એવું પૂછવું સ્વાભાવિક છે કે શું આ ચાર્જ ગ્રાહકો પર લાગુ થશે? તો આ ચાર્જ ગ્રાહકો પર લાગુ થશે નહીં. પરંતુ લાગુ નિયમોના આધારે આ ચાર્જ વેપારીઓ પર લાગુ થશે, ગ્રાહકો પર નહીં. હાલમાં, સામાન્ય ગ્રાહકોને ₹2000 થી વધુની સામાન્ય UPI ચુકવણીઓ માટે કોઈ વધારાનો ચાર્જ લાગશે નહીં. આનો અર્થ એ છે કે જેમ પહેલા પૈસા મોકલવા માટે કોઈ ચાર્જ નહોતો, તેમ પૈસા મોકલવા સંપૂર્ણપણે ફ્રી રહેશે.

### આ છે ભારતનો સૌથી સસ્તો પોસ્ટ પેઈડ પ્લાન! કિંમત માત્ર 199 રૂપિયા

સરકારી ટેલિકોમ કંપની BSNL ભારતમાં સૌથી સસ્તો પોસ્ટપેઈડ મોબાઈલ પ્લાન ઓફર કરે છે. ખાનગી ટેલિકોમ ઓપરેટરોના એન્ટ્રી-લેવલ પોસ્ટપેઈડ પ્લાન સામાન્ય રીતે ₹400ની આસપાસ શરૂ થાય છે, BSNL નો પ્લાન લગભગ અડધા ભાવે ઉપલબ્ધ છે. BSNLના સૌથી સસ્તા પોસ્ટપેઈડ પ્લાનની કિંમત ₹199 પ્રતિ મહિને છે.જે વપરાશકર્તાઓ માટે એક નિશ્ચિત માસિક ખર્ચ છે. આ પ્લાનમાં ડેટા રોલઓવર સુવિધા પણ સામેલ છે. આ BSNL પોસ્ટપેઈડ પ્લાન ₹199માં અમર્યાદિત વોઈસ કોલિંગ અને 25GB હાઈ-સ્પીડ ડેટા ઓફર કરે છે. નોંધનીય છે કે આ પ્લાનમાં એડ-ઓન ફેમિલી કનેક્શન શામેલ નથી. તે 75GB સુધીની ડેટા રોલઓવર સુવિધા સાથે આવે છે. ડેટા મર્યાદા સમાપ્ત થઈ ગયા પછી, કંપની પ્રતિ MB 1 પૈસા ચાર્જ કરે છે. વપરાશકર્તાઓને અમર્યાદિત 24x7 વોઈસ કોલિંગ અને 100 SMS પ્રતિ દિવસ મળે છે.ટેલિકોમ ટોક અનુસાર, આ કિંમત શ્રેણીમાં અન્ય કોઈ ટેલિકોમ કંપની પોસ્ટપેઈડ પ્લાન ઓફર કરતી નથી. દર મહિને ₹199માં, વપરાશકર્તાઓને અન્ય લાભો સાથે નોંધપાત્ર પ્રમાણમાં ડેટા મળે છે. દેશમાં હાલમાં ઘણા પ્રીપેડ પ્લાનની કિંમત લગભગ સમાન છે; ઉદાહરણ તરીકે, જો તમે એરટેલ અથવા જિયોનો ₹૧૯૯ નો પ્લાન પસંદ કરો છો, તો તમને 25GB ડેટા કે આખા મહિનાની વેલિડિટી મળતી નથી. ₹199માં, જિયો 18 દિવસની વેલિડિટી સાથે દરરોજ 1.5GB હાઈ-સ્પીડ ડેટા ઓફર કરે છે, જેના પરિણામે કુલ 27GB ડેટા મળે છે. વધુમાં, આ પ્લાનમાં અમર્યાદિત વોઈસ કોલિંગ અને દરરોજ 100 SMS, JioTV અને Jio AI ક્લાઉડ સ્ટોરેજની મફત ઍક્સેસનો સમાવેશ થાય છે.

# ચોમાસામાં હેર સ્પા અને હેર માસ્કમાંથી શું આપશે સૌથી વધુ ફાયદો!

આ ઋતુ દરમિયાન વાળ ફ્રિઝ, નિર્જીવ અને ગૂંચવાયેલા બની શકે છે. ઘણા લોકોને માથાની ચામડીમાં ખંજવાળ પણ આવે છે. હેર સ્પા એ એક વ્યાવસાયિક સારવાર છે. જેમાં ઊંડા સફાઈ, માલિશ, સ્ટીમિંગ અને પૌષ્ટિક ઉત્પાદનોનો ઉપયોગ શામેલ છે. જો તમારી ખોપરી ઉપરની ચામડી તેલયુક્ત, ખંજવાળવાળી અથવા ખોડો થવાની સંભાવના હોય, તો હેર સ્પા ફાયદાકારક બની શકે છે. તે ખોપરી ઉપરની ચામડીમાંથી ગંદકી અને ઉત્પાદનોના સંચયને દૂર કરવામાં મદદ કરે છે અને રક્ત પરિભ્રમણને સુધારીને સ્વસ્થ વાળને પ્રોત્સાહન આપે છે. સામાન્ય રીતે દર 3 થી 6 અઠવાડિયામાં એકવાર હેર સ્પાની ભલામણ કરવામાં આવે છે. હેર માસ્ક એ તમારા વાળને પોષણ અને મોઈશ્ચરાઈઝ કરવા માટે એક સરળ ઘરેલું ઉપાય છે. તે ખાસ કરીને લંબાઈ અને છેડાને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરે છે. વાળના માસ્ક ખાસ કરીને ફ્રિઝી અને ડ્રાય વાળ માટે ફાયદાકારક માનવામાં આવે છે. તે અઠવાડિયામાં 1 થી 2 વખત લગાવી શકાય છે.



ઘરે હેર માસ્ક બનાવવા માટે, 2 ચમચી દહીં, 1 ચમચી મધ અને 1 ચમચી ઓલિવ તેલ મિક્સ કરો. આ મિશ્રણને તમારા વાળની લંબાઈ અને છેડા પર 20 મિનિટ સુધી લગાવો, પછી કોગળા કરો. આનાથી તમારા વાળ નરમ, ચમકદાર અને ઓછા ફ્રિઝી રહેશે. નિષ્ણાતો સૂચવે છે કે ખોપરી ઉપરની ચામડીની સમસ્યાઓ માટે હેર સ્પા એક સારો વિકલ્પ છે. પોષણ, હાઈડ્રેશન અને ફ્રિઝ નિયંત્રણ માટે નિયમિતપણે હેર માસ્કનો ઉપયોગ વધુ ફાયદાકારક માનવામાં આવે છે.

# શું તમને પણ બપોરે વારંવાર ઊંઘ આવે છે? સાવધાન, આ ગંભીર બીમારીઓનો હોઈ શકે છે સંકેત!

સામાન્ય રીતે બપોરે જમ્યા પછી મોટાભાગના લોકોને શરીરમાં આળસ અને સુસ્તીનો અનુભવ થાય છે. રાત્રે અધૂરી ઊંઘ અથવા સવારનો તણાવ આ માટે જવાબદાર હોઈ શકે છે. હેલ્થ એક્સપર્ટ્સના મતે, દિવસ દરમિયાન એક નાની ઝપકી (Nap) લેવી કોઈ ખોટી વાત નથી, કારણ કે તે મગજને ફરીથી સક્રિય કરે છે. મેદાંતા નોઈડાના શ્વસન અને સ્લીપ મેડિસિન વિભાગના ડૉ.ના જણાવ્યા અનુસાર, દિવસમાં 10 થી 30 મિનિટની નાની ઊંઘ અથવા ઝપકી લેવી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તે તમારી પ્રોડક્ટિવિટી અને એકાગ્રતાને ઘણી ગણી વધારી દે છે. જો તમે રાત્રે પૂરતી ઊંઘ લો છો છતાં પણ આખો દિવસ થાક લાગે છે, જાગવામાં તકલીફ પડે છે અથવા બપોરે લાંબી ઊંઘ લેવાની જરૂર પડે છે, તો તે સામાન્ય નથી. મોટી ઉંમરના લોકોમાં દિવસ દરમિયાન વારંવાર અને અસમયે ઊંઘ આવવી તે નબળા સ્વાસ્થ્ય અને જોખમની નિશાની હોઈ શકે છે. દિવસ દરમિયાન વધુ પડતી ઊંઘ આવવાનું એક મુખ્ય કારણ 'ઓબ્સ્ટ્રક્ટિવ સ્લીપ એપનિયા' હોઈ શકે છે. આ બીમારીમાં ઊંઘતી વખતે શ્વાસ લેવામાં વારંવાર અવરોધ આવે છે, જેના કારણે રાતની ઊંઘ અધૂરી રહે છે અને દિવસે ગમે ત્યારે ઊંઘ આવી જાય છે.

### ડ્યુઅલ-SIM યુઝર્સ માટે બેસ્ટ પ્લાન, ₹200થી ઓછી કિંમતમાં 28 દિવસ ચાલશે ફોન

જો તમે ફક્ત તમારા Jio નંબરને ભારે મોબાઈલ ડેટા વપરાશ વિના સક્રિય રાખવા માંગતા હોવ, તો મોંઘા માસિક રિચાર્જનો વિકલ્પ પસંદ કરવાની જરૂર નથી. રિલાયન્સ Jio ₹200 થી ઓછી કિંમતનો પ્રીપેડ પ્લાન ઓફર કરે છે, જે તેને સિમ પ્રવૃત્તિ જાળવવા માટે ખર્ચ-અસરકારક વિકલ્પ બનાવે છે. આ પ્લાન ખાસ કરીને એવા વપરાશકર્તાઓ માટે રચાયેલ છે જેઓ ઘરે અથવા ઓફિસમાં Wi-Fi પર આધાર રાખે છે અને ઓછામાં ઓછી મોબાઈલ ડેટા આવશ્યકતાઓ ધરાવે છે. તે 28 દિવસની માન્યતા, અમર્યાદિત વૉઈસ કૉલિંગ અને નાનો ડેટા ભથ્થું આપે છે. નોંધપાત્ર રીતે, આ પ્લાનની કિંમત ₹189 છે. Jioનો ₹189 પ્લાન 28 દિવસની માન્યતા સાથે આવે છે. આ સમયગાળા દરમિયાન, વપરાશકર્તાઓ દેશભરમાં કોઈપણ નેટવર્ક પર અમર્યાદિત વૉઈસ કૉલિંગનો આનંદ માણે છે. આ પ્લાનમાં 300 SMS સંદેશાઓ પણ સામેલ છે. ઈન્ટરનેટ વપરાશની વાત કરીએ તો, તે કુલ 2GB હાઈ-સ્પીડ ડેટા પ્રદાન કરે છે, જેનો ઉપયોગ 28-દિવસની માન્યતા સમયગાળા દરમિયાન કોઈપણ સમયે કરી શકાય છે. એકવાર 2GB મર્યાદા સમાપ્ત થઈ જાય, પછી ઈન્ટરનેટ ઍક્સેસ બંધ કરવામાં આવતી નથી; તેના બદલે, સ્પીડ ઘટીને 64Kbps થઈ જાય છે, જે મૂળભૂત મેસેજિંગ અથવા હળવા ઈન્ટરનેટ બ્રાઉઝિંગની મંજૂરી આપે છે. ₹189 ના પ્લાન સાથે, Jio તેના ઘણા ડિજિટલ પ્લેટફોર્મની ઍક્સેસ પણ પ્રદાન કરે છે, જેમાં JioTV, JioCinema અને JioCloudનો સમાવેશ થાય છે. વપરાશકર્તાઓ JioTV પર લાઈવ ટીવી ચેનલો જોઈ શકે છે, JioCinema પર સામગ્રીનો આનંદ માણી શકે છે.


# આજથી 24 જુલાઈ સુધી આ રૂટ પરથી પસાર થનારી ટ્રેનો રદ

શું તમને પણ એવું લાગે છે કે એકવાર ટ્રેનની કન્ફર્મ ટિકિટ મળી જાય, પછી માત્ર મુસાફરીના દિવસે સ્ટેશન પર પહોંચીને આરામથી મુસાફરી થાય છે? જો એમ હોય, તો આવી વિચારસરણી તમને ભારે પડી શકે છે, કારણ કે રેલવે ઘણીવાર જરૂરી કામકાજને લીધે ટ્રેન સંચાલનમાં ફેરફાર કરતી હોય છે.જો તમે આગામી દિવસોમાં ટ્રેન દ્વારા મુસાફરી કરવાનું આયોજન કરી રહ્યા હોય, તો કૃપા કરીને નોંધ લો કે સેન્ટ્રલ રેલવેના કરજત-લોનાવાલા ઘાટ સેક્શનમાં લેન્ડસ્લાઈડના કારણે હાલમાં ટ્રેક સમારકામની કામગીરી ચાલી રહી છે. પરિણામે, રેલવેએ કેટલીક ટ્રેનો રદ કરવાનો નિર્ણય લીધો છે. આજથી એટલે કે 19 જુલાઈથી 24 જુલાઈ સુધી ટ્રેન સેવાઓ પ્રભાવિત થશે.

### કઈ કઈ ટ્રેનો રેલ્વેએ કરી કેન્સલ?

| | | |
|---|---|---|
| ટ્રેન નંબર | 11028 | સતારા-દાદર 19, 20, 21 અને 25 જુલાઈના રોજ રદ રહેશે. |
| ટ્રેન નંબર | 22944 | ઈન્દોર-દૌંડ 19 થી 24 જુલાઈ દરમિયાન રદ રહેશે. |
| ટ્રેન નંબર | 11027 | દાદર-સતારા 19, 20 અને 24 જુલાઈના રોજ રદ રહેશે. |
| ટ્રેન નંબર | 20496 | હડપસર-જોધપુર 19 થી 24 જુલાઈ દરમિયાન દોડશે નહીં. |
| ટ્રેન નંબર | 20495 | જોધપુર-હડપસર 19 થી 24 જુલાઈ દરમિયાન દોડશે નહીં. |
| ટ્રેન નંબર | 22732 | છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ - હૈદરાબાદ 19 થી 24 જુલાઈ દરમિયાન દોડશે નહીં. |
| ટ્રેન નંબર | 22731 | હૈદરાબાદ–છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ 19 થી 24 જુલાઈ દરમિયાન દોડશે નહીં. |
| ટ્રેન નંબર | 22943 | દૌંડ–ઈન્દોર 19 થી 24 જુલાઈ દરમિયાન રદ રહેશે. |
| ટ્રેન નંબર | 22157 | છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (મુંબઈ)–ચેન્નાઈ સેન્ટ્રલ 19 થી 24 જુલાઈ દરમિયાન રદ કરવામાં આવી છે. |
| ટ્રેન નંબર | 11042 | શિરડી-દાદર 19, 22, 23 અને 24 જુલાઈના રોજ દોડશે નહીં. |
| ટ્રેન નંબર | 11041 | દાદર-શિરડી 19, 21, 22 અને 23 જુલાઈના રોજ દોડશે નહીં. |
| ટ્રેન નંબર | 22158 | ચેન્નાઈ સેન્ટ્રલ-છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ 19 થી 24 જુલાઈ દરમિયાન રદ રહેશે. |

**રેલવેએ મુસાફરોને સલાહ આપી છે કે સ્ટેશન પર પહોંચ્યા પછી કોઈ અગવડતા ન પડે તે માટે તેઓ સ્ટેશન માટે નીકળતા પહેલા ટ્રેનની તાજેતરની સ્થિતિ તપાસી લે. આ માટે તમે રેલવેના હેલ્પલાઈન નંબરનો પણ ઉપયોગ કરી શકો છો.**





# અમદાવાદના વસ્ત્રાલમાં ગેરકાયદે ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ : ૯ જણાંના મોત

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૧૮

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રામોલ-ગત્રાડ રોડ નજીક મહેમુદપુરામાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ વિસ્ફોટ બાદ આગની હૃદયદ્રાવક ઘટનામાં ૧૦ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. આ ઘટનામાં ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની પ્રાથમિક વિગતો પ્રાપ્ત થઈ છે. ઘાયલો ૯૦ ટકાથી વધુ દાઝ્યા હોવાથી મૃત્યુઆંક વધવાની સંભાવના છે. અમદાવાદના વસ્ત્રાલ રિંગ રોડ નજીક ખેતરમાં ઊભી કરાયેલી ફટાકડાની ફેક્ટરીમાં બપોરના સમયે એકાએક ધડાકો થયો હતો અને બાદમાં આગ લાગી હતી. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે બ્લાસ્ટનો અવાજ લગભગ પાંચ કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. ધૂમાડાના ગોટેગોટા કિલોમીટર સુધી જોવા મળતા અફરાતફરીનો માહોલ ઊભો થયો હતો.

ફેક્ટરીમાં ધડાકાને લીધે કામ કરતા મજૂરોના મૃતદેહો ૫૦ મીટર દૂર ક્ષતવિક્ષત હાલતમાં ફંગોળાયા હતા. રેપિડ એક્શન ફોર્સ (આરએએફ) કેમ્પની પાછળ આ ફેક્ટરી ધમધમી રહી હતી. પ્રાથમિક માહિતી મુજબ આ ફેક્ટરીનું લાઈસન્સ રદ થયું હોવા છતાં તેમાં ગેરકાયદે ફટાકડાનું ઉત્પાદન થઈ રહ્યું હતું. આ દુર્ઘટનાને પગલે અમદાવાદ શહેરના મેયર, મહાનગરપાલિકાના કમિશનર, પોલીસ સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

અમદાવાદમાં ફટાકડાની ફેક્ટરીમાં આગની દુર્ઘટના પ્રત્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૃત્યુ પામેલા લોકો પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું હતું અને તેમના પરિવારજનોને ઊંડી સાંત્વના પાઠવી હતી. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી. કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા મૃતકોના પરિવારને તથા ઘાયલોને આર્થિક સહાયની જાહેરાત કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડની પાંચથી વધુ ગાડીઓ, એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. અમદાવાદના મેયર હિતેશ બારોટ સહિત ફાયર વિભાગ અને પોલીસ અધિકારીઓએ સ્થળ પર પહોંચી બચાવ અને રાહત કામગીરીની સમીક્ષા કરી હતી.

આ ફેક્ટરી મેહુલ ડોડિયા નામનો યુવક ચલાવી રહ્યો હોવાનું જણાયું હતું. ફેક્ટરીનું લાઈસન્સ રદ કરાયું હોવા છતાં ખુલ્લા ખેતરમાં પતરા અને તાડપત્રી બાંધીને તથા ટેબલો ગોઠવીને ગેરકાયદે ફેક્ટરી ધમધમી રહી હતી. બપોરના સમયે ફેક્ટરીમાં કોઈ કારણથી બ્લાસ્ટ થયો હતો અને બાદમાં આગ લાગી હતી. પ્રચંડ બ્લાસ્ટનો અવાજ સાંભળીને ફાયરની ટીમ પહોંચે તે પહેલા નજીકમાં જ આરએએફ કેમ્પમાંથી જવાનો મદદ માટે દોડી આવ્યા હતા. તેમના જણાવ્યા મુજબ મૃતદેહો ૫૦ મીટર દૂર સુધી વિખરાયેલા પડ્યા હતા. ૧૫ જેટલા ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવીને એલ.જી. હોસ્પિટલ તથા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ફાયરના જવાનોએ સ્થળ પર પહોંચીને પાંચ જેટલા ફાયર ફાઈટર્સ દ્વારા આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

## સાણંદમાં છેડતીના બે આરોપીઓને પોલીસે ઝાડ સાથે બાંધી માર મારતા વિવાદ

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૧૮

સાણંદ પોલીસ મથકમાં છેડતીના બે શખ્સોની અટકાયત કરાયા બાદ તેમને પોલીસ દ્વારા ઝાડ સાથે દોરડા વડે બાંધીને દંડા વડે માર મારી તાલીબાની સજાને લઈને વિવાદ થયો છે. આ સમગ્ર ઘટનાના ફોટો અને વીડિયો વાયરલ થયા પોલીસ તંત્રમાં ભારે ચર્ચા જગાવી છે. પોલીસે કાયદાકીય જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાને બદલે આરોપીઓને પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ એક ઝાડ સાથે બાંધીને ઢોર માર માર્યો હતો. પોલીસની આ કથિત હરકતને લઈને ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ થોડા દિવસો અગાઉ સાણંદની એક યુવતી તેના મંગેતર સાથે પાણીપુરી ખાવા ગઈ હતી, ત્યારે આ બન્ને શખસોએ તેનો હાથ પકડીને જાહેરમાં ગેરવર્તન કર્યું હતું. આ અસામાજિક તત્ત્વો અગાઉ પણ પીડિતાનો પીછો કરીને તેને સતત દબાણ કરી હેરાન કરતા હતા. આખરે કંટાળીને યુવતીએ હિંમત દાખવી સાણંદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બન્નેને ઝડપી લીધા હતા.

જયારે પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં જ આરોપીઓને ઝાડ સાથે બાંધીને ફટકારવામાં આવી રહ્યા હતા, ત્યારે સાણંદ પોલીસ મથકના પીઆઈ જાતે જ સાદા કપડામાં ત્યાં હાજર હતા. પોલીસની આ બર્બરતા જોઈને ત્યાં હાજર લોકોએ આ દશ્યો મોબાઈલમાં કેદ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે બળજબરીપૂર્વક મોબાઈલ છીનવી લીધો હોવાની માહિતી મળી છે. જો કે, તેમ છતાં આ ઘટનાનો ફોટો સોશિયલ મીડિયા પર લીક થઈ ગયો હતો.

પોલીસ સ્ટેશનની અંદર જ માનવાધિકારના ધજાગરા ઉડાવતી આ ઘટના અંગે જ્યારે મીડિયા અને જાગૃત નાગરિકો દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા, ત્યારે જવાબદાર અધિકારીઓએ મૌન ધારણ કરી લીધું છે. બાદમાં સાણંદ પી.આઈ બી. ટી. ગોહિલે નિવેદન આપતા જણાવ્યું કે, આરોપીઓને પનિશમેન્ટ આપવામાં આવી છે. આ નિવેદનને લઈને પણ ભારે વિવાદ ઉઠ્યો હતો. આ અંગે ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, યુવક દ્વારા યુવતીની વારંવાર છેડતી કરવામાં આવતી હતી. જેનાથી કંટાળીને યુવતીએ આપઘાતનું અંતિમ પગલું ભરવાનું વિચાર્યું હતું. આ ઘટનાને પગલે સાણંદ પોલીસ દ્વારા કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.

## અમદાવાદ ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટની ઘટનામાં મુખ્ય આરોપી સહિત ૩ની અટકાયત

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૧૮

અમદાવાદલના મહેમુદપુરામાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં લાગેલી ભયાનક આગની ઘટનામાં પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. આ મામલે રામોલ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગેરકાયદે ફટાકડાની ફેક્ટરી ચલાવી રહેલા મુખ્ય આરોપી મેહુલ ડોડીયા સહિત કુલ ૩ વ્યક્તિઓને રાઉન્ડઅપ કરીને તેમની અટકાયત કરી લીધી છે. આરોપીઓ લાયસન્સ વગર કેટલા સમયથી આ ફેક્ટરી ચલાવી રહ્યા હતા અને આગની ઘટનામાં તેમની જવાબદારી મામલે કાયદાકીય ગાળિયો મજબૂત કરવા માટે રામોલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજ્ય સરકારે પણ આ ઘટનાને ગંભીરતાપૂર્વક લેતા ગાંધીનગરમાં તાત્કાલિક નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવની અધ્યક્ષતામાં રિવ્યૂ બેઠક બોલાવી છે. આ બેઠકમાં દુર્ઘટના અંગે વિગતવાર સમીક્ષા કરાશે અને ત્યારબાદ ઘટના અંગેની તમામ માહિતી રજૂ કરવામાં આવશે.

આ સમગ્ર મામલાની કડક તપાસ માટે ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલે જણાવ્યું હતું કે, આ વિસ્તાર રામોલમાં આવે છે અને આગળ જ આરએએફનું હેડક્વોર્ટર આવેલું છે. આ ઘટનાને પગલે તરત જ તમામ ટીમો ત્યાં પહોંચી ગઈ હતી. પોલીસ અને ફાયરની ટીમો દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું હતું. આ ઘટનામાં કુલ ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું તેમણે જણાવ્યું હતું. આ મામલે બેદરકારી બદલ આરોપીઓ વિરુદ્ધ મનુષ્ય વધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાંચ દ્વારા આ ઘટનામાં મુખ્ય આરોપી મેહુલ ડોડીયા સહિતના અન્ય જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ જમીન કોની છે તે અંગે પણ ઝીણવટભરી તપાસ જારી છે.

અમદાવાદ ફાયરના ચીફ ઓફિસર અમિત ડોંગરેએ આ સમગ્ર દુર્ઘટના અંગે જણાવ્યું કે, ફાયર કંટ્રોલ રૂમને આ બ્લાસ્ટ અને આગ અંગેનો મેસેજ મળતા જ તાત્કાલિક ફાયરની ટુકડીઓને ઘટનાસ્થળે રવાના કરી દેવામાં આવી હતી. અમારી ટીમોએ કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો છે. ફેક્ટરી પાસે ફાયરની એનઓસી છે કે નહીં તેની તપાસ કરાશે અને નિયમોના ઉલ્લંઘન બદલ કડક કાર્યવાહી થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

અમદાવાદ ફટાકડા ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટ મામલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગંભીર નોંધ લીધી છે. તેમણે જણાવ્યું કે, આ ઘટનાની તપાસ જોઈન્ટ પોલીસ કમિશનર કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવી રહી છે. જવાબદારી નક્કી કરવા માટે તંત્ર સક્રિય છે અને ફેક્ટરી સંચાલકના પરિવારજનોને પણ અટકાયતમાં લેવામાં આવ્યા છે. દોષિતો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે અને તંત્ર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. આ ઘટનામાં ફેક્ટરી માલિક મેહુલ ડોડિયાની અટકાયત કરી લેવામાં આવી છે.

## કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની માંગણી
## ફટાકડા ફેક્ટરી દુર્ઘટનામાં જવાબદારો સામે કાર્યવાહી કરો

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલા ભયાનક વિસ્ફોટ અને આગની ઘટનાને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. ચાવડાએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટ અને આગની ઘટનામાં અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યાના અને અનેક લોકો ઘાયલ થયાના સમાચાર અત્યંત દુઃખદ અને દુર્ભાગ્યપૂર્ણ છે. અમે તમામ મૃતકોના પવિત્ર આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ તથા તેમના પરિવારજનો પ્રત્યે હાર્દિક સંવેદના વ્યક્ત કરીએ છીએ. સાથે જ તમામ ઘાયલોને તાત્કાલિક અને શ્રેષ્ઠ સારવાર મળે તથા બચાવ અને રાહત કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેવી રાજ્ય સરકાર અને તંત્રને અપીલ કરીએ છીએ.

ચાવડાએ ઉમેરયું હતું કે, ગુજરાતમાં વારંવાર બનતી આવી દુર્ઘટનાઓ માત્ર અકસ્માત નથી, પરંતુ તંત્રની બેદરકારી, ભ્રષ્ટાચાર અને સત્તાધીશોની મિલીભગતનું પરિણામ છે. સુરતનો તક્ષશિલા અગ્નિકાંડ, મોરબી દુર્ઘટના, વડોદરાનો હરણી કાંડ, રાજકોટ અગ્નિકાંડ, તાજેતરમાં ડીસા અને કપડવંજની ફટાકડાની ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટો બાદ આજે અમદાવાદમાં બનેલી આ ઘટના સ્પષ્ટ કરે છે કે સલામતીના નિયમોના અમલમાં ગંભીર બેદરકારી રાખવામાં આવી રહી છે.

સમગ્ર ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ચાલતી ફેક્ટરીઓ, જોખમી એકમો અને અન્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓને ભ્રષ્ટાચારના કારણે છૂટ આપવામાં આવે છે, જેના કારણે નિર્દોષ લોકો જીવ ગુમાવે છે. આ ઘટનાના જવાબદાર તમામ અધિકારીઓ અને સંકળાયેલા લોકો સામે કડક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

તેમણે કહ્યું કે, સમગ્ર ગુજરાતમાં જ્યાં જ્યાં ફટાકડાની ફેક્ટરીઓ, જોખમી ઉદ્યોગો, ગેમ ઝોન અને આગ જેવી દુર્ઘટનાઓ સર્જાય તેવી શક્યતા ધરાવતા એકમોને મંજૂરી આપવામાં આવી હોય ત્યાં તાત્કાલિક વિશેષ ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવે અને સલામતીના તમામ નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી દુઃખદ ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શકાય.

## CM નો મહત્વનો નિર્ણય : વાજબી ભાવની દૂકાનના સંચાલકોનું કમિશન વધારાયું

પ્રતિનિધિ તરફથી,અમદાવાદ,તા.૧૮

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાજબી ભાવની દુકાન ચલાવતા હજારો સંચાલકોના હિતમાં એક મહત્વનો અને સરાહનીય નિર્ણય લીધો છે. લાંબા સમયથી સંચાલકો દ્વારા કમિશન વધારવાની કરવામાં આવેલી માંગણીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે તેમના કમિશનમાં સીધો વધારો કરવાની જાહેરાત કરી છે.

રાજ્ય સરકારના આ નિર્ણય મુજબ, વાજબી ભાવની દુકાનના સંચાલકોને મળતું કમિશન હવે પ્રતિ ક્વિન્ટલ દીઠ રૂપિયા ૧૫૦ થી વધારીને રૂપિયા ૧૮૫ કરવામાં આવ્યું છે. આમ, સંચાલકોના કમિશનમાં સીધો રૂપિયા ૩૫નો વધારો કરવામાં આવ્યો છે, જે તેમના આર્થિક ઉત્થાન માટે ખૂબ જ મહત્વનું પગલું છે. આ વધારાનો લાભ સંચાલકોને ૧ એપ્રિલ ૨૦૨૬ ની અસરથી મળશે. આ નિર્ણયથી રાજ્યના ૧૭,૦૦૦થી વધુ રેશનિંગની દુકાનના સંચાલકોને સીધો લાભ મળશે. આ સમગ્ર યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકારે ૬૭.૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. જેમાંથી રૂ. ૫૨.૬૧ કરોડ સામાન્ય શ્રેણી હેઠળ, રૂ. ૪.૧૧ કરોડ અનુસૂચિત જાતિ પેટાયોજના (SCSP) હેઠળ તેમજ રૂ. ૧૦.૪૮ કરોડ જનજાતિ પેટાયોજના (TASP ) હેઠળ ખર્ચવામાં આવશે.

## જૂનમાં મહિલા બેરોજગારી દર ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો

અમદાવાદ, તા.૧૮

રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા પિરિયોડિક લેબર ફોર્સ સર્વેના નવીનતમ માસિક બુલેટિન મુજબ, ભારતમાં મહિલા બેરોજગારી દર જૂનમાં વધીને ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે ૫.૯ ટકા થયો છે, જે મે મહિનામાં ૫.૬ ટકા હતો. લેબર ફોર્સ દ્વારા ડેટા સંગ્રહ માટે નવી પદ્ધતિ અપનાવવામાં આવી ત્યારથી આ સૌથી વધુ બેરોજગારી દર છે.છેલ્લા પાંચ મહિનામાંથી ચાર મહિનામાં મહિલા બેરોજગારી દરમાં વધારો થયો છે. ફેબ્રુઆરીમાં તે ૫.૧ ટકા હતો અને જૂનમાં વધીને ૫.૯ ટકા થયો છે. આ દર એપ્રિલ ૨૦૨૫ (વર્તમાન માસિક શ્રેણીનો પ્રથમ મહિનો) માં નોંધાયેલા ૫ ટકાના સ્તરથી ઘણો ઉપર છે. જૂન મહિનામાં ગ્રામીણ મહિલા બેરોજગારી દર પણ વધીને ૫ ટકાના નવા સિરીઝ ઉચ્ચ સ્તરે પહોંચ્યો, જે એપ્રિલ ૨૦૨૫ પછીનો સૌથી ઉચ્ચ સ્તર છે.

## કોરોનાકાળના વોરિયર્સ પાંચ વર્ષે પણ રજા
## વિવિધ ગુનામાં આવતાં ખોટા ઈ-ચલણ સામે વાહન ચાલક વાંધો રજૂ કરી શકશે

ગાંધીનગર, તા.૧૮

વાહનોને લગતા વિવિધ ગુનાના ભંગ બદલ ચલણ જારી કરવામાં આવે છે તે જે પ્રાદેશિક કે સહાયક વાહન વ્યવહાર કચેરી-આરટીઓના કાર્યક્ષેત્રમાંથી ઈસ્યૂ કરવામાં આવ્યા હોય તે કચેરીના વડા હોદ્દાની રૂએ ફરિયાદ નિવારણ સત્તાધિકારી (રીડ્રેસલ ઓથોરિટી) તરીકે નિયુક્ત કરવાનો વાહન વ્યવહાર વિભાગે નિર્ણય લીધો છે. રાજ્યમાં વાહન ખાતાના અધિકારીઓ માટે ઈ-ડિટેક્શન પદ્ધતિ અને ઈલેક્ટ્રોનિક એન્ફોર્સમેન્ટ પદ્ધતિથી કામગીરી માટે કેટલાક નિર્ણય લેવાયા છે. જેમાં જે તે કચેરી ખાતે ફરજ બજાવતા સહાયક પ્રાદેશિક આરટીઓ કે મોટર વાહન નિરીક્ષકને પણ વાહન વ્યવહાર કમિશનરની મંજૂરીથી રીડ્રેસલ ઓથોરિટીની કામગીરી કરવા સત્તા આપી શકાશે. ઈ-ચલણ મળ્યાના દોઢ મહિનામાં વાહન ચાલકે ચલણની રકમ ભરવી પડશે અથવા યોગ્ય દસ્તાવેજી પુરાવા સાથે ચલણ સામે વાંધો નોંધાવી શકાશે. જો રીડ્રેસલ ઓથોરિટી દ્વારા નિયત સમય મર્યાદામાં નિર્ણય ન આવે તો સત્તાધિકારી પુરાવા જોઈને યોગ્ય કારણો સાથે ચલણ રદ કરી શકશે. તેનો હુકમ પોર્ટલ ઉપર પણ મૂકવાનો રહેશે. જો વાહન ચાલકની અરજી નામંજૂર કરાય તો તે વ્યક્તિએ કોર્ટમાં અરજી કરતા પહેલા ચલણમાં દર્શાવેલી રકમના ૫૦ ટકા સરકારી ઈ-ચલણ પોર્ટલ ઉપર ઓનલાઈન ડિપોઝિટ કરવાની રહેશે. કોરોનાકાળ દરમિયાન કરાર આધારિત અને આઉટ સોર્સિંગથી ફરજ બજાવનારા વર્ગ ૩ અને વર્ગ ૪ના કર્મચારીઓ, આશાવર્કરો અને ફેસિલિટેટર બહેનોને કુલ ૧૩૦ દિવસનો રજા પગાર આજે પણ મળ્યો નથી. પીએમ નરેન્દ્ર મોદી દ્વારા પણ આવા કર્મીઓને કોરોના વોરિયર્સ કહીને પ્રશંસા કરાઇ હતી પરંતુ તે પછી પાંચ વર્ષે પણ તેમને મળનારા રજા પગાર આપવા બાબતે આરોગ્ય તંત્ર દ્વારા ઉપેક્ષા કરાઇ રહી છે. આ મામલે વિવિધ સંગઠનો દ્વારા જિલ્લામાં કલેક્ટરને આવેદનપત્ર આપીને રજૂઆત કરવાની શરૂઆત કરાઇ છે. કોરોનાકાળમાં રવિવારની રજા અને જાહેર રજા થઈને કુલ ૧૩૦ દિવસની કામગીરીનો પગાર કર્મીઓને મળવાપાત્ર થાય છે તે ચૂકવાઇ રહ્યો નથી. કાયમી ભરતી ન થતા આવા અનેક વર્ગ-૩ના કર્મીઓને હવે છૂટા પણ કરવામાં આવી રહ્યા છે. ગુજરાત જનતા જાગૃતિ મંચના અગ્રણી રજનીકાંત ભારતીયના જણાવ્યા મુજબ કેટલીક એજન્સીઓ આઉટ સોર્સિંગ કર્મીઓને પૂરા નાણાં ચૂકવી રહી નથી.

## ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં ચોમાસાની ગતિ ધીમી રહેતા વરસાદની ખેંચ વર્તાી રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૯૫ તાલુકાઓમાં મેઘમહર જોવા મળી હતી, પરંતુ એકંદર સ્થિતિ ચિંતાજનક છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સાત દિવસ સુધી રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદી માહોલ યથાવત્ રહેવાની શક્યતા છે.છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર પ્રમાણમાં સારું રહ્યું હતું. જેમાં વલસાડના કપરાડામાં સૌથી વધુ ૩.૭૦ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે ખેરગામમાં ૨.૧૭ ઈંચ, કામરેજમાં ૨.૧૩ ઈંચ, પેટલાદમાં ૨.૦૫ ઈંચ, સોજીત્રામાં ૧.૯૭ ઈંચ, ઘોઘંબામાં ૧.૭૭ ઈંચ, નાનાપોંઢામાં ૧.૪૬ ઈંચ, ભાવનગરમાં ૧.૪૨ ઈંચ, પલસાણામાં ૧.૪૨ ઈંચ, વાલિયામાં ૧.૧૮ ઈંચ, ધરમપુરમાં ૧.૦૬ ઈંચ, બારડોલીમાં ૦.૯૮ ઈંચ, સિનોરમાં ૦.૮૭ ઈંચ, બરવાળામાં ૦.૮૩ ઈંચ, પારડીમાં ૦.૭૯ ઈંચ વરસાદ વરસ્યો હતો.ચાલુ સીઝનમાં અત્યાર સુધીમાં ગુજરાતમાં સરેરાશ કરતાં ઘણો ઓછો વરસાદ પડ્યો છે. અત્યાર સુધી રાજ્યમાં માત્ર ૪.૬૦ ઈંચ વરસાદ નોંધાયો છે.

## રૂ. ૨.૬૦ કરોડ બેંક લોન કૌભાંડમાં આઈઓબીના પૂર્વ બ્રાન્ચ મેનેજર સહિત બેને ત્રણ વર્ષની જેલ

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૧૮

અમદાવાદ સ્થિત સીબીઆઈ કોર્ટે રૂ. ૨.૬૦ કરોડની લોન કૌભાંડમાં ઈન્ડિયન ઓવરસીઝ બેંકનાની હિંમતનગર શાખાના પૂર્વ બ્રાન્ચ મેનેજર સહિત બેને ત્રણ વર્ષની સજા ફટકારી છે. કોર્ટે હિંમતનગરની ઈન્ડિયન ઓવરસીઝ બેંકના પૂર્વ મેનેજર નીરજ કુમાર જૈન અને ખાનગી શખસ કેતનકુમાર મોહનલાલ પટેલને કુલ રૂ. ૧,૧૨,૬૦,૦૦૦નો દંડ કરતો ચુકાદો આપ્યો છે.

સીબીઆઈએ ૮ મે ૨૦૧૪ના રોજ હિંમતનગરની ઈન્ડિયન ઓવરસીઝ બેંકના બ્રાન્ચ મેનેજર નીરજ કુમાર જૈન અને અન્ય ૧૫ ખાનગી વ્યક્તિઓ વિરુદ્ધ આ કેસ નોંધ્યો હતો. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આરોપી નીરજ કુમાર જૈને ઓક્ટોબર, ૨૦૧૨થી સપ્ટેમ્બર, ૨૦૧૩ના ગાળા દરમિયાન આઈઓબીમાં મેનેજર તરીકે કામ કરતી વખતે, નિલેશકુમાર દયાભાઈ પટેલ અને કેતનકુમાર એમ. પટેલ તથા અન્ય ૧૩ લોન લેનારાઓ સાથે મળીને કાવતરું ઘડીને, ગ્રીનહાઉસ પ્રોજેક્ટ સ્થાપવાના મામલામાં નકલી દસ્તાવેજોને અસલી તરીકે ઉપયોગ કરીને ઈન્ડિયન ઓવરસીઝ બેંક સાથે રૂ. ૨.૬૦ કરોડની છેતરપિંડી કરી હતી. તત્કાલીન બ્રાન્ચ મેનેજર એવા આરોપી નીરજ કુમાર જૈને ઉપરોક્ત લોન મંજૂર અને વિતરિત કરીને પોતાના સત્તાવાર હોદ્દાનો પણ દુરુપયોગ કર્યો હતો.

તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી નીરજ જૈને ગ્રીનહાઉસ પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે વારંવાર ૧૪ એગ્રીકલ્ચરલ ટર્મ લોન મંજૂર અને વિતરિત કરી હતી. આરોપી નિલેશકુમાર દયાભાઈ પટેલ અને કેતનકુમાર એમ. પટેલે અનુક્રમે બે લોન અને બાર લોન માટે તેમના સંબંધીઓ અને પરિચિત વ્યક્તિઓના નામે અરજી કરી હતી અને દરેક લોન માટે રૂ. ૧૯ લાખ મંજૂર કરાવ્યા હતા.

તપાસ પૂર્ણ થયા બાદ, સીબીઆઈએ ૨૪ ડિસેમ્બર ૨૦૧૪ રોજ આરોપી તત્કાલીન બ્રાન્ચ મેનેજર નીરજ કુમાર જૈન અને ત્રણ ખાનગી વ્યક્તિઓ નિલેશ દયાભાઈ પટેલ (પ્રોપ. મેસર્સ રિયા ઈરિગેશન, મેસર્સ એન.ડી. એગ્રીકલ્ચર અને મેસર્સ માય ગ્લોબલ વિલેજ, સાબરકાંઠા), કેતન કુમાર મોહનલાલ પટેલ અને અવિનાશ યશવંતકુમાર પટેલ (પ્રોપ. મેસર્સ સાગર ડ્રિપ ઈરિગેશન, કિસાન એગ્રોમિલ સરકારી જીન રોડ, હિંમતનગર) વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. સીબીઆઈ કોર્ટે સુનાવણી બાદ ઉપરોક્ત બન્ને આરોપીઓને દોષિત ઠેરવીને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. અવિનાશ યશવંત કુમાર પટેલ વિરૂદ્ધના આરોપો સાબિત થઈ શક્યા ન હોવાથી તેને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરાયો છે. આરોપી નિલેશ દયાભાઈ ફરાર હોય તેની ટ્રાયલ અલગ કરવામાં આવી છે.